

સાઉથ આફ્રિકાના જ્યોર્જ શહેરમાં નિર્માણાધીન ઈમારત ધરાશાયી, 59 લોકો દટાયા, 10નું રેસ્ક્યૂ

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ઝારખંડ સરકારના મંત્રી સંજીલ લાલના નોકરના ઘરે ઈડીએ રેડ, રોકડા રૂ.35 કરોડ મળી આવ્યા

PAGE NO. 18

FRIDAY, 10 MAY, 2024 Vol. 21, No. 19 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# બ્રાઝિલમાં પૂર : 100નાં મોત, 14 લાખ લોકો અસરગ્રસ્ત

**રિયો ડી જાનેરો**

બ્રાઝિલ અત્યારે કુદરતી હોનારતથી ઝઝૂમી રહ્યું છે. બ્રાઝિલના દક્ષિણમાં આવેલું રિયો ગ્રેનેડ ડો સુલ રાજ્યમાં છેલ્લા એક અઠવાડિયાથી મૂશળધાર વરસાદને લીધે પૂર આવ્યું છે. આ પૂરને કારણે આશરે 100 લોકોનાં મોત થઈ ગયા છે. પૂરથી સાડા 14 લાખ લોકોને અસર થઈ છે. બે લાખ લોકોએ પોતાનું ઘર છોડવું પડ્યું છે. બ્રાઝિલની સિવિલ ડિફેન્સ એજન્સીના આંકડાઓ અનુસાર પૂર અને વરસાદને લીધે અત્યાર સુધી 99,800 ઘર આંશિક અથવા પૂર્ણ રૂપથી નાશ પામ્યા છે.

બ્રાઝિલના રિયો ગ્રેનેડ ડો સુલ રાજ્યમાં છેલ્લા 29 એપ્રિલથી અનરાધાર વરસાદ ખાબકી રહ્યો છે. જેથી રાજ્યના 497 શહેરમાંથી 414 પૂરથી ઝઝૂમી રહ્યા છે. આ રાજ્ય બ્રાઝિલના ખેતી અને પશુપાલન કરનારા ટોચનું રાજ્ય છે. આર્જેન્ટિના અને ઉરુગ્વેની સરહદ પર આવેલું આ રાજ્ય ભારે વરસાદ અને પૂરના પ્રકોપથી લડી રહ્યું છે. એક અનુમાન પ્રમાણે અત્યાર સુધીમાં વરસાદ અને પૂરથી આશરે 4.6 અબજ રિયાલનું આર્થિક નુકસાન થઈ ગયું છે. સર્જાયેલી આફતને કારણે સૌથી વધુ પ્રમાણમાં આવાસ અને મૂળભૂત માળખાને વધુ નુકસાન થયું છે. 130થી વધુ લોકો હજી પણ ગુમ હોવાનું સામે આવ્યું છે. હવામાન વિભાગની કચેરીએ હજી વરસાદની આગાહી કરી છે. જેથી સ્થિતિ વધુ વણસે તેવી શક્યતા છે. વરસાદને લીધે નદીઓ અને તળાવ સંપૂર્ણ ભરાઈ ગયા છે. આ ઉપરાંત પોર્ટો એલેગ્રે શહેર પૂરથી વધુ અસરગ્રસ્ત થઈ ચુક્યું છે.






## સેનેગલમાં બોઈંગ 737 રન-વે પરથી સરક્યું, 10 મુસાફરો ઘાયલ

### મોડી રાત્રે બમાકો જઈ રહેલા એરક્રાફ્ટમાં આગ લાગતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો

ડાકાર : સેનેગલની રાજધાની ડાકારના એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી હતી. બોઈંગ 737 પ્લેન રનવે પરથી લપસી ગયું હતું. વિમાનમાં સવાર 10 મુસાફરો ઘાયલ થયા છે. મળતી વિગતો મુજબ ટ્રાન્સએયર દ્વારા સંચાલિત એર સેનેગલ ફ્લાઈટ બુધવારે મોડી રાત્રે 79 મુસાફરો, બે પાઈલોટ અને ચાર કેબિન ક્રૂ સાથે પડોશી માલીના બમાકો તરફ જતી હતી. તે દરમિયાન 737 એરક્રાફ્ટ રનવે પરથી ઉતરી ગઈ હતી. સમગ્ર ઘટના અંગે વાહનવ્યવહાર મંત્રી જણાવ્યું હતું કે વિમાનમાં કુલ 85 લોકો સવાર હતા. વિમાનમાં 79 મુસાફરો, 2 પાઈલટ અને ચાર ક્રૂ મેમ્બર હતા. તે જ સમયે એરક્રાફ્ટ રનવે પરથી લપસી ગઈ હતી. જેને કારણે આગ લાગી લઈ હતી આ સાથે વિમાનમાં સવાર તમામ મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.



























# હિંસાનો ઉત્સવ એ સમાજનો હિસ્સો ન હોય શકે : ભારત

## કેનેડામાં પરેડ દરમિયાન ભારત વિરોધી નારેબાજી સામે નારાજગી, ટ્રુડોને જવાબદારીઓ નિર્ભિક રીતે નિભાવવા તાકીદ

**નવી દિલ્હી**

ભારત અને કેનેડા વચ્ચે સતત સબંધો વણસી રહ્યા છે. ભારતે કેનેડા સરકાર પર આરોપ લગાવ્યો છે કે, તે હિંસાનો ઉત્સવ મનાવી રહી છે અને તેનું મહિમામંડન કરવાની ખુલ્લી છૂટ આપી રાખી છે. પરેડ દરમિયાન ભારતવિરોધી નારેબાજી પર કેન્દ્ર સરકાર ભડકી છે. કેન્દ્ર સરકારે ટ્રૂડો સરકારને સ્પષ્ટ રીતે કહ્યું છે કે, તેઓ ગુનાહિત અને અલગતાવાદી તત્વોને કેનેડામાં ન ઘૂસવા દે. કેનેડાના ઓન્ટેરિયોના માલટનમાં ખાલિસ્તાન સમર્થકોની રવિવારની પરેડ બાદ મંગળવારે ભારત સરકારે પોતાનો સખત વિરોધ નોંધાવતા કહ્યું કે 'નગર કીર્તન' પરેડએ ખૂબ જ વિવાદાસ્પદ સ્વરૂપ ધારણ કરી લીધુ છે.

ગુનાહિત અને અલગતાવાદી તત્વોને કેનેડામાં રાજકીય આશ્રય અને સુરક્ષિત આશ્રય આપવામાં આવી રહ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રંધીર જયસ્વાલે કહ્યું કે ભારત હજુ પણ કેનેડામાં પોતાના ડિપ્લોમેટિક પ્રતિનિધિઓની સુરક્ષા અંગે ચિંતિત છે. ભારત કેનેડા પાસે જવાબદારીઓ ડર્યા વિના નિભાવે તેવી આશા રાખે છે. તેમણે કહ્યું કે, અમે વારંવાર કેનેડાના કટ્ટરપંથી તત્વોના પ્રદર્શનોમાં હિંસાની તસવીરો દેખાડવા અગે પોતાની ચિંતા વ્યક્ત કરી રહ્યા છીએ. તેઓ પોતાની શોભાયાત્રામાં આપણા પૂર્વ વડા પ્રધાનની હત્યાની ઝાંખી સજાવે છે.

ગત વર્ષે પણ એક શોભાયાત્રામાં તેમણે આવું જ કર્યું હતું. હિંસાનો ઉત્સવ અને તેનું મહિમામંડન કરવું કોઈ પણ સભ્ય સમાજનો હિસ્સો ન હોય શકે.

# ટોરોન્ટો નજીક બનેલો અદ્યતન બ્રિજ ટૂંક સમયમાં ખુલ્લો મુકાશે

### હજારો નવા રહેવાસીઓ અને અંદાજિત લાખો મુલાકાતીઓ માટે પુલ ઉપયોગી બનશે

**ટોરોન્ટો**

સોમવારે શહેરે પસંદ કરેલી ડિઝાઈનનું અનાવરણ કર્યા પછી ટોરોન્ટોના વોટરફ્રન્ટને ટૂંક સમયમાં નવો રાહદારી પુલ મળશે. ઈક્વિનોક્સ બ્રિજ ડિઝાઈન, એક સસ્પેન્ડેડ કમાન બ્રિજ, ટોરોન્ટોના આગામી વોટરફ્રન્ટ સમુદાય, વિલિયર્સ આઈલેન્ડ પર નવા આવાસ અને ગ્રીન સ્પેસ સાથે ડાઉનટાઉન અને ક્વેસાઈડ જેવા ઉભરતા પડોશને જોડશે. વોટરફ્રન્ટ ટોરોન્ટોના ચેર જેક વિનબર્ગે જણાવ્યું હતું કે, "ઈક્વિનોક્સ બ્રિજ અજાયબી અને શોધની નવી દુનિયાને માર્ગ પ્રદાન કરશે. તે 'વિલિયર્સ આઈલેન્ડ' પર હજારો નવા બજાર અને પરવડે તેવા ઘરો ખોલશે. ડાઉનટાઉન ટોરોન્ટોથી પોર્ટ લેન્ડ્સના કુદરતી સૌંદર્યની થોડી મિનિટોમાં એક લિંક બનાવશે, જ્યાં મુલાકાતીઓ અને રહેવાસીઓ એકસરખા નવા ઉદ્યાનોમાં આનંદ અને સુમેળ મેળવી શકશે. શહેરના પોર્ટ લેન્ડ્સ ડિસ્ટ્રિક્ટમાં બાંધવામાં આવનાર નવા બ્રિજની ડિઝાઈનમાં સિગ્નેચર એસ-આકારના સસ્પેન્ડેડ "કમાન બ્રિજ" દ્વારા દર્શાવવામાં આવ્યું છે, જે ફેનિંગ કેબલ્સની શિલ્પની શ્રેણી દ્વારા જોડાયેલો છે.

# સ્કારબોરો હનુમાન ટેકરી સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા ગુજરાત સ્થાપના દિનની ઉજવણી

### જયંતીભાઈ પટેલ અને સર્વે સભ્યોએ જય જય ગરવી ગુજરાત ગીત ગાયુ

**સ્કારબોરો**

શ્રી હનુમાન ટેકરી સિનિયર સિટીઝન ગ્રુપ બ્રામ્પ્ટન સ્કારબોરો દ્વારા ૧/૦૫/૨૦૨૪ને બુધવારના રોજ ગુજરાત રાજ્ય સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંગીતકાર ડો. જયેન્દ્ર નાયકે મધુર કંઠે કવિ નર્મદનું "જય જય ગરવી ગુજરાત" ગાયું હતું. ગ્રુપના આદ્ય સ્થાપક જયંતીભાઈ પટેલ અને સર્વે સભ્યો પણ આ સમૂહગાનમાં જોડાયા હતા. ગુજરાતની ભવ્ય ગાથાના સંસ્મરણોને યાદ કરીને ધન્યતા અનુભવી હતી.




SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com





- 100's of transactions and counting
- proudly serving GTA for over 17 years
- Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021

Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116, Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

- Pre- Construction
- Upgrading
- Downsizing
- First time home buyers
- Small businesses
- Investment Properties
- Leasing
- No obligation home evaluation
- Competitive listing commission

Call me for all your real estate needs





રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# ઑન્ટેરિયો પાસેની બાંધકામ સાઇટ્સ ઉપર માસિક ઉત્પાદનોની જરૂર પડશે




**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો સરકારને સોમવારે રજૂ કરવામાં આવનાર ઓમ્નિબસ બિલના ભાગરૂપે માસિક ઉત્પાદનો પ્રદાન કરવા પ્રાંતમાં મોટી બાંધકામ સાઈટ્સની જરૂર પડશે. શ્રમપ્રધાન ડેવિડ પિકિનીએ કહ્યું હતુ કે, જરૂરિયાત 20 અથવા વધુ કામદારોની સાઈટ્સ પર લાગુ થશે. જ્યાં બાંધકામ ઓછામાં ઓછા ત્રણ મહિના ચાલવાની અપેક્ષા છે. વર્કિંગ ફોર વર્કર્સ બિલ, સરકારી શ્રમ કાયદાની શ્રેણીનો પાંચમો હપ્તો, બાંધકામ સાઈટ્સ અને અન્ય કાર્યસ્થળો પર એમ્પ્લોયરોને પણ વોશરૂમ સ્વચ્છ રાખવા અને સફાઈના રેકોર્ડ જાળવવાની જરૂર પડશે. સોમવારે જારી કરાયેલા એક સમાચાર પ્રકાશનમાં સરકારે જણાવ્યું હતું કે કાયદો, જેને તેણે કેનેડામાં "તેના પ્રકારનો પ્રથમ" તરીકે વર્ણવ્યો છે, તે કુશળ વ્યવસાયોને મહિલાઓ માટે વધુ સુલભ બનાવશે અને કામ પર મહિલાઓને ટેકો આપશે.

સરકારનું કહેવું છે કે, અંદાજે 10માંથી એક બાંધકામ કામદાર મહિલા છે અને 2022ના ઑન્ટેરિયો બિલ્ડીંગ એન્ડ કન્સ્ટ્રક્શન ટ્રેડવોમેન સર્વે મુજબ અડધા ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે, બાંધકામને મહિલાઓને વધુ આકર્ષક બનાવવા માટે સાઈટ પર વધુ સારા શૌચાલયની જરૂર છે. વ્યવસાયિક આરોગ્ય અને સલામતી અધિનિયમની વર્કપ્લેસ હેરેસમેન્ટ અને વર્કપ્લેસ જાતીય સતામણીની વ્યાખ્યામાં "વર્ચ્યુઅલ હેરેસમેન્ટ"નો ઉમેરો પણ બિલમાં સામેલ છે. તેમજ, ખરડો સતામણીથી બચી ગયેલા લોકો, કાયદાકીય નિષ્ણાતો અને હિસ્સેદારો સાથે જોડાવાનું વચન આપે છે સરકારે પ્રાંતમાં "ખરાબ અભિનેતા" એમ્પ્લોયરો માટે મોટા દંડની જાહેરાત કરી અને વાઈલ્ડલેન્ડ અગ્નિશામકો માટે આરોગ્ય કવરેજ વિસ્તૃત કરવાની જાહેરાત કરી હતી. ફેમિલી ડોકટરો માટે પેપરવર્ક ઘટાડવા માટે ટૂંકી ગેરહાજરી પર કામદારો માટે માંદગી નોંધની જરૂરિયાતોને દૂર કરવા અંગે પણ નિર્ણય કરાશે તેવું ખરડામાં નોંધવામાં આવ્યું છે.









તંત્રી સ્થાનેથી

# ગુજરાતમાં મતદાન ઘટ્યું, કોંગ્રેસનો મદાર મહત્ત્વના ત્રણ પરિબળો ઉપર

ગુજરાતમાં લોકસભાની 25 બેઠકો માટે મંગળવારે મતદાન પ્રક્રિયા થઈ, નાની નાની ઘટનાઓને બાદ કરતા શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહ્યો. હવે સૌની નજર ભાજપ ગુજરાતમાં તમામ બેઠક અંકે કરે છે કે કેમ તે તરફ છે. મતગણતરી ચાર જૂને હોવાથી રાજકીય નેતા, કાર્યકરો અને પંડિતો પોતપોતાની રીતે કયાસ કાઢી રહ્યા છે. પરંતુ 2019ની સરખામણીમાં સરેરાશ મતદાન ચાર ટકા ઘટ્યું હોવાથી ભાજપ ચિંતામાં છે.



તંત્રી - સ્વદેશ

આમ તો ગુજરાતમાં ભાજપની સ્થિતિ અત્યંત મજબૂત અને કૉંગ્રેસ સાવ નબળી છે. તેથી ભાજપને બેઠકો જીતવામાં વધુ મુશ્કેલી નહીં પડે એવુ સામાન્ય ગણીત છે. પરંતુ આ ચૂંટણીમાં કેટલાંક પરિબળો ગુજરાતમાં મહત્ત્વનાં બની ગયાં છે. તેના કારણે કોંગ્રેસને ખાતુ ખુલવાની અને કેટલીક બેઠકો પર વિજય મળવાની આશા બંધાઈ છે. પહેલું પરિબળ જ્ઞાતિવાદી સમીકરણો છે, બીજું પરિબળ આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસનું જોડાણ છે અને ત્રીજું પરિબળ કૉંગ્રેસના કેટલાક ઉમેદવારોની વ્યક્તિગત તાકાત છે.

જ્ઞાતિવાદી સમીકરણોમાં સૌપ્રમથ પરસોત્તમ રૂપાલા સામે ક્ષત્રિયોનો રોષ અને બીજુ કૉંગ્રેસે સૌરાષ્ટ્ર-કચ્છમાં ખેલેલું પટેલ કાર્ડ અને ઉત્તર ગુજરાતમાં ખેલેલું ઠાકોર કાર્ડ છે. રૂપાલાએ કરેલા બફાટને કારણે 3 માસથી આંદોલન કરી રહેલા ક્ષત્રિય સમાજે છેલ્લે સુધી રૂપાલાને બદલવાની માગણી કરી, પરંતુ ભાજપે મચક આપી નહીં. તેથી ક્ષત્રિય સમાજે ભાજપ વિરુદ્ધ મતદાનની હાંકલ કરી હતી.

ભાજપે ક્ષત્રિય સમાજના કેટલાક આગેવાનોને સાધીને ક્ષત્રિયો ભાજપ સાથે જ છે એવી છાપ ઊભી કરવા પ્રયત્ન કર્યો પણ છતાં સફળતા ન મળી. જેને કારણે સુરેન્દ્રનગર, ભાવનગર, સાબરકાંઠા અને આણંદ બેઠકોના પરિણામ પર અસર થવાની સંભાવના છે. આ ચારેય બેઠક પર ક્ષત્રિયોના મતો નિર્ણાયક છે હવે કોંગ્રેસના ઉમેદવારની તાકાત અને ક્ષત્રીય સમાજના મત પરિણામ નક્કી કરશે. 2024માં કૉંગ્રેસે સૌરાષ્ટ્ર-કચ્છની બે લોકસભા બેઠક માટે પટેલ કાર્ડ ખેલ્યું છે. રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર બેઠક પર તેની અસર વર્તાય એવી સંભાવના છે. કૉંગ્રેસે ભાજપના પટેલો સામે પણ કડવા પટેલ જ્ઞાતિના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા હતા. આમ જાતિને આધારે મતોનું ધ્રુવીકરણ કરવા કોંગ્રેસે પ્રયાસ કર્યો છે. સૌથી ચર્ચાસ્પદ રાજકોટ બેઠક ઉપર ભાજપના રૂપાલા કડવા પાટીદાર છે જ્યારે સામે કૉંગ્રેસના પરેશ ધાનાણી લેઉઆ પાટીદાર છે. આ મત વિસ્તારમાં બહુમતી લેઉઆ પાટીદાર મતદારોની છે.

એ જ રીતે જામનગરમાં ભાજપે વર્તમાન સાંસદ પૂનમ માડમને સતત ત્રીજી વખત ટીકીટ આપી મેદાનમાં ઉતાર્યા હતા. પૂનમબેન માડમ આહિર છે. જ્યારે કૉંગ્રેસના ઉમેદવાર જે.પી. મારવિયા લેઉઆ પાટીદાર સમાજના છે. લેઉઆ પાટીદાર સમાજની સર્વોચ્ચ સંસ્થા મનાતા ખોડલધામના ચેરમેન નરેશ પટેલે એ માટે કૉંગ્રેસનો આભાર પણ માન્યો હતો. જુનાગઢમાં ભાજપના ઉમેદવાર કોળી છે, અને કૉંગ્રેસના ઉમેદવાર આહિર છે. સુરેન્દ્રનગર બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ચુંવાળીયા કોળી જ્ઞાતિના હોવાથી તળપદાં કોળી જ્ઞાતિને અન્યાય થયાની વાત વહેતી થયા પછી કૉંગ્રેસે તળપદા કોળી સમાજમાંથી ઉમેદવાર પસંદ કર્યા હતા. જ્ઞાતિનાં આ સમીકરણોને કારણે કોંગ્રેસને ચૂંટણીમાં લાભ થવાની આશા બંધાઈ છે. ઉત્તર ગુજરાતમાં પણ કૉંગ્રેસે પાટીદારોના વર્ચસ્વવાળી મહેસાણા બેઠક ઉપરથી ઠાકોર ઉમેદવારને ઉતાર્યા છે. તેના કારણે આ બેઠક પર ખાસ કોઈ રસાકસી નથી રહી. ભાજપ આ બેઠક સરળતાથી જીતી જાય તેમ છે. પરંતુ મહેસાણાના ઠાકોર ઉમેદવાર કૉંગ્રેસને પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા મત વિસ્તારમાં ફાયદો કરાવી શકે છે. કેમ કે, આ ત્રણેય બેઠકો પર ઠાકોર મતદારો નિર્ણાયક છે. તેથી કોંગ્રેસ ઠાકોર સમાજને પ્રાથમિકતા આપે છે તેવો મેસેજ વહેતો કરાયો હતો.

આ ઉપરાંત કૉંગ્રેસને આમ આદમી પાર્ટી સાથેનું જોડાણ પણ ફળશે એવી આશા છે. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ મોટાભાગની બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા તેમાં મત વહેચાયા અને કોંગ્રેસનું જબરદસ્ત ધોવાણ થયુ. ભાજપને તેનો જબરદસ્ત ફાયદો થયો અને 156 બેઠકો પણ કેસરિયો લહેરાયો. પરંતુ આ વખતે કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું જોડાણ હોવાથી મતમાં ભાગલા ન પડે તો ભાજપ સાથે સીધી ટક્કર થઈ છે. કૉંગ્રેસે આમ આદમી પાર્ટીને ભરુચ અને ભાવનગર એ બે બેઠકો આપી હતી. આ પૈકી ભરુચ બેઠક ભાજપ માટે સૌથી આકરી મનાય છે. ભરુચમાં ભાજપના સાંસદ મનસુખ વસાવા 2019માં 3,34,214 મતે જીત્યા હતા. આ પહેલાં તેઓ પાંચ વાર સાંસદ તરીકે ચૂંટાયા હતા. મનસુખ વસાવા મૂળ કૉંગ્રેસી છે પણ ભાજપમાં આવ્યા પછી ભાજપે તેમને ચંદુભાઈ દેશમુખના નિધનના કારણે ખાલી પડેલી ભરુચ બેઠક પરથી પેટાચૂંટણીમાં લડાવી હતી. ચંદુભાઈ દેશમુખે કૉંગ્રેસના દિગ્ગજ અહમદ પટેલને બે વાર હરાવીને આ બેઠક ભાજપને ધરી હતી. તેથી 1989થી આ બેઠક પર ભાજપનો કબજો છે. મનસુખ વસાવા લાંબા સમયથી સતત ભાજપ વિરોધી નિવેદનો આપ્યા કરે છે. ગુજરાતમાં ભાજપ સરકાર સામે પણ બળાપો કાઢ્યા કરે છે. આ કારણે મનસુખ વસાસાનું પત્તું કપાશે એ નક્કી મનાતું હતું છતાં ભાજપે વસાવાને રીપિટ કરવા પડ્યા છે. ભાજપની મજબૂરીનું કારણ ચૈતર વસાવા છે. કારણ કે, ગુજરાત વિધાનસભાની 2022ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની ટિકિટ ઉપર તેઓ ડેડિયાપાડામાં 40 હજાર કરતાં વધારે મતની સરસાઈથી જીત્યા હતા. ચૈતર વસાવા યુવાન હોવા ઉપરાંત સ્થાનિકો પ્રશ્નોને વાચા આપતા રહે છે. ચૈતર વસાવાએ આ વિસ્તારમાં ચારેક વર્ષથી ભાજપની ઉંઘ હરામ કરી દીધી છે. ભાજપે તેની સામે ગુનાઓ નોંધાવીને ગભરાવવા પ્રયાસ કર્યો પરંતુ સફળતા મળી નહી. ભરુચ બેઠક પર 40 ટકા મુસ્લિમ મતદારો નિર્ણાયક છે. ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર ચૈતરની તરફેણમાં તેમનું મતદાન આ બેઠક પર પરિણામ બદલી શકે છે. આ ઉપરાંત ભાવનગરમાં કોળી ધારાસભ્ય ઉમેશ મકવાણા પણ ભાજપને ફીણ પડાવી શકે છે. ભાવનગરમાં ક્ષત્રિય મતદારો નિર્ણાયક છે એ સંજોગોમાં કોળી અને ક્ષત્રિય મતદારો એક થઈને કૉંગ્રેસને મત આપે તો ભાજપને ભારે પડી શકે. આ સિવાય બનાસકાંઠામાં ગેનીબેન ઠાકોર, આણંદમાં અમિત ચાવડા અને સાબરકાંઠામાં તુષાર ચૌધરી જેવા નેતાઓની વ્યક્તિગત પ્રતિષ્ઠા પણ ફાયદો કરાવશે એવી કૉંગ્રેસની ગણતરી છે. ગેનીબહેનને કૉંગ્રેસે ટિકિટ આપી તેના એક મહિના પહેલાંથી જ પ્રચાર ચાલુ કરી દીધો હતો. ભાજપની લહેરમાં પણ ધારાસભામાં ચૂંટાઈ આવેલાં ગેનીબેનની છાપ સારી છે. ગેનીબહેન ઠાકોર બનાસની બહેન ગેનીબહેન સૂત્ર દ્વારા મતદાનના દિવસ સુધી છવાયેલાં રહ્યા. અમિત ચાવડા અને તુષાર ચૌધરી કસાયેલા ખેલાડીઓ છે તેથી તેની જીતની અપેક્ષા કૉંગ્રેસ રાખે તેમાં કશું ખોટું નથી.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# દીકરાએ કેનેડા જઈને સંબંધો તોડી નાંખતાં દંપતીનો આપઘાત, હૃદયદ્રાવક નોંધ સાથે સ્યૂસાઈડ નોટ છોડી

## પિતાએ પિયુષનું 40 લાખનું દેવું ચૂકવી દીધું હતું છતાં તે માતા-પિતાને મદદ કરતો ન હતો

**સુરત**

સુરતના એક દીકરાએ કેનેડા સેટલ્ડ થઈ ગયા બાદ માતાપિતા સાથે સંબંધ તોડી નાંખતા હતાશ થયેલા માતાપિતાએ આત્મહત્યા કરીને મોત વ્હાલું કર્યું છે.

મૂળ સાવરકુંડલાના વતની અને સરથાણા મીરા એવન્યુ ખાતે રહેતા 66 વર્ષીય ચુનીભાઈ ગેડીયા અને તેમના 64 વર્ષીય પત્ની મુક્તાબેને એક સાથે પંખા સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું.

આ ઘટના બે દિવસ પહેલાની છે. બન્યું એમ હતું કે, ચુનીભાઈના નાના પુત્ર પિયુષને 2 વર્ષ પહેલા ફાયનાન્સના ધંધામાં નુકસાન થતા 40 લાખનું દેવુ થયુ હતું. ચુનીભાઈએ સંબંધીઓ પાસેથી નાણા લાવીને પિયુષનું દેવું ચૂકવ્યું હતું. બાદમાં પિયુષ કેનેડા જઈ ત્યાંજ સ્થાઈ ગયો. જોકે પિતાએ લોકો પાસેથી રૂપિયા લાવીને દેવુ ચૂકવ્યા છતા પિયુષ કેનેડાથી કોઈ મદદ કરતો ન હતો તેમજ તેમને પુછતો પણ ન હતો. પુત્ર માટે દેવું કરી રૂપિયા લાવ્યા હતા અને પુત્રએ જ મોઢું ફેરવી લેતા વૃદ્ધ દંપતીએ માટે આ આઘાત સહન કરી શકાય તેમ ન હતો. ચુનીભાઈ ગેડિયાએ પોતાના પુત્ર પિયુષને દેવું ચૂકવ્યુ હતું અને તેને કેનેડા મોકલ્યો હતો. આ તમામમાં ૩૮ લાખનો ખર્ચો થયો હતો. પરંતું કેનેડા જઈને પુત્રએ મોઢું ફેરવી લીધું દેવું પણ ચૂક્યું નહીં. એટલું જ નહીં પિતા સાથેના તમામ સંબંધો પણ કાપી નાંખ્યા હતા. આ દરમિયાનમાં પુત્ર એક વખત સુરત આવ્યો તો પણ પિતાને મળવા આવ્યો ન હતો. આખરે પિતાને લાગી આવતા આપઘાત કરી લીધો હતો. સમગ્ર બાબતે સરથાણા પોલીસે તપાસ શરૂ

# સીઆઈડી દ્વારા ભરૂચ પાસેથી પાકિસ્તાની જાસૂસની ધરપકડ

## આરોપી ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલતો હતો

**ભરૂચ**

ભરૂચમાં સીઆઈડીને મોટી સફળતા મળી છે. પાકિસ્તાની જાસૂસ પ્રવીણકુમાર મિશ્રાને સીઆઈડીએ ધરપકડ કરી છે. સીઆઈડી ક્રાઈમના છઢ્યૂઁ રાજ કુમાર પાંડિયએ જણાવ્યું કે, આર્મી ઈન્ટેલિજન્ટના માહિતીના આધારે સર્વલેન્સ કરવામાં આવ્યું હતું. આરોપીનો મોબાઈલ ચેક કરતા પાકિસ્તાન આઈએસઆઈ હેન્ડલર સાથે સંપર્ક હતો. સોનલ ગર્લ નામથી હેન્ડલરનું નામ ખુલ્યું છે. આ મહિલાએ પ્રવિણને હનીટ્રેમા ફસાવ્યો હતો. ફેસબુક મારફતે મિત્રતા કરી હતી. ભારતની ગુપ્ત માહિતી મેળવી પાકિસ્તાન મોકલતો હતો. પ્રવિણ મિશ્રા એન્જીનીયર હતો અને પ્રવિણ હૈદરાબાદમાં એક સંસ્થામાં નોકરી કરતો હતો થોડા દિવસ અગાઉ ગુજરાત સીઆઈડીએ પાકિસ્તાન માટે જાસૂસી કરી રહેલા મોહમ્મદ સકલીનની ધરપકડ કરી હતી. જામનગરના રહેવાસી મહંમદ સકલેને સીમકાર્ડ ખરીદીને ભારતીય નંબર પર વોટ્સએપ એક્ટિવ કરી દીધું હતું. તે વોટ્સએપ નંબરથી જમ્મુ-કાશ્મીરમાં સેનાની જાસૂસી કરતો હતો.

# સુરતમાં નશાના સોદાગરો સકંજામાં, 1 કરોડના ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ

**સુરત**

સુરતમાં ડ્રગ્સના દુષણને દૂર કરવામાં પોલીસને વધુ એક સફળતા મળી છે.29 એપ્રિલના રોજ લાલગેટ વિસ્તારમાંથી પોલીસે 1 કરોડના ડ્રગ્સને ઝડપી પાડ્યું હતું.જો કે હવે પોલીસે આ ડ્રગ્સની હેરાફેરી કરતા 6 આરોપીઓને ઝડપી લેતા વધુ એક મોટી સફળતા મળી છે. 29 એપ્રિલના આ CCTV દ્રશ્યો સુરતના લાલગેટ વિસ્તારના છે.જ્યાં પોલીસના અધિકારીઓએ ફિલ્મી ઢબે 1 કરોડના ડ્રગ્સની હેરાફેરી કરતા 2 શખ્સોને ઝડપી પાડવા પાછળ દોડી રહી છે.29 એપ્રિલે પોલીસે 1 કરોડનું ડ્રગ્સ તો ઝડપી પાડ્યું પરંતુ તે દિવસે આરોપીઓ નાસી છુટ્યા હતા.જો કે પોલીસે ડ્રગ્સના સોદાગરોને ઝડપી પાડવા વધુ પ્રયાસ કર્યા.જેમાં 6 મેના રોજ પોલીસે મુખ્ય આરોપીને ઉત્તર પ્રદેશના બારાબંકીથી ઝડપી પાડવામાં સફળતા મળી હતી. તેની પૂછપરછમાં અન્ય 5 આરોપીને પણ ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં મોહમ્મદ કાસીફ, આસીફ ઉર્ફે બાવા અફાક અહેમદ ખાન, ઈમરાન ઈમ્તિયાઝ ખાન, ફયાઝઅલી સૈયદઅલી

તથા મોહમ્મદ સાહીદ જમાલ ઈકબાલ ખાન તેમજ મન્સુર ઉસ્માન મલેકનો સમાવેશ થાય છે.

ડ્રગ્સના આરોપમાં ઝડપાયેલા આ આરોપીઓ પોલીસ રડારમાંથી નીકળી ન જાય તે માટે પોલીસે અલગ અલગ ટીમો બનાવી હતી. જે પૈકી એક ટીમે 6 મેના રોજ આ ગુનાના મુખ્ય આરોપી મોહમ્મદ કાસીફનો 1800 કિ.મી. પિછો કરી ઉત્તરપ્રદેશના બારાબાંકી ખાતેથી ઝડપી પાડ્યો હતો.

# સુરતના કઠોરના કટ્ટરવાદી મૌલવીની NIA અને IBએ પુછપરછ શરૂ કરી

## મૌલવી છેલ્લા દોઢ વર્ષની પાકિસ્તાન અને નેપાળ સાથે સંપર્કમાં હતો

**સુરત**

હિન્દુ નેતાઓને મારી નાખવા ધમકી આપનાર કઠોરના કટ્ટરવાદી મૌલવીની એનઆઈએ અને આઈબીએ પુછપરછ શરૂ કરી છે.તેની સાથે કોણ કોણ સામેલ છે તે દિશામાં વિવિધ એજન્સીઓ તપાસ કરી રહી છે.ઉપરાંત, ક્રાઈમ બ્રાન્ચે મૌલવીને સાથે રાખી કઠોર તેના ઘરે જઈ સર્ચ કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ સુરતમાં રહેતા સનાતન સંઘના અધ્યક્ષને મારી નાખવાની ધમકી આપનાર તેમજ દેશના અન્ય હિન્દુ નેતાઓને મારી નાખવા પાકિસ્તાન અને નેપાળના બે વ્યક્તિ સાથે વર્ચ્યુઅલ નંબર મારફતે સંપર્કમાં રહી કાવતરું ઘડનાર કામરેજના કઠોર ગામના કટ્ટરવાદી મૌલવીને સુરત ક્રાઈમ બ્રાન્ચે ભરીમાતા ફૂલવાડી રોડ ખાતેથી ઝડપી લીધો હતો. મૌલવી છેલ્લા દોઢ વર્ષથી પાકિસ્તાન અને નેપાળના બે વ્યક્તિ ઉપરાંત અન્ય લોકો સાથે સંપર્કમાં રહી ભારતના રાષ્ટ્રધ્વજ, હિન્દુ ધર્મ અને દેવીદેવતાઓ અંગે અભદ્ર ટીપ્પણી કરી કટ્ટરવાદી વિચારધારાને ફેલાવતો હતો.ક્રાઈમ બ્રાન્ચે તેના 10 દિવસના રિમાન્ડ મેળવી વધુ પુછપરછ હાથ ધરી હતી.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નંઃ ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH
840 Markham Road
416-438-0544

BRAMPTON
90 Eastern Ave Unit 20B
905-799-0013

THORNHILL
1470 Centre Street Unit 13
905-597-5777

PICKERING
512 KINGSTON RD. UNIT 2,
905-839-3277

# નીટની પરીક્ષામાં કૌભાંડનો ખુલાસો : ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડેન્ટની ગાડીમાંથી ૭ લાખ મળ્યા

## વિદ્યાર્થી દીઠ 10 લાખ લઈ પરીક્ષામાં ચોરી કરાવી પાસ કરવાની ડીલ થઈ હતી

**ગોધરા**

કલેક્ટરને મળેલી બાતમીના આધારે નીટની પરીક્ષા કેન્દ્ર ઉપર જિલ્લા અધિક કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીની તપાસ ટીમો દ્વારા તપાસ કરાતા પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેન્ડેન્ટની ગાડીમાંથી રૂ. ૭ લાખ રોકડા મળી આવ્યા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપરિન્ટેન્ડન્ટના મોબાઈલમાંથી વ્હોટ્સએપ ચેટમાં કુલ છ વિદ્યાર્થીઓને ચોરી કરાવી. એક વિદ્યાર્થી દીઠ દસ લાખ રૂપિયા લેવાનું નક્કી થયા હોવાનું પણ સામે આવ્યું હતું. ગોધરા તાલુકા પોલીસમથકે ફરિયાદ નોંધાયા બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા કિરીટ મણીલાલ પટેલે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત ૫ મેના રોજ તેઓને સૂચના મળી હતી કે, ગોધરાના પરવડી ચોકડી પાસે આવેલી જય જલારામ સ્કૂલમાં ન્ટઈઈની પરીક્ષા લેવાની છે, આ પરીક્ષામાં તુષાર ભટ્ટ નામનો ઈસમ ગેરરીતિ આચરનાર છે, જેના આધારે જિલ્લા શિક્ષણાધિકારી તેઓની ટીમ સાથે સવારે ૧૦ કલાકે પરવડી ખાતે આવેલી જય જલારામ સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં પ્રિન્સિપાલ ચેમ્બરમાં શાળાનો સ્ટાફ હાજર હતો. જ્યાં તમામ વ્યક્તિઓની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં તુષાર ભટ્ટ નામનો વ્યક્તિ પણ હાજર હતો.

# કેનેડામાં વિઝાના નામે શિક્ષક પાસે 16 લાખ પડાવી ઠગ ફરાર

**વડોદરા**

વડોદરાના એક શિક્ષક સાથે કેનેડામાં વિઝા અપાવવાના નામે ઠગાઈ થતાં આઈ સ્કવેર ઈન્ટરનેશનલ નામના એજન્ટના ત્રણ સંચાલક સામે ગુનો નોંધાયો છે. ગોરવાના પરિશ્રમ પાર્કમાં રહેતા નરેન્દ્રભાઈ મહારે કહ્યું છે કે,સોશ્યલ મીડિયા પર ભૂમિ પુરોહિતની કેનેડા માટેની જાહેરાત જોઈ તેનો સંપર્ક કરતાં વાતચીત થઈ હતી.ભૂમિ અને તેના ભાઈ અંકિત પુરોહિતે તેઓ અમદાવાદ અને વડોદરામાં કામ કરતા હોવાની વાત કરી હતી.તેમણે રૂ.૨૩ લાખ નક્કી કર્યા હતા અને તે પૈકી મેં કુલ રૂ.૧૬.૪૯ લાખ ચૂકવ્યા હતા. બંને ભાઈ બહેને જુદીજુદી જગ્યાએ બોલાવી વાતચીત કરી હતી. પરંતુ પ્રોસેસ કરી નહતી.તેમની સાથે અમદાવાદમાં ઓફિસ ધરાવતા સોહમ પટેલે પણ મુલાકાત કરી હતીઅને તેણે રૂપિયા આપશો તો જ વકીલ પાસપોર્ટ પ્રિન્ટિંગ માટે મોકલશે તેમ કહી રૂપિયા પડાવ્યા હતા.પરંતુ રૂપિયા લીધા પછી પણ કોઈ કાર્યવાહી કરી નહતી અને ઓફિસ બંધ કરી દીધી છે. ગોત્રી પોલીસે ભૂમિ અજીતભાઈ પુરોહિત, અંકિત અજીતભાઈ પુરોહિત (બંને રહે.ઈશાનિયા ફ્લોરેન્ઝા, ઉંડેરા રોડ, વડોદરા) અને સોહમ પ્રફુલ્લભાઈ પટેલ(સારથી એપાર્ટમેન્ટ, સર્વોદય સ્કૂલ પાસે કે કે નગર, અમદાવાદ) સામે ગુનો નોંધ્યો છે.

# વડોદરામાં પેટ્રોલ ભરેલા રેલવેના વેગનમાં આગ, 1 વ્યક્તિ ભડથું




વડોદરા : નવા યાર્ડ વિસ્તારમાં પેટ્રોલના વેગનમાં આગ લાગતા એક વ્યક્તિ ભડથું થઈ ગઈ હતી. વડોદરા ફાયર બ્રિગેડને વહેલી સવારે 6 વાગ્યાના અરસામાં પંડ્યા બ્રિજ પાસે પેટ્રોલના એક બેગનમાં આગ લાગી હોવાનો કોલ મળતા ચાર ફાયર એન્જિન સાથે ટીમો પહોંચી હતી. ફાયર બ્રિગેડે તાત્કાલિક પાવર સપ્લાય બંધ કરાવી આગ કાબુમાં લીધી હતી અને વધુ નુકસાન થતા અટકાવ્યું હતું. આ વખતે ટ્રેક પર એક વ્યક્તિનો સળગી ગયેલો મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

# ભારતની ચૂંટણી પ્રક્રિયાને સમજવા 6 દેશોના પ્રતિનિધિઓએ ખેડા પંથકની મુલાકાત લીધી

## ધોળકાના ડિસ્પેચિંગ સેન્ટર ખાતે ચૂંટણી પ્રક્રિયા નિહાળી ચૂંટણીલક્ષી માહિતી મેળવી

**નડિયાદ**



વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારતની ચૂંટણી પ્રક્રિયાને સમજવા અને નીહાળવા માટે છ દેશોના પ્રતિનિધિઓ ગુજરાતના મહેમાન બન્યા છે. આ વિદેશી ડેલિગેટ્સે ધોળકા ખાતે આવેલા ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લઈને ચૂંટણી પ્રક્રિયા સહિત ચૂંટણી લક્ષી જાણકારી મેળવી હતી. રશિયા, મડાગાસ્કર, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, ફીજી અને કિર્ગીઝ રિપબ્લિકના પ્રતિનિધિઓએ મતદાનના આગળના દિવસે તા.૬ મે ના રોજ ૧૭-ખેડા સંસદીય મતવિસ્તારની ૫૮-ધોળકા વિધાનસભા બેઠકની મુલાકાત લીધી હતી. વિદેશી ડેલિગેટ્સે ધોળકાની સી.વી.મિસ્ત્રી સ્કૂલના ડિસ્પેચિંગ સેન્ટર સહિતના વિવિધ ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લઈ મતદાન પ્રક્રિયા, ઈવીએમ, મતદાનથી લઈ મતગણતરી સુધીની તમામ પ્રક્રિયાની જાણકારી મેળવી હતી. તેમજ સેન્ટર પર ઉપસ્થિત લાયઝન અધિકારીઓ સાથે વ્યવસ્થાપન સહિતની બાબતે સંવાદ સાધ્યો હતો.

# નડિયાદમાં સગી દીકરી પર દુષ્કર્મ આચરવાના કેસમાં પિતાને આજીવન કેદની સજા ફટકારાઈ

## આરોપી વિવિધ ગુનાઓમાં સંડોવાયેલો છે, પીડિતાને વળતર પેટે 4 લાખ ચૂકવવા હુકમ

**નડિયાદ**

મહેમદાવાદ તાલુકાના વાંઠવાડીમાં રહેતો અને વિવિધ ગુનાઓમાં સંડોવાયેલો ક્રિમિનલ માઈન્ડ ધરાવતા શખ્સે બે વર્ષ અગાઉ પોતાની સગી દીકરી પર દુષ્કર્મ આચર્યું હતું. આ કેસમાં નડિયાદના ત્રીજા જોઈન્ટ ડિસ્ટ્રીક્ટ અને સ્પે.જજ (પોકસો)ની કોર્ટે આરોપી પિતાને દોષિત ઠેરવી આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.

મળતી વિગતો મુજબ મહેમદાવાદ તાલુકામાં આવેલા વાંઠવાડીમાં રહેતો મનુભાઈ (નામ બદલ્યું છે) પોતાની સગી દીકરીને તેણીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી તા.૨૩ મે ૨૦૨૨ના રોજ દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે દીકરીએ પોતાના પિતા વિરૂદ્ધ મહેમદાવાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો દાખલ કર્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર તાલુકામાં તે સમયે ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે આરોપીની ધરપકડ કર્યા બાદ નડિયાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ નડિયાદના ત્રીજા જોઈન્ટ ડિસ્ટ્રીક્ટ અને સ્પે. જજ (પોકસો) એસ.પી.રાહતકરની કોર્ટમાં ચાલી જતા જિલ્લા સરકારી વકીલની દલીલો, દસ્તાવેજી પુરાવાઓ વગેરે ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીને કુદરતી બાકી જીવન સુધીની એટલે કે આજીવન કેદની સજા ફટકારી અને રૂ.૫૧,૦૦૦ દંડનો હુકમ કરતો ચુકાદો આપ્યો છે. આ કેસમાં ભોગ બનનારને દંડની રકમમાંથી રૂ.૪,૦૦,૦૦૦ વળતર પેટે ચૂકવી આપવા હુકમ કરવામાં આવેલો છે.

# મહેસાણા ભાજપની મહિલા નેતા પાસે બિભત્સ માંગણી કેસમાં ફરિયાદ નોંધાઈ

## ગઠિયાએ 33 બીભત્સ વીડિયો અપલોડ કરી દીધા હતા

**મહેસાણા**

મહેસાણામાં ભાજપની મહિલા નેતા સાથે બનેલી ઘટનાએ રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. મહિલા નેતા ધારાસભ્ય કાર્યાલય પર બેઠા હતા અને ત્યારે મહિલાને ફોન આવ્યો હતો. અજાણ્યા નંબર પરથી આવેલા ફોન પર શખ્સે મહિલા નેતા પાસેથી બિભત્સ માંગણી કરી હતી. શખ્સે ફોન પર શારીરિક સંબંધ બાંધવાની માંગણી કરતા મહિલા નેતા ચોંકી ગઈ હતી. બીજી તરફ, આ શખ્સે મહિલાના નેતાના પતિને પણ ફોન કર્યો હતો. તેણે કહ્યું કે, મહિલાને મારી સાથે મોકલો તો જિલ્લા પ્રમુખ બનાવી દઉં. મહિલા નેતાએ પતિ સાથે પોલીસ મથકે પહોંચી ફરિયાદ આપી હતી. અજાણ્યા મોબાઈલ નંબર ધારકના ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. મહેસાણા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ફેસબુક પર બનાવેલા ઓફિશિયલ એકાઉન્ટ સાયબર ક્રાઈમનો ભોગ બન્યું છે હોવાની ફરિયાદ સામે આવી છે. ગઠિયાએ ફેસબુક એકાઉન્ટ હેક કરી 7 દિવસમાં ૩૩ જેટલા બીભત્સ વીડિયો અપલોડ કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# હરણી તળાવ બોટ દુર્ઘટનામાં 4 આરોપીને HCએ આપ્યા જામીન

**વડોદરા**

વડોદરાના હરણી તળાવમાં બોટ દુર્ઘટનાના હરણી બોટ દુર્ઘટનાના 4 આરોપીને હાઈકોર્ટમાંથી જામીન મળ્યા છે. જેમાં આ ચારેય મહિલા કોટિયા પ્રોજેક્ટમાં ભાગીદાર છે. હરણી તળાવમાં બોટ દુર્ઘટનામાં 12 બાળકો અને 2 શિક્ષકો સહિત કુલ 14 લોકોના મોત થયા હતા. આ કેસમાં ચાર મહિલા આરોપીઓ તેજલ દોશી, નેહા દોશી, નૂતન શાહ અને વૈશાખી શાહની જામીન અરજી વડોદરાની કોર્ટે ફગાવી દેતા તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેને કોર્ટે આજે મંજૂરી આપી છે. 2017માં કોટીયા પ્રોજેક્ટને હરણી તળાવના મેન્ટેનન્સ, બેંકવેટ હોલ, બોટિંગ વગેરેની જવાબદારી પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલ ઉપર આપવામાં આવી હતી. ફરિયાદમાં લખવામાં આવ્યું હતું કે ક્ષમતા કરતા વધુ લોકોને બોટમાં બેસાડતા બોટ પલટી ખાઈ જતાં દુર્ઘટના સર્જાઈ હતી. ન્યુ સનરાઈઝ શાળાના 25 બાળકો અને 4 શિક્ષકો બોટ ઉપર સવાર હતા. તેમાંના ઘણા લોકો પાસે લાઈફ સેવિંગ જેકેટ નહોતા.

# કરોડિયા સાંઈનાથનગરમાં બાંકડા ખસેડવા બાબતે બોલાચાલી બાદ હુમલો, રિક્ષા-બાઈકની તોડફોડ

## 5ને ઓછીવત્તી ઈજાઓ પહોંચી હોવાનો બનાવ બનતાં પોલીસે બંને પક્ષે ફરિયાદ નોંધી

**વડોદરા**

કરોડિયારોડ વિસ્તારમાં બાંકડા ખસેડવા બાબતે બોલાચાલી થતાં સામસામે હુમલાના બનાવમાં પાંચ જણાને ઓછીવત્તી ઈજાઓ પહોંચી હોવાનો બનાવ બનતાં પોલીસે બંને પક્ષે ફરિયાદ નોંધી છે.

નવાયાર્ડના રામવાડી ખાતે રહેતા મૂળ યુપીના સોહેલખાન પઠાણે પોલીસને કહ્યું છેકે,મારા પિતાએ કરોડિયારોડ સાંઈનાથ નગરમાં પ્લોટ લીધો હોવાથી ત્યાં બાંધકામ ચાલી રહ્યું છે.અમારી જગ્યામાં બાંકડા મુકાયા હોવાથી બે દિવસ પહેલાં સ્થાનિક રહીશોને ખસેડી લેવા કહ્યું હતું.પરંતુ નહિં ખસેડતાં અમે ખસેડયા હતા. જેની અદાવત રાખી મોહસીન રાઠોડ, અજય મહિડા, ફરિયદ મનસુરી અને સુભાન દિવાને મારા પર દંડા અને પ્લાસ્ટિકની પાઈપ વડે હુમલો કરતાં મને તેમજ મને છોડાવવા પડેલા સમીમબાનુ અને ઈમરાનભાઈને ઈજા થઈ હતી. સામે પક્ષે લક્ષ્મીનગરમાં રહેતા મોહસીન રાઠોડે કહ્યું છે કે,બાંકડા ખસેડવા બાબતે મેં સાહેલને કહેવા જતાં તેણે મારા પર ગરમ ચા નાંખી હતી.જેથી હું કપાળે દાઝ્યો હતો. ત્યારબાદ નઈમખાન પઠાણ,જાવેદખાન અને કેફ પઠાણે દંડા વડે મને તેમજ મારા મોટાબાપુને માર માર્યો હતો.

# સુરેન્દ્રનગરમાં ભરબપોરે ફાયરિંગ : 1 યુવકને ઈજા, યુવકો બાઈક પર ફરાર



**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરમાં ભરબજારમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. લોકોથી ભરચક બજારમાં ફાયરિંગ કરતાં દોડધામ મચી જોવા પામી હતી. ધોળે દિવસે એક યુવક પર ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ ઘટના જૂની હાઉસિંગ સોસાયટી નજીક બની હતી. યુવક પર બાઈક સવારે બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર હેઠળ ખેસવામાં આવ્યો છે. ફાયરિંગ કરનાર યુવક બાઈક પર ફરાર થયો છે. બી ડિવિઝન પોલીસ ઘટના સ્થળે પહોંચી છે અને તપાસ શરૂ કરાઈ છે. મળતી માહિતી અનુસાર, જૂની હાઉસિંગ સોસાયટી નજીક એક યુવક બાઈક પર પસાર થઈ રહ્યો હતો, ત્યારે જ અન્ય બાઈક પર આવેલા એક યુવક દ્વારા અંદાજે બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમાં કાળુ ભુવા નામાના વ્યક્તિને ઈજા પહોંચી છે. ઘટનામાં ઘાયલ યુવકને સુરેન્દ્રનગર મેડિકલ કોલેજમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ફાયરિંગ કરનાર આરોપી કોણ હતો તે અંગે હાલ કોઈ વિગત સામે આવી નથી. ફાયરિંગ કરનાર શખ્સ ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# ધ્રોલમાં દિવાલ ધરાશાયી, 1 બાળકનું મોત, બીજો ગંભીર

**જામનગર**

ધ્રોલ શહેરના નુરી સ્કૂલ સામે જુની અને જર્જરિત કુમાર છાત્રાલયનો હિસ્સો આજે એકાએક ધરાશયી થઈને પત્તાનાં મહેલ માફક તૂટી પડ્યો હતો.આ સમયે તે જ વિસ્તારની ઝુપડપટ્ટીમાં રહેતા કેટલાક બાળકો ત્યાં રમી રહ્યા હતા જે પૈકી દેવી પૂજક શ્રમિક પરિવારના બે બાળકો કાટમાળ હેઠળ દટાઈ ગયા હતા. આ સમયે ત્યાં હાજર અન્ય બાળકોએ બૂમાબૂમ કરતાં આસપાસ માંથી કેટલાક લોકો દોડી આવ્યા હતાઅને કાટમાળ ખસેડવા ની કામગીરી શરૂ કરી હતી. આ દરમ્યાન બે JCB પણ મંગાવી લેવાયા હતા. અને તાબડતોબ બચાવ કામગીરી કરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં ગોપાલ હસમુખભાઈ સાડમિયા નામના નવ વર્ષના બાળકનું કાટમાળ નીચે દબાઈ જવાથી મૃત્યુ હતું. જ્યારે તેનીજ સાથે દટાયેલી આરોહી રવિભાઈ પરમાર નામની સાત વર્ષની બાળકીને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

# રાજકોટમાં પત્રિકા કાંડઃ પરેશ ધાનાણીના ભાઈ સામે કાર્યવાહી થાય તેવી શક્યતા

રાજકોટ : 'જાગો લેઉઆ પટેલ જાગો 'એવા શિર્ષક સાથે અનામી પત્રિકા સોશિયલ મીડિયા વાયરલ થતા રાજકારણ ગરમાયુ હતું. મતદાન પહેલાના આ પત્રિકા કાંડમાં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના ભાઈ શરદ ધાનાણીનું નામ સામે આવતા ખળભળાટ મચી ગયો છે. રાજકોટમાં લેઉવા પટેલ સમાજની પત્રિકા વાયરલ થવા મુદ્દે શહેર ભાજપ પ્રમુખ મુકેશ પટેલે પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી. તેમણે લેઉવા અને કડવા પટેલો વચ્ચે વૈમનસ્ય ફેલાવ્યાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ કમિશનરને સમક્ષ જવાબદારો સામે તાત્કાલિક પગલા લેવા માંગ કરી છે. જો કે, જાગો લેઉવા જાગો પત્રિકા મામલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરતા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના ભાઈ શરદ ધાનાણીની સંડોવણી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આ મામલે કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીના ભાઈની ધરપકડ થઈ શકે છે.

# પૂજા કરવા નહીં બોલાવનાર યજમાનનું ગોર મહારાજે ધક્કો મારતાં મોત નીપજ્યું

જેતપુર : રબારીકા ગામે રાઠોડ પરિવારને પિતૃ કાર્યોનો ગામમાં એક હવનનું આયોજન કર્યુ હતું. હવનમાં યજમાન તરીકે રવજીભાઈ રાઠોડ નામના સેવાભાવી વૃદ્ધ સેવા બજાવતા હતાં. હવન ચાલુ હતું તે દરમિયાન રાજકોટ રહેતા અમૃતલાલ દવે નામના ગોર મહારાજ, કે જે રબારીકા ગામના ખાંટ રાજપૂત ક્ષત્રિય સમાજના પારંપરિક કર્મકાંડ કરવાનું કામ કરતાં હતા. તેઓ હવન સ્થળે આવી બોલાચાલી કરવા લાગ્યા હતા. તેઓએ યજમાન વૃદ્ધે ગોર મહારાજને કહ્યું હતું કે,તમે અમને હવનના કર્મકાંડના 11 હજાર કહ્યા હતા, જે અમને પરવડે તેમ ન હોવાથી અમને ઓછી દક્ષિણા લેતા બીજા ગોર મહારાજને બોલાવવા પડ્યા. આ વાતથી અમૃતલાલ દવે ગુસ્સે ભરાયા હતા. તેઓએ યજમાન રવજીભાઈ સાથે ગાળાગાળી કરી તેનો ધક્કો મારતાં તેમનું પથ્થરની પાટ સાથે તેનું માથું ટકરાયું હતું. તેમને માથાના પાછળના ભાગે ઈજા પહોંચતા તેઓ બેભાન થતાં મોતને ભેટ્યા હતા.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West): 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By: Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સમૂહલગ્ન પહેલાં જ આયોજકો છૂ, 51 યુગલો ધંધે લાગ્યા

## ઓફિસને તાળુ લાગી ગયું, ફોન બંધ થઈ ગયા, વરઘોડીયા અને તેમના પરિવારજનો લગ્નની તૈયારીને બદલે પોલીસ સ્ટેશન દોડી ગયા

**જૂનાગઢ**

વિસાવદર પંથકમાં સમૂહ લગ્નના નામે ટ્રસ્ટના સંચાલકોએ વરઘોડિયા પાસેથી નાણાં ઉઘરાવી લગ્નનું આયોજન કર્યું હતું. પરંતુ લગ્નને પાંચ દિવસ પહેલા આયોજકો જ રફુચક્કર થઈ જતા વરઘોડિયા અને તેમના પરિવારજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. છેતરપિંડીનો ભોગ બનનાર વરઘોડિયાઓએ લગ્નની કામગીરી પડતી મૂકી વિસાવદર પોલીસ સ્ટેશનના ધક્કા ખાતા થઈ ગયા છે.

વિસાવદર તાલુકાના નાની પીંડાખાઈ ગામે તા. 13મે ના સર્વ જ્ઞાતિ 51 સમૂહ લગ્નનું જાનકી જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં જોડાવા માગતા વર કન્યાએ 11-11,000 રૂપિયાની રકમ ભરવાની હતી તે મુજબ જૂનાગઢ, વિસાવદર, રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ભરના 51 લગ્ન કરવા માંગતા વરઘોડિયાઓએ નાણાં ભરી દીધા હતા. જેમાં આયોજકો દ્વારા તેમને નાણાભર્યાની પહોંચ પણ આપવામાં આવી હતી. હવે લગ્નને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સમૂહ લગ્નનું સોશિયલ મીડિયામાં બનાવેલા ગ્પમાં આયોજકોએ અચાનક જ મેસેજ મૂકી દીધો કે તા. 13-5-24ના યોજાનાર સમૂહ લગ્ન અનિવાર્ય સંજોગોના કારણે તા. 14-6-24 ના યોજવામાં આવશે.

આ અંગે અમુક વરઘોડિયાઓએ આયોજકોનો સંપર્ક કર્યો હતો. આયોજકોએ જવાબ આપ્યો કે સમૂહ લગ્નના જે દાતા છે તેને એટેક આવી ગયો છે જેના કારણે હોસ્પિટલની દોડાદોડીમાં હોવાથી લગ્નનું આયોજન મોડું રાખવામાં આવ્યું છે. તમારો જે કરિયાવર છે તે લઈ જવાનું કહેવામાં આવ્યું હતું. કરિયાવર લેવા માટે વરઘોડિયા વિસાવદર ખાતે જાનકી જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટની જૂનાગઢ રોડ સ્થિત આવેલી ઓફિસ ખાતે પહોંચ્યા તો ત્યાં અલીગઢના તાળા મારેલા હતા. ત્યારબાદ આયોજકોનો ટેલીફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરતા તમામ આયોજકોના ફોન પણ બંધ આવ્યા હતા. આવી સ્થિતિના કારણે જેઓના લગ્ન થવાના હતા તે 51 નવદંપતિઓ અને તેમના પરિવારજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને તેઓમાં દોડધામ મચી ગઈ હતી.

આ સમગ્ર મામલે છેતરપિંડીનો ભોગ બનનાર કાયા જયેશભાઈ નામના વ્યક્તિએ અને તેમની સાથે અન્ય ભોગ બનનાર તમામ લોકો વિસાવદર પોલીસ સ્ટેશન ખાતે દોડી ગયા હતા. સમૂહ લગ્નનું આયોજન કરનાર ભરત ઉસદડીયા, રહે બગડુ, મહેશ ગજેરા રહે નાની પીંડાખાઈ અને મનસુખ વઘાસીયા રહે ઢેબર વાળા વિરુદ્ધ પોલીસમાં અરજી આપી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે માંગ કરી છે. આ અંગે સમૂહ લગ્નના નામે છેતરપિંડીનો ભોગ બનનાર લોકોએ જણાવ્યું હતું કે અચાનક જ સમૂહ લગ્નના આયોજકો ગુમ થઈ જતા ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કેમ કે, આ અંગેની આયોજકોએ કંકોત્રી પણ છપાવી હતી તે કંકોત્રી સગાવ્હાલાને આપી દેવામાં આવી હતી. હવે લગ્ન બંધ રહેવાથી કેવી રીતે આયોજન કરવું તે પણ એક સવાલ ઊભો થયો છે. સમૂહ લગ્નમાં જોડાનાર મોટાભાગના સામાન્ય પરિવારના લોકો હોવાથી તેમને કેવા પ્રકારની નિર્ણય કરવો તે પણ વિટંબણા ઊભી થઈ છે.

# દ્વારકા જગતમંદિરના અત્યંત જર્જરિત બનેલા ભોગ ભંડારનો કાયાકલ્પ કરાશે

**દ્વારકા**

યાત્રાધામ દ્વારકાના જગત મંદિરનો ભોગ સામગ્રી ભંડાર લાંબા સમયથી જર્જરિત થઈ જતાં એના નવનિર્માણની જરૂરત ઉભી થઈ હોવાથી આ બાબતે વડોદરા સ્થિત આર્કિયોલોજીકલ કચેરી સાથે લાંબા સમયથી પરામર્શ ચાલતો હતો હવે આ વિભાગ દ્વારા ભોગ ભંડાર બનાવવાની મંજૂરી મળી જતાં આગામી દિવસોમાં કામ ચાલુ કરવામાં આવશે. અને આ માટે પૂજારી પરિવાર અને દેવસ્થાન કમિટી દ્વારા ભૂમિ પૂજન કરવામાં આવશે.

અહી ઠાકોરજીને સામગ્રી ધરાવવા માટેની રોજે રોજની સામગ્રી ભોગભંડારમાં બને છે. ભોગ ભંડારમાં દરરોજ દ્વારકાધીશજીને દિવસ દરમિયાન ધરાવાતા અગિયાર જેટલા છપ્પનભોગ, અન્નકોટ મનોરથ, કુંડલાભોગ ,ફુડ વારા મનોરથ જેવા વિવિધ પ્રકારના ભોગ પ્રસાદો ભંડારમાં બનાવવામાં આવે છે. ભોગ ભંડારમાં અંદાજીત ૧૦૦ થી ૧૨૦ પુજારી પરિવારની મહિલાઓ તેમજ વૈષ્ણવ લોકો ભોગ ભંડારના ઠાકોરજીના ભોગ પ્રસાદ બનાવતા હોય છે. જે ભોગ ભંડારના રૂમો છેલ્લા દસ વર્ષ ઉપરાત થી જર્જરીત હાલમાં હોવાથી ત્યા પ્રસાદ બનાવતા વ્યકિતઓ માટે ભોગભંડાર જોખમી પણ બન્યુ હતું.

# બોટાદના ધ્રુફણિયા ગામે યુવકના મોત મામલે એકને પાંચ અને બીજાને 3 વર્ષ કેદની સજા કરાઈ

**બોટાદ**

ગઢડાના ધ્રુફણિયા ગામે રહેતા વાલજીભાઈ નાગરભાઈ ચાવડાના ઘરની સામે ગત તા.૧૭-૪ના રોજ શૈલેષ પીઠાભાઈ ચાવડા નામનો શખ્સ લઘુશંકા કરી રહ્યો હતો. જેને વાલજીભાઈના પત્ની રેખાબેનએ લઘુશંકા કરવાની ના પાડતા શખ્સે તે વાતને લઈ ઉશ્કેરાઈ જઈ ઘરમાંથી પાઈપ લઈ આવી સમજાવવા આવેલા વાલજીભાઈના ભાઈ પ્રવીણભાઈ ચાવડાને શૈલેષ ચાવડા અને મુકેશ ચાવડાએ હાથ, માથાના ભાગે પાઈપથી માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમને સારવાર માટે ખાનગી વાહનમાં પ્રથમ બોટાદ બાદ ભાવનગર સર ટી.હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ઈજાગ્રસ્તનું સારવારમાં મૃત્યુ થતાં મારામારીનો મામલો હત્યામાં પરિણમ્યો હતો. જે બનાવ અંગે વાલજીભાઈ ચાવડાએ ગઢડા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૦૨, ૩૨૫, જીપીએ ૧૩૫ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી શખ્સની ધરપકડ કરી હતી.

દરમિયાનમાં આ કેસ બોટાદના એડીશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ ધર્મેન્દ્રસિંહ ગેમલસિંહ રણાની કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ કે.એમ. મકવાણાની ધારદાર દલીલો, સરકાર તરફે રજૂ કરાયેલા ૧૭ સાહેદો, ૩૪ દસ્તાવેજી પુરાવાઓને ગ્રાહ્ય રાખી ન્યાયમૂર્તિ ધર્મેન્દ્રસિંહ ગેમલસિંહ રણાએ આ બનાવ ખૂન નહીં પરંતુ સા-અપરાધ મનુષ્યવધનો ગુનો માની શૈલેષ ચાવડાને પાંચ વર્ષ સખત કેદની સજા, રોકડ રૂા.૫૦,૦૦૦નો દંડ, મુકેશ પીઠાભાઈ ચાવડા નામના શખ્સને આઈપીસી ૩૨૫ મુજબ કસુરવાન ઠેરવી ત્રણ વર્ષ સખત કેદ, ૨૫ હજારનો દંડ અને બન્ને શખ્સે ૭ માસની સાદી કેદ, એક હજારનો દંડ ફટકાર્યો હતો. આ કામે વિથ પ્રોસિક્યુશન તરીકે એડવોકેટ એમ.એ. યાદવ રોકાયેલા હતા.

# વડીયાના કોલડા ગામે શારિરીક અને પારિવારિક સમસ્યાથી કંટાળી વૃદ્ધને દંપતી દ્વારા આત્મહત્યા

## બંને સજોડે ઝેરી ટીકડા ગળી આપઘાત કરી લેતાં ગામમાં ભારે અરેરાટી વ્યાપી ગઇ

**અમરેલી**

જામકંડોરણામાં વૃદ્ધ દંપતીએ ગળાફાંસો ખાઈને સજોડે આત્મહત્યા કરી લેવાના બનાવની હજુ શાહી સૂકાઈ નથી ત્યાં વડીયા નજીક કોલડા ગામે વૃદ્ધ દંપતીને જિંદગી અતિશય અકારી લાગતા બન્નેએ સજોડે ઝેરી ટીકડા ગળી આત્મહત્યા કરી લેતાં નાનકડા ગામમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.

જામકંડોરણામાં કેન્સરની બીમારીથી કંટાળી જઈ વૃદ્ધાએ અને એના વૃદ્ધ પતિને પણ બીમારીથી કંટાળો આવી જતાં દોરડા બાંધી સજોડે આત્મહત્યા કરી લેવાની ઘટના બની હતી. આવી જ ઘટના વડિયા તાલુકાના કોલડા ગામે બની છે. આ ગામે રહેતા નાનજીભાઈ ભીખાભાઈ સોંદરડા (ઉવ.૭૫) અને જીવતીબેન નાનજીભાઈ સોંદરવા (ઉવ.૭૪)એ ઝેરી ટીકડા પી જીવનનો અંત આણી લીધો હતો. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગત મુજબ નાનજીભાઈ સોંદરવાને દસ વર્ષથી માનસિક બીમારી હતી. એમની દવા ચાલુ હતી. છતા તબિયતમાં કોઈ સુધારો ન આવતા કંટાળી ગયા હતા. જયારે એના પત્ની જીવતીબેનને છ માસથી પગના ગોઠણનો અસહ્ય દુઃખાવો રહેતો હતો. તે પણ સારવાર કરાવતા હોવા છતાં સારૂ થતું ન હતુ. પરિવારની બે દિકરીઓ નાની ઉમર વિધવા થઈ હતી. અને પુત્ર કોઈ કામધંધો ન કરતો હોવાથી બધા નેગેટીવ સંજોગો ભેગા થતાં જીવનથી હારી ગયા હતા. આથી બન્નેએ ઝેરી ટીકડા પી લેતાં તેમને હોસ્પિટલમાં ખસેડયા હતા. જેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યા હતા.

# ધોરાજી ખાતે યુવાને ફિનાઈલ પી લીધું પીઆઈને કારણે પગલું ભર્યાનો આક્ષેપ

**જેતપુર**

ધોરાજીમાં રહેતા પંકજ ચૌધરી નામના યુવાને ગઈકાલે ફિનાઈલ પી લીધા બાદ ધોરાજીના પીઆઈ રવિ ગોધમે ખોટા ગુનામાં ફિટ કરવાની ધમકી આપી, રૂા.૫ લાખની માગણી કરતાં કંટાળીને આ પગલું ભરી લીધાનો ચોંકાવનારો આક્ષેપ કર્યો છે.

પંકજ જાહેરમાં ફિનાઈલ પી લીધું હતું. જેનો તેણે વીડિયો પણ બનાવ્યો હતો. તેણે એવા આક્ષેપો કર્યા હતા કે ગઈ તા.૨૭નાં રોજ ઉર્ષના મેળામાં માથાકૂટ થતાં તેને ઈજાઓ થઈ હતી. ફરિયાદના અનુસંધાને ગઈકાલે પોલીસ મથકે જતાં ભીનુ સંકેલવાની કોશિષ થયાનું લાગ્યું હતું. આ બાબતે પીઆઈને મળતાં રૂા.૫ લાખની માગણી કરી હતી. અન્યથા તેના મિત્રની જેમ નાર્કોટીકસના ગુનામાં ફીટ કરી દેવાની ધમકી આપી હતી. જે અંગે ઉચ્ચ કક્ષાએ અને એસીબીમાં રજૂઆત કરી હતી. આમ છતાં કોઈ કાર્યવાહી નહીં થતાં ફિનાઈલ પી લીધાનું જણાવ્યું હતું. આ બાબતે પીઆઈ રવિ ગોધમનો સંપર્ક કરતા જણાવ્યું કે હું આ કોઈપણ પ્રકારની બાબતોનો જવાબ આપી નહીં શકું, ડીવાયએસપીનો સંપર્ક કરો. જેથી ડીવાયએસપી રોહિત ડોડીયાનો સંપર્ક કરતાં આ મામલે અજાણ હોવાનું જણાવ્યું હતું.

# ચાલુ ચૂંટણીમાં અમરેલીના મહિલા કર્મચારીનું મોત, ફરજ બજાવતા સમયે ઢળી પડ્યા

**જાફરાબાદ**

લોકસભા ચૂંટણીમાં જાફરાબાદમાં એક મહિલા કર્મચારીનું ફરજ દરમ્યાન મોત નિપજ્યું છે. જાફરાબાદ શહેરના સાગર શાળામાં ચૂંટણી ફરજ બજાવતા કૌશિકાબેન બાબરીયા અચાનક ચૂંટણીની કામગીરી દરમિયાન પડી ગયા હતા. તેમને ઈમરજન્સી 108 મારફતે રાજુલાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, તેમને સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજ્યું હતું. મહિલા કર્મચારીના મોતથી ફરજ બજાવતા અન્ય કર્મચારીઓમાં શોકનો માહોલ પ્રસરી ગયો હતો. પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવશે. જોકે, હાર્ટ એટેકના કારણે મોત થયાનું પ્રાથમિક અનુમાન છે. ત્યારે હાર્ટ એટેક ફરી એકવાર જીવલેણ બની રહ્યો છે.

# IFFCOના ડિરેક્ટર પદે જયેશ રાદડિયાનો ભવ્ય વિજય થયો

**રાજકોટ**

ભારતની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા IFFCOમાં આજે ડિરેક્ટરના પદને લઈ ચૂંટણી યોજાઈ હતી. ડિરેક્ટરના પદને લઈને જયેશ રાદડિયા વધુ દાવેદાર માનવામાં આવતા હતા. ત્યારે આવમાં જયેશ રાદડીયા ઈફકોના ડિરેક્ટર બનાવવામાં આવ્યા છે. ગુરુવારે 4 વાગ્યે મતગણતરી શરુ થયા બાદ સાંજે પરિણામ સામે આવ્યું હતું, જયેશ રાદડીયાને પક્ષના મેન્ડેટ સામે પડીને ચૂંટણી લડવી ફળી હતી. જયેશ રાદડીયાનો ૧૧૪ મત મેળવતા વિજય થયો છે. આ જીત બાદ ભાજપ સંગઠન માં સારા કરતા મારો પસંદ કરવાની સી આર પાટીલની નીતિ સામે પડેલા જયેશ રાદડિયાની જીત માનવામાં આવે છે.જયેશ રાદડિયા હાલ રાજકોટની જેતપુર બેઠક પરથી ભાજપના ધારાસભ્ય છે. આ ઉપરાંત રાદડિયા રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન છે. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની પણ આ ચૂંટણી પર સીધી નજર હતી. આ ચૂંટણીમાં કુલ ૧૮૨ મતદારો હતા. તેમાં સૌરાષ્ટ્રનું વર્ચસ્વ જોવા મળ્યું છે. એકલા રાજકોટમાં ૬૮ મત હતા.

# અમિત જેઠવા મર્ડર કેસમાં દિનુ બોઘા સોલંકી સહિત તમામ આરોપીઓનો છૂટકારો

**રાજકોટ**



ગુજરાતના આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની હત્યાના બહુચર્ચિત કેસમાં હાઈકોર્ટે કેસના આરોપી દિનુ બોઘા સોલંકી સહિત તમામ આરોપીને છોડી મૂક્યા છે. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું છે કે કેસ સાબિત કરવામાં એજન્સીઓ અને પ્રોસિક્યુશન નિષ્ફળ નિવડ્યું છે. વર્ષ 2010ના આ કેસમાં કુલ સાત આરોપી હતા. જેમાં આરોપી તરીકે શૈલેષ પંડ્યા, ઉદાજી ઠાકોર, શિવા પચાણ, શિવા સોલંકી, બહાદુરસિંહ વાઢેર (પોલીસ કોન્સ્ટેબલ), સંજય ચૌહાણ અને દિનુ બોઘા સોલંકીના નામ હતા.

સ્વદેશ

FRIDAY, 10 MAY, 2024



## હાઉસફૂલ ફાઈવમાં અભિષેક બચ્ચનની રી એન્ટ્રી થઇ

મુંબઇ : અક્ષય કુમારની ફિલ્મ ‘હાઉસફૂલ ફાઈવ’માં અભિષેક બચ્ચનનું પુનરાગમન થયું છે. અભિષેક આ ફિલ્મના ચોથા ભાગમાં ન હતો પરંતુ પાંચમાં ભાગમાં તે ફરીથી ભૂમિકા ભજવી રહ્યો છે. અભિષેક સહિત ફિલ્મની ટીમે સત્તાવાર રીતે તેની એન્ટ્રીની જાહેરાત કરી હતી. ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષે ઓગસ્ટમાં યુકેમાં શરુ થવાનું છે. અક્ષયની પાછલી ફિલ્મોમાં બનતું આવ્યું છે તેમ તે એક થી બે મહિનાના સળંગ શિડયૂલમાં જ પોતાનું શૂટિંગ પૂર્ણ કરી દેશે.

## Met Gala 2024 દેશી ગર્લ ગંગુબાઈ છવાઈ



બોલિવૂડની સુંદર બ્યુટી આલિયા ભટ્ટે પોતાની એક્ટિંગથી દુનિયાભરમાં એક અલગ જ ઓળખ બનાવી છે. અભિનેત્રી ફરી એકવાર મેટ ગાલાના રેડ કાર્પેટ પર જલવો બતાવતી જોવા મળી હતી. તેના લુકે બધાનું ધ્યાન ખેંચ્યું છે. આલિયાએ વિદેશી પ્લેટફોર્મ માટે દેશી સ્ટાઈલ અને આઉટફિટ્સ કેરી કર્યા છે. આલિયાએ મેટ ગાલા માટે મિન્ટ ગ્રીન ફ્લોરલ પ્રિન્ટ સબ્યસાચી સાડી પસંદ કરી હતી. આલિયાનો આઉટફિટ, સ્ટાઈલ બધું જ અદ્ભુત હતું પરંતુ તેણે એક ભૂલ કરી હતી અને હવે લોકોના ધ્યનમાં આ ભૂલ આવી છે. આલિયા ભટ્ટે વાતચીત દરમિયાન આઉટફિટની સ્ટાઈલ અને ખાસિયત વિશે જણાવ્યું હતું. ત્યારે તેણે આઉટફિટની ખાસિયત અને કેવી રીતે તૈયાર કરવામાં આવ્યું તે તમામ વાતચીત કરી હતી. આ કહેતી વખતે તેણે આંકડાઓમાં ભૂલ કરી હતી. અભિનેત્રીએ તેના વિચારો વ્યક્ત કર્યા અને કહ્યું કે તે આંકડાઓને સચોટ રીતે રજૂ કરવા માંગતી હતી પરંતુ આ કહેવા પછી પણ તેણે ખોટા આંકડા રજૂ કર્યા હતા.આલિયા ભટ્ટે વાતચીત દરમિયાન કહ્યું કે, ‘આ બધું હાથથી બનેલું છે. મારે આ આંકડા બરાબર આપવા પડશે કારણ કે તે કારીગરી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આલિયા ભટ્ટે કહ્યું કે, 1905 કલાકની મહેનત બાદ આ આઉટફિટ તૈયાર થયો છે પરંતુ આ આંકડો સાચો ન હતો. ત્યારે હવે આલિયાની ભૂલ લોકોના ધ્યાને આવી છે. આલિયા ભટ્ટે એક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં આલિયા ભટ્ટે મેટ ગાલાના કાર્પેટ પરથી ઘણી તસવીરો બતાવી છે. આ સાથે તેણે એક લાંબું કેપ્શન લખ્યું છે કે, જેમાં તેણે તેના આઉટફિટનો શ્રેય સબ્યસાચીને આપ્યો અને તેની વિગતો સમજાવી હતી. આ પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે તેને સાડી બનાવવામાં 1965 કલાકનો સમય લાગ્યો હતો. તે 163 કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું છે અને તે સંપૂર્ણપણે હાથથી બનાવેલું અને હાથથી ભરતકામ કરેલું છે.

## બડબડ કરવાની ટેવને કારણે પ્રીટિને સોલ્જર ફિલ્મ મળી હતી




પ્રીટિ ઝિન્ટા બોલિવૂડની સફળ અભિનેત્રી છે. અભિનેત્રીએ કારકિર્દી દરમિયાન દિલ, સંઘર્ષ, ક્યા કહના, સલામ નમસ્તે, વીર જારા, કલ હો ના હો જેવી અનેક સફળ ફિલ્મો આપી છે. જોકે હાલમાં અભિનેત્રીએ લાંબા સમયથી ફિલ્મોથી અંતર બનાવી લીધું છે. તાજેતરમાં આઈપીએલ વખતે સલવાર-કમીઝ ધારણ કરેલી તેની તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ થઈ હતી. દિગ્દર્શક અબ્બાસ મસ્તાને એક મુલાકાતમાં પ્રીટિ ઝિન્ટાને તેમણે સોલ્જર ફિલ્મમાં કઈ રીતે કાસ્ટ કરી તેની રસપ્રદ વાત કરી હતી. દિગ્દર્શક અબ્બાસ મસ્તાને સ્પષ્ટતા કરી કે પ્રીટિ ઝિન્ટા તેમને પહેલીવાર મળી તો તેનાથી ખૂબ પ્રભાવિત થયા હતા. અબ્બાસ મસ્તાને જ પ્રીટિ ઝિન્ટાને બોબી દેઓલની ફિલ્મ સોલ્જરમાં કાસ્ટ કરી હતી. અબ્બાસે કહ્યું કે પ્રીટિ તેમની સામે બેઠી હતી, 15 મિનિટ સુધી સતત બોલતી રહી હતી. 15 મિનિટ સુધી એટલી બડબડ કરી કે અમને એક પણ શબ્દ બોલવાની તક નહોતી મળી. તેથી મને લાગ્યું કે ફિલ્મમાં પાત્ર ભજવવા માટે તે યોગ્ય રહેશે.

## અનન્યા પાંડે બેડ ન્યૂઝ સાથે જોડાઈ : ગેસ્ટ રોલમાં જોવા મળશે



મુંબઈ: અભિનેતા ચંકી પાંડેની પુત્રી અનન્યા પાંડે, જે આદિત્ય રોય કપૂર સાથેના સંબંધોને કારણે લાંબા સમયથી ચર્ચામાં છે, તે તેની અગાઉની ફિલ્મ ખો ગયે હમ કહાંમાં દર્શકોની સામે જોવા મળી હતી. આ ફિલ્મ સીધી OTT પર રિલીઝ થઈ હતી. દર્શકોને આ ફિલ્મ ખૂબ જ ગમી, ખાસ કરીને યુવાનોને. હવે અનન્યા પાંડે ફરી એકવાર સમાચારમાં છે. એક તરફ, તે આદિત્ય સાથેના તેના બ્રેકઅપ માટે સમાચારમાં છે, તો બીજી તરફ, તેને કરણ જોહર દ્વારા તેની આગામી ફિલ્મ બેડ ન્યૂઝમાં મહેમાન ભૂમિકા ભજવવા માટે સાઈન કરવામાં આવી છે. આ ફિલ્મમાં વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરીના ફેન્સ તેમની ફિલ્મ ‘બેડ ન્યૂઝ’ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વિકીની અગાઉની ફિલ્મ ‘સામ બહાદુર’ અને તૃપ્તિની

## શૂટિંગ શરૂ થતાં જ વિવાદોમાં ફસાઈ અક્ષય કુમારની Jolly LLB 3

અક્ષય કુમાર અને અરશદ વારસીએ ‘Jolly LLB 3’ નું શૂટિંગ શરૂ કરી દીધું છે. તાજેતરમાં જ એક્ટરે પોતાના સોશિયલ મીડિયા પર એક મજેદાર વીડિયોની સાથે તેની જાહેરાત કરી. એક રિપોર્ટ અનુસાર હુમા કુરેશી પણ આ કાસ્ટમાં સામેલ થઈ ગઈ છે. પરંતુ આ બધી બાબતો વચ્ચે મહત્વનું એ છે કે શૂટિંગ શરૂ થતાં જ ફિલ્મ વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. અક્ષય કુમારની જોલી એલએલબી 3 સામે ફરિયાદ નોંધાઈ છે અને શૂટિંગ રોકવાની વિનંતી કરાઈ છે.

અક્ષય કુમારની ફિલ્મ જોલી એલએલબી 3 સામે અજમેર કોર્ટમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આ ફરિયાદ અનુસાર ‘જોલી એલએલબી 3 ફિલ્મમાં ન્યાયિક ગરિમાને ઠેસ પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ફરિયાદ જિલ્લા બાર એસોસિએશન અધ્યક્ષ ચંદ્રભાન તરફથી દાખલ કરવામાં આવી છે. તેની પર મંગળવારે




કોર્ટમાં સુનાવણી થશે. અજમેર જિલ્લા બાર એસોસિએશને સિવિલ જજ અજમેર ઉત્તરની કોર્ટમાં જોલી એલએલબી 3 નું શૂટિંગ રોકવાની અરજી કરી છે. સાથે જ બાર એસોસિએશન અધ્યક્ષે મેકર્સ, ડાયરેક્ટર અને એક્ટર્સ સામે વકીલ અને જજની મજાક ઉડાડવા બદલ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદકર્તાએ કોર્ટને નોટિસ જારી કરવાની વિનંતી પણ કરી છે.









## બંગાળમાં હિંદુ મહિલાઓએ કરેલી રેપની ફરિયાદ ખોટી હોવાની આશંકા

# સંદેશખલીમાં સ્ટીંગ, મમતા પણ અઢંગ રાજકારણી

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

સંદેશખલીમાં તૃણમૂલ કોંગ્રેસના શાહજહાં શેખ સહિતના નેતાઓએ હિંદુ મહિલાઓ સાથે દુષ્કર્મ આચર્યું હોવાના ગંભીર આરોપ મુકી કેસ કરાયા બાદ શાહજહાં, હાજરા સહિતના 3 જણાને જેલમાં ધકેલી દેવાયા હતા. આ ઘટના પછી લોકસભાની ચૂંટણીમાં ભાજપ સંદેશખલીનો મુદો સતત ચગાવતો હતો. ભાજપે મમતાના રાજમાં હિંદુ મહિલાઓ સલામત નથી, મમતાના મુસ્લિમ ગુંડા હિંદુ બહેન-દીકરીઓની ઈજ્જત લૂંટે છે, તેવી વાતો રોજ જાહેરમાં ચર્ચામાં મુકી છે.

બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં હિંદુઓ મતોનું ધ્રુવીકરણ કરવાની ભાજપની ગણતરી હતી. પરંતુ મમતા પણ રાજકારણમાં અઢંગ ખેલાડી છે. તેમણે ભાજપની આ ચાલને બરાબર પારખી લીધી અને સંદેશખલીની કથિત ઘટનાને સહારે લાભ લેવાની ભાજપની યોજનાને નિષ્ફળ બનાવવા ખેલ કરી નાંખ્યો હોવાનું કહેવાય છે. પશ્ચિમ બંગાળમાં પહેલાં બે તબક્કામાં ૬ લોકસભા બેઠકો પર મતદાન થયા પછી 7મેના રોજ ૩૬ બેઠકો મતદાન થાય તે પહેલાં જ સ્ટીંગનો વીડિયો ફરતો થતાં રાજકીય ગરમી આવી ગઈ હતી. વીડિયોમાં કોયલ જેવી દેખાતી વ્યક્તિ દાવો કરે છે કે, સંદેશખલીમાં હિંદુ મહિલાઓ ઉપર બળાત્કાર થયા જ નથી. વિધાનસભામાં વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારીના ઈશારે મહિલાઓને બે-બે હજાર રૂપિયા આપીને શાહજહાં શેખ સહિતના તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ સામે બળાત્કારની ખોટી ફરિયાદો કરાવાઈ છે.

વીડિયોમાં તે વ્યક્તિ એવો પણ ઉલ્લેખ કરે છે કે, સંદેશખલીમાં ભાજપના નેતા શુભાંકર ગીરી અને શુભેન્દુ અધિકારીના પીએ પિયૂષે મહિલાઓને પટ્ટી પઢાવીને તૈયાર કરી હતી. બસીરહાટ લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર રેખા પાત્રાએ બે હજાર રૂપિયા લઈને બળાત્કારની ખોટી ફરિયાદ કરવાની પહેલ કરી, તે પછી બીજી મહિલાઓએ પણ ફરિયાદ કરતાં શાહજહાં શેખ સહિતના નેતાઓને જેલમાં ધકેલી દેવાયા છે. ભાજપે વીડિયોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની મદદથી તૈયાર કરાયેલો બનાવટી વીડિયો ગણાવીને કોયલનો ચોખવટ કરતો અને સીબીઆઈ તપાસની માગણી કરતો વીડિયો બહાર પાડયો છે. કોયલે પોલીસ



ફરિયાદ પણ નોંધાવી છે. જો કે, જાણકારો કહે છે કે, સ્ટીંગ ઓપરેશન કંઈ ટીવી સીરિયલનું શૂટિંગ નથી કે એકદમ ક્લીન ક્લોઝ અપ દેખાય. હવે મમતા આણિ મંડળીએ ખરેખર એઆઈનો ઉપયોગ કરીને કોયલનો વીડિયો બનાવી નાંખ્યો છે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. ફોરેન્સિક ટીમ દ્વારા થનારી તપાસમાં તેની ખબર પડશે. પણ તેમ સમય જશે. એટલે હાલ તો આ સ્ટીંગ ઓપરેશને મમતા બેનરજીને ફરી મોટાં ખેલાડી સાબિત કરી જ દીધાં છે. કોયલનું સ્ટીંગ ઓપરેશન મમતાના ઈશારે થયું હોવાની શકયતા પણ વધુ છે. એટલું જ નહીં, સ્ટીંગ ઓપરેશનનું પરફેક્ટ ટાઈમિંગ પાછળ પણ મમતાનું જ ભેજુ હોવાનું મનાય છે. આ સાથે જ બંગાળમાં ભાજપના ભલભલા ગતકડાનો જવાબ આપવા મમતા તૈયાર છે તેવો સંદેશો તેણીએ ભાજપને આપ્યો છે. વળી, ફરિયાદ કરનારી ત્રણમાંથી એક મહિલાએ તૃણમૂલ કોંગ્રેસ નેતાઓ સામેના બળાત્કારના આરોપો પાછા ખેંચી લીધા હતા. બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના સંદેશખાલીની રહેવાસી આ મહિલાએ કહ્યું કે તેની સામે કોઈ જાતીય અપરાધ કરવામાં આવ્યો નથી. ભાજપના સભ્યોએ તેને કોરા કાગળ પર સહી કરાવી અને પછી પોલીસનો સંપર્ક કર્યો હતો.

એટલું જ નહીં, સંદેશખલીમાં શાહનવાઝ સહિતના તૃણમૂલના નેતાઓ સામે બળાત્કારની ફરિયાદ કરનારાં રેખા પાત્રા બસિરહાટ લોકસભા બેઠક પર ભાજપનાં ઉમેદવાર છે. મોદીએ રેખાને શક્તિસ્વરૂપા ગણાવીને બિરદાવ્યા હતા. પણ આજે રેખાની ઉમેદવારી ભાજપને નડી રહી છે. રેખા બંગાળી નથી પણ મૂળ ઓરિસ્સાની છે. અને તેનો પતિ તમિલનાડુનો છે. ૩૫ વર્ષની રેખા અને તેનો પતિ બંને મજૂરી કરે છે. તૃણમૂલ કોંગ્રેસે રેખાના પરિવારનાં મૂળ બંગાળના નહીં હોવાનો મુદ્દો ઉઠાવ્યો છે. ભાજપ બિન-બંગાળીઓને હાથો બનાવીને બંગાળને બદનામ કરે છે એવો પ્રચાર તૃણમૂલ કોંગ્રેસ કરી રહી છે.

રેખા શાહજહાં શેખ સહિતના તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવનારી પહેલી મહિલા હતી. રેખાએ મેજિસ્ટ્રેટ સામે ઈન-કેમેરા સ્ટેટમેન્ટ પણ આપ્યું છે. હવે સ્ટીંગ ઓપરેશન પાછળ ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર ઉર્ફે પી.કે.નું ભેજુ હોવાનો આડકતરો આક્ષેપ ભાજપે કર્યો છે. કોયલે સ્પષ્ટતા કરતો વીડિયો બહાર પાડયો, તેમાં આઈ-પેક અને અભિષેક બેનરજી સામે તપાસની માગ કરી છે. આઈ-પેક પ્રશાંત કિશોરે સ્થાપેલી કંપની છે. બંગાળમાં અત્યારે તૃણમૂલ કોંગ્રેસના કેમ્પેઈનની જવાબદારી આઈ-પેક પાસે છે. પ્રશાંત કિશોર પોતે વ્યક્તિગત રીતે સક્રિય નથી પણ તેના માર્ગદર્શનમાં જ તૃણમૂલ કોંગ્રેસની વ્યૂહરચના ઘડાય છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, મમતા લોકસભાની ચૂંટણી પછી શુભેન્દુની ધરપકડને સાણસામાં લઈ લેશે. વિધાનસભાની ચૂંટણી સમયે મમતાનો સાથ છોડીને ભાજપમાં ગયેલા મોટાભાગના નેતા પાછા મમતાની પંગતમાં બેસી ગયા છે અથવા ઢીલા પડી ગયા છે. પણ શુભેન્દુ હજુ ભાજપ સાથે છે અને લડી રહ્યા છે. ભાજપના નેતાઓમાં શુભેન્દુ સૌથી મજબૂત જનાધાર ધરાવે છે. તેથી હવે પછી તેઓ જ મમતાના નિશાના પર આવી શકે છે.

બંગાળમાં સંદેશખલીની ઘટના સંદર્ભે સ્ટીંગ ઓપરેશન પહેલાં પણ મમતાની સરકારે પહેલાં રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ સામે રાજભવનના સ્ટાફની એક યુવતી દ્વારા કરાયેલા સેક્સ્યુઅલ હેરેસમેન્ટના કેસમાં સ્પેશિયલ ઈન્કવાયરી ટીમ દ્વારા તપાસનું એલાન કરી દીધું હતુ. રાજ્યપાલે આ તપાસમાં સહકાર આપવાને બદલે તપાસ ટીમને સીસીટીવી તપાસવા દીધા ન હતા. તેના કારણે મમતાને એક મુદ્દો મળી ગયો હતો. રાજ્યપાલના આ વલણના કારણે તપાસ લોકસભાની ચૂંટણી પતે ત્યાં સુધી પૂરી થવાની નથી. બંગાળમાં હજી 13 મેના રોજ 8, 20 મેના રોજ 7, 25મી મેના રોજ 8 અને પહેલી જૂનના રોજ 9 બેઠક ઉપર મતદાન થવાનું છે. તેથી મમતાને આખી ચૂંટણી દરમિયાન આ મુદ્દો ગજવવાની તક મળી ગઈ છે. સંદેશખલી સ્ટીંગ ઓપરેશના કેસમાં ભાજપ સીબીઆઈ તપાસની રેકર્ડ વગાડી રહ્યો છે પણ મમતા સરકારની મંજૂરી વિના સીબીઆઈ તપાસ શક્ય નથી. આવા સંજોગોમાં તૃણમૂલ કોંગ્રેસને ભાજપ જૂઠો છે અને બંગાળને બદનામ કરવા બે-બે હજાર આપીને મહિલાઓ પાસે બળાત્કારની ખોટી ફરિયાદો કરાવી છે એવો પ્રચાર કરવાની તક મળી રહેશે. ચૂંટણી પતે પછી સ્ટીંગ ઓપરેશનનો વીડિયો ખોટો સાબિત થાય તો પણ મમતાને ફરક પડવાનો નથી. ભાજપ અત્યાર સુધી અત્યંત આક્રમક હતો. પણ મમતાની બંને ચાલમાં ફસાઈ ગયા પછી બચાવની ભૂમિકામાં છે. સંદેશખલીમાં મહિલાઓએ બળાત્કારના આક્ષેપ કર્યા ત્યારે ભાજપે રાજ્યપાલને આગળ કરીને મમતા બેનરજીને ભીંસમાં મૂકયા હતા. હવે રાજ્યપાલ પોતે જ લંપટ હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે ત્યારે ભાજપ ચૂપ છે. સંદેશખલીના મુદ્દે ભાજપ ભેરવાઈ પડવાની પ્રબળ સંભવના છે. મમતા ચૂંટણી સમયે જ સ્ટીંગ ઓપરેશન કરી નાંખશે એવી ભાજપને કલ્પના નહોતી. પરંતુ કોયલાના નિવેદનનો વીડિયો વાયરલ થઈ ગયો અને હવે ભાજપના હાથમાંથી મોટો મુદ્દો સરકી જવાનો ખતરો ઉભો થયો છે.

**સ્ટીંગ ઓપરેશનના વીડિયોમાં ભાજપનો નેતા જ મહિલાઓ પાસે ખોટી ફરિયાદ કરાવડાવી હોવાનું કબૂલે છે, જો કે, આ વીડિયોની સચોટતા સામે પ્રશ્ન છે. એટલે ચૂંટણીમાં હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવાની ભાજપની ચાલ પર પાણી ફરી ગયું છે**

# તમારા એથનિક લુકને એનહાન્સ કરે છે ડિફરન્ટ ટાઇપ ઓક્સોડાઇઝડ એરિંગ્સ

લુકને સ્ટાઈલિશ અને કમ્પ્લીટ કરવા યુવતીઓ અનેક પ્રકારની એક્સેસરીઝ કૅરી કરે છે. આઉટફિટ સાથે પહેરવામાં આવતી એક્સેસરીઝ યુવતીઓના લુકને કમ્પ્લીટ કરે છે. જોકે એમાં તમારી પસંદ પણ મેટર કરે છે. પણ તમે ફેશનજગતમાં છવાઈ જવા ઈચ્છતા હોવ તો એમાં ઓક્સોડાઈઝ એરિંગ્સ ટ્રેન્ડમાં છે. એથનિક અને વેસ્ટર્ન બંને આઉટફિટ્સ સાથે ઓક્સોડાઈઝ એરિંગ્સ કૅરી કરી શકાય છે. ઓક્સોડાઈઝ એરિંગ્સમાં ડિફરન્ટ સ્ટાઈલ એવેલેબલ છે. જેને પૅર કરીને તમે ટોળાંમાં અલગ તરી આવશો.



**ચાંદબાલી :** એથનિક આઉટફિટ જ્યારે પહેરો ત્યારે તેની સાથે ચાંદબાલી પરફેક્ટ લુક આપશે. આજકાલ ચાંદબાલી ટ્રેન્ડમાં છે. ચાંદબાલી કોઈ પણ આઉટફિટમાં એક્સ્ટ્રા ગ્લેમ આપવામાં પરફેક્ટ છે. તમારા લુકમાં એલિગન્સ એડ કરવા આ એરિંગ્સ પૅર કરો, પરંતુ વેસ્ટર્ન આઉટફિટ સાથે ચાંદબાલી ટ્રાય કરવાનું ટાળો, ખાસ કરીને જિન્સ સાથે એટલી સૂટ કરતી નથી જેટલી એથનિક આઉટફિટ સાથે કરે છે.

**ઝૂમખાં :** ઝૂમખાં ઓલટાઈમ હોટ એરિંગ્સ છે. એથનિક લુક સ્ટાઈલને વધારવા ઝૂમખાં ઉત્તમ ઓપ્શન છે. બ્યુટીફૂલ અને યુનિક સ્ટાઈલ સાથે ઝૂમખાં એટ્રેક્ટિવ કટવર્ક ડિઝાઈનની સાથે આવે છે. ઝૂમખાંમાં પણ ડિફરન્ટ પેટર્ન અને સ્ટાઈલ અવેલેબલ છે. તે પહેરવામાં એકદમ લાઈટ વેઈટ અને સુંદર લાગે છે. સ્કર્ટ, પ્લાઝો સાથે પણ ઝૂમખાં ટ્રાય કરી શકાય છે. ઝૂમખાંમાં નાની અને મોટી સાઈઝ અવેલેબલ છે. એમાં તમને સૂટ કરે એની પસંદગી કરી શકો.

**યુનિક એરિંગ્સ :** તમે એલિગન્સ પસંદ કરો છો અને લુકને સિમ્પલ રાખવા ઈચ્છો છો તો યુનિક એરિંગ્સ તમારી સ્ટાઈલ માટે બેસ્ટ ઓપ્શન છે. એમાં ડિટેલિંગ હોય છે જે એથનિક આઉટફિટ સાથે પૅર કરવાથી સારી લાગે છે. યુનિક એરિંગ્સમાં અઢળક વેરાઈટી હોય છે જે તમને અન્ય કરતાં અલગ તારવવાનું કામ કરે છે. આ એરિંગ્સમાં અમુક પેટર્ન એવી હોય છે જેને વેસ્ટર્ન આઉટફિટ સાથે સરળતાથી કૅરી કરી શકાય છે.

**કલર પોપ :** સમયમાં જેમ જેમ પરિવર્તન આવે છે એમ એરિંગ્સની ડિઝાઈન અને પેટર્નમાં પણ નાવીન્ય એડ કરવામાં આવે છે. હવે ઓક્સોડાઈઝ એરિંગ્સની સાથે કલરને પોપ કરવામાં આવે છે. જે કલરના આઉટફિટ પહેર્યા હોય એ કલરનાં મેચિંગ એરિંગ્સ ઓક્સોડાઈઝમાં સરળતાથી અવેલેબલ છે. મેટલ ઓક્સોડાઈઝડ એરિંગ્સ પર કલરથી તેનો લુક એનહાન્સ થઈ રહ્યો છે. બીજા કરતાં ડિફરન્ટ દેખાવા ઈચ્છતાં હોવ તો, કોન્ટ્રાસ્ટ કલરનાં કપડાં સાથે પૅર કરો.

**લોંગ એરિંગ્સ :** સાડી, સરારા, લહેંગા અને કુરતી સાથે લોંગ એરિંગ્સ ટીમઅપ કરી શકાય છે. જેમની ડોક લાંબી હોય તેમના ઉપર લોંગ એરિંગ્સ એલિગન્ટ લુક આપે છે. ડિફરન્ટ સાઈઝ અને પેટર્નમાં લોંગ એરિંગ્સ ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ તમારી પસંદ અનુસાર કરી શકો છો.

# ડેમેજ વાળને ઘરે રિપેર કરવા છે ? તો અપનાવો આ ઉપચાર



**કેળું અને મધ :** કેળાં વિટામિન, પોટેશિયમ અને કુદરતી તેલથી સમૃદ્ધ હોય છે. તે વાળને પોષણ આપે છે અને તેને ખરતા પણ રોકે છે. કેળાંમાં આ બધાં તત્ત્વો કુદરતી રીતે હોય છે તેથી તેનો ઉપયોગ કરવાથી કોઈ પણ પ્રકારની સાઈડ ઈફેક્ટ થતી નથી. એક બાઉલમાં બનાના પલ્પ અને મધ ભેગાં કરો. જે પેસ્ટ બને તેને તમારી ખોપરી પરની ચામડી અને વાળ પર લગાવો. થોડી વાર રહેવા દો ને ત્યારબાદ તેને ગરમ પાણીથી ધોઈ નાખો.

**દહીં અને પપૈયું :** દહીંમાં પ્રોટીન અને ફેટી એસિડ હોય છે. ફેટી એસિડ સૂકા વાળનું પોષણ કરે છે. સાથે તે વાળને નરમ પણ બનાવે છે. પપૈયામાં પેપેઈન નામનો એન્ઝાઈમ હોય છે જે વાળને પોષણ આપે છે અને ખોડાની સમસ્યા દૂર કરે છે. દહીં અને પપૈયાંના પલ્પને એક બાઉલમાં સરખી રીતે મિક્સ કરી આ મિક્સરને તમારા સ્કૅલ્પ પર 30 મિનિટ લગાડી રાખો. પછી માથું ધોઈ નાખો. આ રીતે અઠવાડિયામાં એક વાર કરવાથી તમારા વાળ વધારે મુલાયમ બનશે.

**શિકાકઈ અને કોકોનટ ઓઈલ:** આયુર્વેદમાં વાળની સમસ્યાઓ દૂર કરવા માટે શિકાકઈનો ઉપયોગ કરવાનું જણાવ્યું છે. શિકાકઈ વાળને સ્વચ્છ કરે છે. શિકાકઈનો ઉપયોગ ઘણી હેર પ્રોડક્ટસ બનાવવામાં પણ થાય છે. તે વાળના ગ્રોથમાં પણ વધારો કરે છે. શિકાકઈ પાઉડર એક કપ કોકોનટ ઓઈલ સાથે ભેળવી તેને બરાબર મિક્સ કરી દો. ત્યારબાદ તેને એક બોટલમાં ભરી લો. આ રીતે એક હોમમેડ તેલ તૈયાર થશે. અઠવાડિયામાં એક વાર આ તેલનો મસાજ તમારા સ્કૅલ્પ પર કરો.


SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CATEGORY FOR INSIDE OR OUTSIDE CANADA CANDIDATE

DO YOU HAVE IELTS WITH 5 BAND ?

DO YOU HAVE GRADE 12 PLUS ANY DIPLOMA OR DEGREE ?

DO YOU KNOW YOU ARE ELIGIBLE FOR PR BASED - CARE GIVER CATEGORY?

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST



AMI MEHTA

CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER

@sharpimmigration

Follow us

CONTACT TODAY TO KNOW MORE

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911

E-mail : info@swadesh.news

# GSSMની મીટીંગ, આનંદ મેળો- દિવાળીના કાર્યક્રમની જાહેરાત

## સભ્યોની જન્મતિથિની ઉજવણી અને સદગત સભ્યને શ્રદ્ધાંજલી બાદ ગીત સંગીતનો કાર્યક્રમ યોજાયો

**મિસીસાગા**

જીએસએસએમની જૂન મહિનાની માસિક મીટીંગ સ્ટીવન લુઈસ સેકન્ડરી સ્કૂલ, 3675 થોમસ સ્ટ્રીટ, મિસીસાગા, ઓન્ટેરિયો ખાતે 5 જૂન 2024, રવિવારે યોજાઈ હતી. મિટિંગમાં સ્વયંસેવકો ઉષાબેન કોટ, મહેન્દ્રભાઈ ગોડીયા, અનિલભાઈ જેઠવા, ઉષાબેન કોટ, કલાબેન પટેલે સેવા આપી હતી. જે બાદ જૂન મહિનામાં જયશ્રીબેન ભટ્ટ તથા કનુભાઈ પટેલની જન્મતારીખ હોવાથી તેની ઉજવણી કરાઈ હતી. મીટીંગ દરમિયાન જયેશભાઈ અને બેલાબેન મહેતાએ દાનની નોંધ કરાવી હતી. બેઠકનું સંચાલન ઉષાબેન કોટે કર્યું હતું.



પ્રાર્થના અને સ્વાગતવિધિ બાદ સદગત સરોજબેન પટેલને યાદ કરાયા હતા. અને તેમને શ્રદ્ધાંજલી અપાઈ હતી. આ તકે, ઈલાબેન જણાવ્યું કે, બીજી જૂને જીએસએસ સમાજ આનંદ મેળાનું આયોજન કરે છે. તેથી તમારો સહયોગ જરૂરી છે. આપણે ઈન્ડિયાના સ્ટ્રીટ ફૂડના 20 સ્ટેન્ડ રાખીશું. દરેક ફૂડ સ્ટેન્ડ વાળા 75 માણસ માટે વાનગીઓ તૈયાર રાખશે. વાનગીઓનું વેચાણ કર્યા બાદ નફાના 30% સમાજને ડોનેશનમાં જશે. બાળકો માટે પણ આનંદ મેળવવા વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં વિક્રમભાઈ તેઓનું માઈન્ડ ગેમ કરાવશે તથા ઈલાબેન ડાન્સના વૅક્શોપ કરાવશે. મહેન્દ્રભાઈ ગોડીયાએ સભ્યોને જણાવ્યું કે જીએસએસએમની પિકનિક 21મી જુલાઈએ લેક ફ્રન્ટ પોમેનડ પાર્કે મિસીસાગા ખાતે યોજાશે. આ વર્ષે જીએસએસએમની દિવાલી ગાલા ઓક્ટોબરની મીટીંગ 20-10-24ના રોજ સગન બેન્કવેટ હોલમાં 10:30થી 3:30 વાગ્યા સુધી રાખવામાં આવી છે. ત્યારબાદ મ્યુઝિકનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહેન્દ્રભાઈ અને રેખાબેન ગોડીયા, સુરેનભાઈ તથા ઈન્દિરાબેન સોમૈયા અને ચેતનભાઈ શાહ પણ ભાગ લીધો હતો. બધાએ પોતાના મીઠા અવાજ સુંદર મજાના ગીતો રજૂ કર્યા હતા. બધા જ સભ્યોને સાંભળવાની ખૂબ જ મજા પડી હતી.

# કેનેડામાં ચોરને લીધે વાહનો વચ્ચે અકસ્માત સર્જાતા 3 ભારતીય સહિત 4નાં કરૂણ મોત

## અકસ્માત પછી કલાકો સુધી હાઈવે નં. 401 બંધ રહ્યો : અન્ય બેને હોસ્પિટલમાં ખસેડાયા

**ઓન્ટેરિયો**

કેનેડામાં ઓંટારિયો પોલીસની એક કાર દારૂની એક દુકાનમાંથી ચોરી કરનાર ચોરને પકડવા માટે રોંગ સાઈડ ઉપર આવી જતાં અનેક કાર ટકરાઈ હતી. જેમાં કેનેડા ફરવા ગયેલું ભારતીય દંપતી અને તેમના ત્રણ મહિનાના પૌત્ર સહિત ચાર લોકોનાં મોત થયા હતાં. ટોરોન્ટોથી 50 કિમી પૂર્વમાં વ્હાઈટબાયમાં હાઈવે નં. 401 પર થયેલા અકસ્માતમાં અનેક વાહનો ક્ષતિગ્રસ્ત થવાની સાથે ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતાં તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. ઓન્ટારિયોના સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન યુનિટ (એસઆઈયુ) એ જણાવ્યું હતું કે, અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં 60 વર્ષીય પુરુષ, 55 વર્ષીય મહિલા પણ સામેલ છે જે ભારતથી આવ્યા હતાં. મૃતકોની ઓળખ મણિવન્નન અને તેમની પત્ની મહાલક્ષ્મી અને તેમના પ્રપૌત્ર તરીકે થઈ હતી. ટોરોન્ટોમાં આવેલા કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયાએ આ માહિતી આપી હતી. એસઆઈયુએ જણાવ્યું હતું કે, દંપતીના ત્રણ મહિનાના પૌત્રનું પણ આ અકસ્માતમાં મોત થયું છે. આ અકસ્માત પછી કલાકો સુધી હાઈવે નં. 401 બંધ રહ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે, બાળકના 33 વર્ષીય પિતા અને 27 વર્ષીય માતાની કારને પણ આ અકસ્માત નડ્યો હતો અને તેમને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# પેલેસ્ટિનિયન લોકોના સમર્થનમાં ટોરોન્ટોમાં 3,000 નાગરિકોની કૂચ

## પોલીસ અને યુનિ. કેમ્પસના સંચાલકોની સતર્કતાથી ઘર્ષણની ઘટના ઘટી નહીં

**ઓન્ટેરિયો**

હજારો લોકો મંગળવારે સાંજે પેલેસ્ટિનિયન લોકોને ટેકો આપવા માટે ડાઉનટાઉન ટોરોન્ટોમાં એકઠા થયા હતા. ટોરોન્ટો પોલીસનો અંદાજ છે કે ગાઝામાં ઈઝરાયેલની લશ્કરી કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શનમાં 3,000 લોકોએ ભાગ લીધો હતો. આ "હેન્ડ્સ ઑફ રફાહ" વિરોધ સાંજે 6 વાગ્યે શરૂ થયો હતો. તેણે યોંગે અને બ્લૂર શેરીઓમાં ઈઝરાયેલી કોન્સ્યુલેટની બહાર, યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો કેમ્પસમાં પ્રવેશ કર્યો હતો. લગભગ 9 વાગ્યા સુધીમાં આ જૂથ વિદ્યાર્થીઓ દ્વારા સ્થાપિત પેલેસ્ટાઈન તરફી છાવણી પર પહોંચ્યું હતું. પોલીસે કહ્યું કે કોઈ ધરપકડ કે ઝડપ થઈ નથી. યુનિવર્સિટીએ પ્રદર્શન દરમિયાન કેમ્પસમાં પોલીસની હાજરી માટે આગ્રહ રાખ્યો હતો અને કેટલાક અધિકારીઓને અવલોકન કરવા માટે તૈનાત કરવામાં આવ્યા હતા. આયોજકોએ જણાવ્યું હતું કે વિરોધ એ પરિસ્થિતિ માટે કટોકટીનો કોલ હતો.

# GPAC દ્વારા ગુજરાત સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

## ગુજરાતી લોકગીતો, ફિલ્મી ગીતો અને ભજન તથા ગરબાની રમઝટ, સંતો મહંતો દ્વારા આશીર્વચન અપાયા, તેજસ્વી તારલા અને મહાનુભાવોનું પ્રશંસાપત્ર એનાયત કરી સન્માન

**ટોરોન્ટો**

ગત તારીખ ૧મે ૨૦૨૪ના રોજ GPAC દ્વારા ગુજરાતના ૬૫મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી ટોરોન્ટોના ગુજરાતી આગેવાનો, પત્રકારો અને સંગીત, રમત્ત ગમત , રાજકીય, સામાજિક, ધાર્મિક અને ઉદ્યોગ તથા વ્યવસાય ક્ષેત્રે ખ્યાતિ ધરાવતા અનેક ગુજરાતી મિત્રોની હાજરીમાં થઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં GPAC બોર્ડના સભ્યો અને અતિથિ વિશેષ એવા બ્રામ્પટન ઈસ્ટના MPP Hardeep Grewalનું સ્વાગત પુષ્પગુચ્છ દ્વારા પ્રેસિડેન્ટ ફેનિલ પટેલે કર્યું હતુ. કાર્યક્રમને આગળ ધપાવતા આમંત્રિત સભ્યોમા પેટ્રોન કાઉન્સિલના ધવલ વૈદ્ય અને પ્રણવ પટેલ, નરેશ પટેલે પણ હાજરી આપી હતી. કેટલાક ખ્યાતનામ ગાયકો દ્વારા પ્રાચીન ગુજરાતી લોકગીતો, ફિલ્મી ગીતો અને ભજન તથા ગરબાની રમઝટ જમાવાઈ હતી. સુંદર ઉદઘોષક તરીકે રજનીકાંત પટેલે સેવા આપી હતી. સવિશેષ BAPS Toronto મંદિરના સંતો અને મહંત સ્વામીના આશિર્વચનનો સૌને લાભ મળ્યો હતો. કાર્યક્રમના બરાબર મધ્યાને બે ભૂલકાંઓએ હાર્મોનિયમ અને તબલાંની રમઝટ સાથે વિશ્વશાંતિનો પર્યાય એવું "વૈષ્ણવજન તો તેને રે કહીએ" ગીત ગાતા સૌ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. કરણસિંહ રાના અને ચંદ્રકાંતભાઈ ઠાકર (ગીતાંજલિ ગ્રુપ) દ્વારા ગુજરાતની અસ્મિતાના દર્શન કરાવ્યા હતા. GPACના હોદ્દેદારો દ્વારા વિવિધ ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર કેટલાક તેજસ્વી તારલા અને મહાનુભાવોનું પ્રશંસાપત્ર એનાયત કરી સનમાન કરવામાં આવ્યું હતું. સૌએ ભોજન લીધા બાદ સંસ્થાના પ્રેસિડેન્ટ ફેનીલ પટેલ અને બોર્ડના સભ્યો રજનીકાંત પટેલ, રાજેશ શાહ, મિલિન્દ દવે, દશરથભાઈ ચૌધરી, ભાવિક પરીખ, હૃષિકેશ ભટ્ટ અને વિજય પંડ્યાએ હાજર સૌ આમંત્રિત મહેમાનો, ગુજરાતી મીડિયાના મિત્રો અને સૌ મહાનુભાવોને સન્માનિત કર્યા હતા.
















# ગુજરાતમાં ક્ષત્રિય સમુદાયનો દાવો, ભાજપ 7 સીટ ગુમાવશે

## રૂપાલાના બફાટ મુદ્દે નારાજગી યથાવત્ : મતદાન પૂર્ણ થયા બાદ ક્ષત્રિય સમાજે કહ્યું, પિક્ચર અભી બાકી હૈ..

**અમદાવાદ**

ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોના શ્વાસ અદ્ધર-પદ્ધર કરી દેતા ક્ષત્રિય સમાજના આંદોલને મતદાનના દિવસ સુધી જડબેસલાક પકડ રાખી હતી. મંગળવારે મતદાન થયા બાદ ક્ષત્રિય સમાજ સંકલન સમિતિએ ગુજરાતની જનતાને સંદેશ આપ્યો કે 'ગુજરાતમાથી 7 સીટ ભાજપની ઓછી થાય છે અને 4 બેઠકો પર રસાકસી છે' મતલબ એ કે રસાકસી વાળી બેઠક પરની બે પણ ભાજપ ગુમાવે તો ગુજરાતની 25 બેઠકોમાથી ભાજપને 9 બેઠક ગુમાવવી પડે. ક્ષત્રિય સમજે એલાન કરી જ દીધું છે કે પરિણામો સુધી આ અલ્પ વિરામ છે, આને પૂર્ણ વિરામ માનશો નહીં. સમાજના આગેવાનોએ કહ્યું હતું કે, લોકસભામાં રાજકોટ, આણંદ, તો વિધાનસભામાં વાઘોડિયા, લોકસભામાં વડોદરા, જામનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, ભાવનગર, ભરૂચ, જેવા વિસ્તારોમાં મતદાનની થયેલી ટકાવારી ઘણું કહી જાય છે. પરંતુ બંને પાર્ટીના દાવાઓની ખરી હકીકત 'ભરેલા નાળિયેર'જેવી છે. ભાજપ અને કોંગ્રેસ બંને દાવાઓ કરે છે કે, જીત અમારી જ. ભાજપને તો હજુ પણ 25 બેઠકો જીતી જવાનો વિશ્વાસ છે. કોંગ્રેસને વિશ્વાસ 'ઓછું વોટિંગ' અને ક્ષત્રિય આંદોલનનો ભરોસો છે કે આ વખતે 25 તો નહીં જ આવે. કોંગ્રેસ પણ 'દીવા જેવી ચોખ્ખી'વાત નથી કરી શકતો કે, ઉમેદવારના દમ પર ગુજરાતમાં કોંગ્રેસ આટલી બેઠક મેળવી જશે.

આદિવાસી વિસ્તારમાં દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મતદાન ઊંચું થયું છે. વલસાડનું મતદાન તો ગુજરાતમાં સૌથી ઊંચું રહ્યું હતું. વલસાડમાં કોંગ્રેસનાં આદિવાસી નેતા અને ધારાસભ્ય અનંત પટેલને ઉમેદવાર બનાવ્યા હતા. તો ભાજપે નવા સવા પણ અભ્યાસુ ઉમેદવાર ધવલ પટેલ પર પસંદગી ઉતારી હતી. અહીં પણ કોળી સમુદાયની ભાજપ પ્રત્યેની નારાજગી મતદાનના બે-ત્રણ દિવસ પહેલા જ સામે આવી હતી. રાજકોટ લોકસભામાં મતદાનની ટકાવારી ઓછી તે જ રીતે પોરબંદરમાં પણ સરેરાશ મતદાન ઓછું થયું છે. કોંગ્રેસ ભલે પોરબંદર સીટ પર જીતનો દાવો કરતી પણ હોય તો વિચારવું પડે. પોરબંદર લોકસભામાં આવતી માણાવદર વિધાનસભા બેઠક પર કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા અરવિંદ લાડાણીને માત્ર 46-47 ટકા મતદાનથી આંખે અંધારા આવી ગયા હોય તો નવાઈ નહીં. જો કે માણાવદર પહેલેથી જ કોંગ્રેસનો ગઢ રહ્યો છે

# મારી ભૂલ થઈ છે, મતદાન બાદ રૂપાલાએ બે હાથ જોડી ફરી ક્ષત્રિય સમાજની માફી માંગી

**રાજકોટ**

ગુજરાતમાં મતદાન પ્રક્રિયા બાદ રાજકોટમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ પત્રકાર પરિષદ કરી નિખાલસતાપૂર્વક સ્વીકાર્યું હતું કે ' જ્યારે મતદાન પૂરું થઈ ગયું છે ત્યારે ફરી એક વખત ક્ષત્રિય સમાજ ને હું નમ્રતાપૂર્વક જણાવું છું કે જે કંઈ ભૂલ થઈ તે મારાથી થઈ છે અને તેને લીધે સમગ્ર ભારતીય જનતા પક્ષને તકલીફ પડી તેનો મને ખેદ છે. જ્યારે મતદાન પૂરું થઈ ગયું છે, પરિણામની ખબર નથી, ત્યારે ક્ષત્રિય સમાજને ફરી દિલગીરી વ્યક્ત કરું છું. પરસોતમ



રૂપાલાએ એવી પણ વાત કરી હતી કે ભારતીય જનતા પક્ષમાં જ્યારે મારી વાતને લોકો સહર્ષ સ્વીકારતા અને મારા ભાષણની મત પરિવર્તનમાં અસર થતી. પરંતુ મારી કારકિર્દીનો આ સૌથી કપરો કાળ સાબિત થયો. આવી મુશ્કેલી 40 વર્ષની રાજકીય, સામાજિક કારકિર્દીમાં મેં ક્યારેય અનુભવી નથી. પરંતુ તેના માટે માત્ર હું જ જવાબદાર છું પરંતુ માણસ માત્ર ભૂલને પાત્ર એટલું સમજી અને ક્ષત્રિય સમાજને ફરી એક વખત વિનંતી કરું છું કે મારી દિલગીરી સ્વીકારે.

ગઈકાલે જે શાંતિપૂર્ણ તેમનો વ્યવહાર હતો તે માટે હું ખરેખર દિલથી તેમનો આભાર માનું છું. મારા નિવેદનને કારણે અમારા પક્ષના જ કેટલાક ક્ષત્રિય આગેવાનોને પણ સાંભળવાનું થયું, તેમની પણ હું માફી માગી અને દિલગીરી વ્યક્ત કરું છું.

# ભાજપે છેલ્લે સુધી ક્ષત્રિય સમાજને મનાવવા પ્રયાસ કર્યા : પત્ર લખ્યો

**અમદાવાદ**

રાજકોટ સીટથી ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા નિવેદન બાદ ગુજરાતમાં શરૂ થયેલા ક્ષત્રિય આંદોલનના કારણે ચૂંટણી જંગ રસપ્રદ બન્યો હતો. છેલ્લા 40 દિવસથી ક્ષત્રિય સમાજ અને ભાજપ આમને-સામને છે ઠેર-ઠેર ભાજપના ઉમેદવારોનો વિરોધ થઇ રહ્યો હતો. આ વખતે ગુજરાતની તમામ સીટો જીતવી ભાજપ માટે સરળ નથી આ સત્યથી વાકેફ પાર્ટીએ 'ડૅમેજ કંટ્રોલ'ના છેલ્લો પ્રયાસરૂપે ક્ષત્રિય સમાજને પત્ર લખી સમર્થન આપવા આજીજી કરી હતી. ક્ષત્રિય સમાજનો પહેલા જે વિરોધ રૂપાલા સામે હતો તે હવે ભાજપ પાર્ટી સામે થઈ ગયો હતો. અને રાજ્યના વિવિધ ભાગોમાં થયેલા ક્ષત્રિય મહાસંમેલનોમાં ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. એવામાં હવે ક્ષત્રિય સમાજ ભાજપને સમર્થન કરે અને ઉદારતા દાખવે તે માટે ભાજપે છેલ્લે સોમવારે પ્રેસ રિલીઝ જાહેર કરી ક્ષત્રિય સમાજને કરી અપીલ હતી. ભાજપે તેના પત્રમાં જણાવ્યું કે, ક્ષમા વિરસ્ય ભૂષણમના ક્ષાત્રધર્મને સાર્થક કરીને ક્ષત્રિય સમાજ ભાજપને સમર્થન આપીને ઉદારતા દાખવે. રૂપાલાના નિવેદન પર માફી આપી ભાજપને સમર્થન આપે.

# 'પરિણામો આવશે ત્યારે સ્વાભિમાનનો વિજય થશે- અભિમાન હારશે' : ધાનાણી

**રાજકોટ**

ગુજરાતની 25 લોકસભા સીટ પરનું મતદાન પૂર્ણ થયા બાદ ઉમેદવારો હવે તેમની જીતનો દાવો કરી રહ્યા છે, જેમ કે રાજકોટ લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ પણ પત્રકાર પરિષદ યોજી રાજકોટના લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો, તેમણે કહ્યું મને એ વાતનો આનંદ છે કે રાજકોટમાં મતદાન કરવા માટે મતદાન મથક પર જનમેદની જોવા મળી હતી. ગઈકાલે જે મતદાન થયું છે, અંદાજિત 60 ટકા મતદાન ધોમધખતા તાપમાં થયું છે. આ સાથે જ દાવો કર્યો હતો કે પરિણામો આવશે ત્યારે 2000 જેટલા બૂથમાં કોંગ્રેસ પક્ષના મત વધુ હશે.

પરેશ ધાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે 'મને આનંદ છે કે કાલે રાજકોટમાં મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે, જેમાં રાજકોટના જનજનનો પ્રેમ મળ્યો છે. લોકોએ સમજીવિચારીને તેમજ સંગઠિત થઈને મતદાન કર્યું છે તેમજ સૌપ્રથમ લોકશાહીની લાજ રાખવા માટે રાજકોટના રણમેદાનમાં લોકસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયું છે. રાજકોટના લોકોએ સમજીવિચારીને અને સંગઠિત થઈ મતદાન કર્યું છે. લોકશાહીની લાજ રાખવા થયેલા આ મતદાનની ધાર અહંકારને ઓગાળશે એવો મને વિશ્વાસ છે.'

# નિલેશ કુંભાણી મામલે સુરતના કલેક્ટર અને ટેકેદારો સામે પોલીસ ફરિયાદ નોંધવા અરજી

**સુરત**

સુરતમાં કોંગ્રેસના ઉમેદાર નીલેશ કુંભાણીનું ફોર્મ રદ થતા આ બેઠક પર ભાજપના ઉમેદવારને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. જો કે હવે કોંગ્રેસના કાર્યકર અશોક પીંપળેએ પોતાના મતાધિકાર છીનવાઈ જવાના આરોપસર નિલેશ કુંભાણી, તેના ટેકેદારો અને સુરત કલેક્ટર વિરુદ્ધ પોલીસ કમિશ્નરને અરજી આપી છે. તેમજ આ અરજીમાં ટેકેદારો ઉપરાંત સુરત કલેક્ટરનું નામ પણ લખવામાં આવ્યું છે. અરજીમાં જણાવ્યું છે કે, સુરતની લોકસભા બેઠક પર કોંગ્રેસમાંથી નીલેશ કુંભાણીએ ફોર્મ ભર્યું હતું પરંતુ તેઓના ટેકેદારોએ પોતાની સિગ્નેચર નહી હોવાનું જણાવતા નીલેશ કુંભાણીનું ફોર્મ રદ થયું હતું અને નીલેશ કુંભાણીનું ફોર્મ રદ થયા બાદ સુરતમાં તેઓનો વિરોધ પણ થયો હતો. નિલેશ કુંભાણી, ટેકેદારો રમેશ પોલરા, જગદીશ સાવલિયા, ધ્રુવિન ધામેલીયા અને સુરતના કલેક્ટર ડો.સૌરભ પારધી સામે ફરિયાદ નોંધવી જરૂરી છે.

### કુંભાણીના વિરોધમાં પોસ્ટર વૉર, સુખડનો હાર ચઢાવાયો

સુરત : કુંભાણી સુરત આવ્યા હોવાના અહેવાલ બાદ વરાછા વિસ્તારમાં કેટલાક કોંગ્રેસી કાર્યકરોએ વરાછા વિસ્તારમાં પોસ્ટર અને બેનર સાથે કુંભાણી સામે રોષ ઠાલવ્યો હતો. વરાછા વિસ્તારમાં લાગેલા પોસ્ટર અને બેનરમાં કુંભાણીનો ફોટો પર સુખડનો હાર લગાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ પોસ્ટર અને બેનર પર 'કુંભાણી ઠગ ઓફ સુરત', 'લોકશાહીનો હત્યારો છે' તેવું લખાણ લખવામાં આવ્યું હતું. કેટલાક કાર્યકરોએ આવી રીતે રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો. બીજી તરફ કુંભાણીના ઘરે પોલીસ બંદોબસ્ત ચુસ્ત કરવામાં આવ્યો છે.

# નાણામંત્રી કનુ દેસાઈના વિવાદીત ઉચ્ચારણથી કોળી સમાજમાં આક્રોશ

**વલસાડ**

વલસાડ પંથકમાં સોમવારે યોજાયેલી એક સભામાં ભાજપ સરકારના રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ કોળિયો કૂટાય અને ધોળીયા ચૂંટાય તેવું નિવેદન કર્યું હતું જેની સામે કોળી સમાજના કેટલાક આગેવાનોએ રોષ વ્યક્ત કર્યો હતો. રાજકોટમાં મુન્ના બાવળિયાએ સહિત અગ્રણીઓએ જણાવ્યું કે અમને નીચા દેખાડવા માટેના આ પ્રયાસ બદલ અમે ભાજપ વિરૂધ્ધ મતદાન કરવા મજબૂર બન્યા હતા. સમાજના આગેવાનોએ વધુમાં જણાવ્યું કે કોળી સમાજ ભાજપને વારંવાર મદદ કરતો રહ્યો છે પરંતુ, બદલામાં કશુ માંગ્યુ નથી. અમે મોટા કોન્ટ્રાકટો કે અમારા વિસ્તારમાં વધારે ફંડ માંગ્યું નથી.

# ગુજરાતમાં કોંગ્રેસે મુસ્લિમને ટિકિટ નહીં ફાળવી છતાં 35 ઉમેદવારો ચૂંટણી લડ્યા

**ગાંધીનગર**

ગુજરાતમાં 35 મુસ્લિમ ઉમેદવારો લોકસભા ચૂંટણી લડ્યા છે. જો કે રસપ્રદ વાત એ છે કે આ વખતે કોંગ્રેસે પોતાની પરંપરા તોડી આ સમાજના એક પણ વ્યક્તિને ટિકિટ આપી ન હતી. આ સમગ્ર મામલે કોંગ્રેસે દલીલ કરી કે ભરૂચ લોકસભા સીટ જ્યાંથી કોંગ્રેસ દર વખતે મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતારતી હતી. પરંતુ આ વખતે આમ આદમી પાર્ટી સાથે બેઠક વહેંચણીના કારણે આ બેઠક આપને ફાળવવામાં આવી છે. જ્યારે આ ઉપરાંત અન્ય રાષ્ટ્રીય પક્ષો પૈકી માત્ર બહુજન સમાજ પાર્ટીએ ગાંધીનગરથી મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. BSPએ 2019ની લોકસભા ચૂંટણીમાં પંચમહાલમાંથી મુસ્લિમ ઉમેદવારને પણ મેદાનમાં ઉતાર્યા હતા. લોકસભાની ચૂંટણીમાં 35 મુસ્લિમ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે 2019માં 43 મુસ્લિમ ઉમેદવારો મેદાનમાં હતા. મોટાભાગના મુસ્લિમ ઉમેદવારોએ કાં તો અપક્ષ તરીકે ચૂંટણી લડ્યા છે. અથવા ઓછા જાણીતા પક્ષો માંથી તેઓએ ઝંપલાવ્યું હતું.

# વાઘોડિયાની ધરતી પર ભાજપને મેં જન્મ આપ્યો છે : મધુ શ્રીવાસ્તવ

**વાઘોડિયા**

લોકસભા ચૂંટણી માટે પ્રચારોના અંતિમ દિવસ શનિવારે સભા યોજાઈ હતી. આ દરમિયાન પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે વાઘોડિયા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર કનુ ગોહિલ માટે પ્રચાર કર્યો હતો. તેમણે જાહેર સભાને સંબોધતા કહ્યું કે, 'વાઘોડિયાની ધરતી પર ભાજપને જન્મ આપનાર મધુ શ્રીવાસ્તવ છે. વાઘોડિયાની ધરતી પર ભાજપને હરાવનાર પણ મધુ શ્રીવાસ્તવ છે.' ભાજપ ઉમેદવાર પર પ્રહારો કરતા મધુ શ્રીવાસ્તવે કહ્યું કે, 'તું પૈસાના જોર પર જીતવા નીકળ્યો છે. તારા કાર્યકરો લોકોની જમીન લખાવી લે છે. લોકોની સેવા કરો, લોકોને રોજી રોટી અપાવો, સારા કાર્યો કરો. હું જ્યાં સુધી છું ત્યાં સુધી લોકોની સેવા કરતો રહીશ.'

### 2019ની સરખામણીમાં રાજ્યમાં 4.08 ટકા મતદાન ઘટ્યું : 60.13 ટકા મતદાનથી શાસક ભાજપની ચિંતા વધી ગઈ

# ગુજરાતની 25 બેઠકો ઉપર સરેરાશ 60.13 ટકા મતદાન

**2019માં 64.21 ટકા મતદાન થયું હતું : જ્યારે 2024 4.79 કરોડ મતદારોમાંથી 2.88 કરોડ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કચ્છ | 56.14 ટકા | ગાંધીનગર | 59.86 ટકા | પોરબંદર | 51.83 ટકા | આણંદ | 65.04 ટકા | છોટાઉદેપુર | 69.15 ટકા |
| બનાસકાંઠા | 69.62 ટકા | અમદાવાદ (ઈસ્ટ) | 54.72 ટકા | જામનગર | 57.67 ટકા | ખેડા | 58.12 ટકા | ભરૂચ | 69.16 ટકા |
| પાટણ | 58.56 ટકા | અમદાવાદ (વેસ્ટ) | 55.45 ટકા | જુનાગઢ | 58.91 ટકા | પંચમહાલ | 58.85 ટકા | બારડોલી | 64.81 ટકા |
| મહેસાણા | 59.86 ટકા | સુરેન્દ્રનગર | 55.09 ટકા | અમરેલી | 50.29 ટકા | દાહોદ | 59.31 ટકા | નવસારી | 59.66 ટકા |
| સાબરકાંઠા | 63.56 ટકા | રાજકોટ | 59.69 ટકા | ભાવનગર | 53.92 ટકા | વડોદરા | 61.59 ટકા | વલસાડ | 72.71 ટકા |

ગાંધીનગર: ગુજરાતમાં 7 મેએ 25 લોકસભા સીટો પર મતદાન યોજાયું હતું. રાજ્યભરમાં 2019ની ચૂંટણીની તુલનાએ ઓછું મતદાન થયું છે. હવે મતદાન પૂર્ણ થવાના 24 કલાક બાદ ચૂંટણી પંચ દ્વારા નવા આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં લોકસભાની 25 સીટો પર કુલ 60.13 ટકા મતદાન થયું છે. રાજ્યમાં સૌથી વધુ મતદાન વલસાડ લોકસભા સીટ પર થયું છે. વલસાડ બેઠક પર 72.71 ટકા મતદાન થયું છે. જ્યારે અમરેલી લોકસભા સીટ પર સૌથી ઓછું 50.29 ટકા મતદાન થયું છે.

ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા લેટેસ્ટ આંકડા પ્રમાણે ગુજરાતમાં 25 લોકસભા સીટ પર 60.13 ટકા મતદાન થયું છે. રાજ્યમાં આ 25 સીટો પર સામે આવેલા આંકડામાં વલસાડમાં સૌથી વધુ તો અમરેલીમાં સૌથી ઓછું મતદાન થયું છે. જ્યારે સંખ્યાની દ્રષ્ટિએ જુઓ તો બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ લોકોએ મતદાન કર્યું છે. રાજ્યમાં ત્રણ બેઠક એવી છે જ્યાં 10 લાખ કરતા ઓછું મતદાન થયું છે.



### • ગુજરાતમાં ત્રણ સીટ પર 10 લાખથી ઓછા મત પડ્યા

રાજ્યમાં ત્રણ લોકસભા સીટ એવી છે જ્યાં મતદાન 10 લાખથી ઓછું થયું છે. સૌથી ઓછું મતદાન આંકડાની દ્રષ્ટિએ અમરેલી બેઠક પર થયું છે. અહીં 8 લાખ 71 હજાર 373 લોકોએ પોતાના મતદાનનો પ્રયોગ કર્યો છે. જ્યારે અમદાવાદ વેસ્ટ સીટ પર 9 લાખ 57 હજાર 573 લોકોએ મત આપ્યા છે. આ સિવાય પોરબંદરમાં 9 લાખ 16 હજાર 519 લોકોએ મતદાન કર્યું છે.

### • બે કરોડ જેટલા ગુજરાતીઓ મત આપવા ન ગયા

ગુજરાતની 25 લોકસભા સીટ પર કુલ 4 કરોડ 79 લાખ, 82 હજાર, 446 મતદાતા હતા. જેમાંથી 1 કરોડ, 91 લાખ, 28 હજાર, 316 લોકો મત આપવા ગયા નહીં. કહી શકાય કે રાજ્યમાં મતદાન કરવામાં ગુજરાતીઓ ઠંડા રહ્યાં હતા.

### ગુજરાતના 6 ગામોમાં ચૂંટણીનો બહિષ્કાર

ભરૂચના કેસર, સુરત માંગરોળના સણધરા તેમજ બનાસકાંઠાના ભાખરી ગામે ગ્રામજનોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાની જાણકારી મળી છે. ઉપરાંત માંગરોળના ભાટગામ તથા બાલાસિનોરના બોડોલી અને પુંજરા ગામે આંશિક બહિષ્કારની જાણકારી મળી છે. ભાંખરી ગામ વસ્તીની દ્રષ્ટિએ મોટું હોવા છતાં સ્થાનિક તંત્ર તેમજ રાજકીય દબાણના કારણે પંચાયતનું હેડક્વાર્ટર ભાંખરીના બદલે હમીરપુરાને આપતા ઘણા સમયથી વિવાદ ચાલતો હોઇ અનેક રજૂઆતો કરવા છતાં રાજ્ય સરકાર તેમજ અધિકારીઓએ ગામ લોકોની અરજ ધ્યાને ન લેતા ચૂંટણી બહિષ્કારનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### • કોંગ્રેસે બોગસ વોટિંગ સહિત ગેરરીતિની 19 ફરિયાદ કરી

ગુજરાત સહિત દેશભરમાં આજે ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. ગુજરાતની પણ 26માંથી 25 બેઠકો પર મતદાન થયું હતું. જો કે આ દરમ્યાન ગુજરાત કોંગ્રેસે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં બોગસ વોટિંગ અને ગેરરીતિની 19 ફરિયાદો ચૂંટણી પંચમાં કરી હતી. જેમાં પીએમ મોદી અને અમિત શાહ સામે પણ ચૂંટણીપંચમાં રજૂઆત કરાઈ છે.

### • કન્ટ્રોલ રૂમ પર કુલ 92 ફરિયાદ મળતાં કાર્યવાહી થઇ

કંટ્રોલ રૂમ પર તમામ ઈવીએમ બાબતે 11 અને બોગસ વોટિંગ 18 ફરિયાદ મળી હતી. કુલ 92 ફરિયાદ મળી હતી. ત્રણ ગામોમાં સંપૂર્ણ મતદાન બહિષ્કાર જોવા મળ્યો હતો. પી.ભારતીએ ચૂંટણી ફરજ પરના કર્મચારીઓને આભાર માન્યો હતો. 92 માંથી ઈવીએમની 11 ફરિયાદ છે. એમસીસીની 21, લો ઓર્ડર બોગસ વેટિંગની 18 ફરિયાદો મળી છે. આદર્શ આચારસંહિતા બાબતે ગઈકાલથી આજે 21 ફરિયાદો દાખલ થઈ છે.

### • વાસણ મતદારે EVMમાં ફેવિકીક લગાડી બટન બંધ કર્યું

વાસણ ગામમાં ફરિયાદ મળી છે તેમાં કોઈ મતદાર દ્વારા ફેવીકીક લગાડીને કામગીરી અવરોધવામાં આવી હતી અને એક બટન બંધ કરી દેવામાં આવ્યું હતું. પછી એક કલાકથી દોઢ કલાક મતદાન બંધ રહ્યું હતું. પછી તે ચાલુ કરી દેવામાં આવ્યું હતું.

# EVM તો આપણા બાપનું છે કહી ભાજપ નેતાના દીકરા દ્વારા બુથ કેપ્ચર : છ કર્મીઓ સસ્પેન્ડ

**સંતરામપુર**

ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે ત્રીજા તબક્કાનું મતદાન મંગળવારે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું હતું. આ દરમિયાન મહિસાગરના પરથમપુર ગામમાં બૂથ કેપ્ચરીંગનો વીડિયો વાયરલ થયો છે. ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસી EVM કેપ્ચર કર્યું હતુ. વિજય ભાભોરે પોતાના સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર આખી ઘટના લાઈવ પણ કર્યુ હતુ. અન્ય લોકો સાથે મળી ભાજપ ઉમેદવાર માટે બોગસ વોટિંગ પણ કર્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જો કે આ અંગે ફરિયાદ બાદ એક પોલીસ કર્મી સહિત 6ને સસ્પેન્ડ કરાયા હતા. જેમાં આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર ભુપતસિંહ પરમાર તેમજ પોલિંગ ઓફિસર યોગેશ સોલ્યા અને પોલિંગ ઓફિસર મયુરિકા પટેલને સસ્પેન્ડ કરાયા છે, તો સાથો સાથ પોલીસ કર્મચારી રાહુલ, રમણભાઈ માલીવાડનો સમાવેશ થાય છે.

### મહીસાગરના પરથમપુરા બુથ ઉપર પુનઃ મતદાન યોજાશે

સંતરામપુર : બુથ કેપ્ચરિંગની ઘટના સંદર્ભે ચૂંટણી પંચે ફરીથી મતદાનનો નિર્ણય લીધો છે. મહીસાગરના પરથમપુરા બુથ પર પુનઃ મતદાન યોજાશે. હવે ૧૧ મેના રોજ સવારે ૭થી સાંજના ૬ સુધી પુનઃ લોકસભાની ચૂંટણી માટે મતદાન યોજાશે. ૧૧ તારીખે સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી રીપોલ કરાશે. બુથ કેપ્ચરિંગની ઘટના સંદર્ભે ચૂંટણી પંચે આ નિર્ણય કર્યો છે.

# ચૈતર વસાવાને કારણે ભરૂચનો જંગ રસપ્રદ ડેડિયાપાડામાં સૌથી વધુ 84 ટકા મતદાન

**ભરૂચ**

સૌથી વધુ ઉત્સાહ દક્ષિણ ગુજરાતના ડેડિયાપાડા વિસ્તારના મતદારોએ બતાવ્યો હતો. ડેડીયાપાડા વિધાનસભામાં સૌથી વધુ 83.95 ટકા મતદાન નોંધાયું હતું. આ વિસ્તારમાં આપના ધારાસભ્ય નેતા ચૈતર વસાવા હાલ ભરૂચ બેઠક પરથી મેદાનમાં હતા. જેને કારણે આ બેઠક પર રસપ્રદ ચૂંટણી જંગ ખેલાયો હતો. રાજ્યમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ ન કરી શક્યા, તે આપ-કોંગ્રેસના ગઠબંધનના ચૈતર વસાવાએ કરી બતાવ્યું હતું. ચૈતર સામે મનસુખ વસાવાના ટેકેદારો પણ ઉત્સાહિત હતા તેથી સવારથી જ મતદાન માટે લાઈન લાગી ગઈ હતી. ડેડીયાપાડાના બમ્પર મતદાનથી રાજકીય વિશ્લેષકો માની રહ્યાં છે કે, આ મતદાન ચૈતર વસાવાના તરફેણમાં થયું હોઈ શકે છે. સાથે જ ચૈતર વસાવા જે રીતે ગત વિધાનસભાથી આદિવાસી હીરો તરીકેની છાપથી ઉભરી આવ્યા છે. તેમની પોપ્યુલારિટી આ વિસ્તારમાં વધારે છે. આ ઉપરાંત મનસુખ વસાવાનો બેફામ વાણીવિલાસ પણ ભાજપને નડી શકે છે. એવુ પણ કહેવાય છે કે, ચૈતર વસાવાએ ડેડીયાપાડામાં બૂથ લેવલ પર સ્ટ્રોંગ કામગીરી છે.

### મતદાન પૂર્ણ થતાં જ મેઘરજમાં ભાજપ નેતા પર જીવલેણ હુમલો, કાર પર થયો પથ્થરમારો

અરવલ્લી: અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ભાજપ નેતા પર જીવલેણ હુમલો થયો હતો. પ્રદેશ નેતા હિમાંશું પટેલની કાર પર પથ્થરમારાની ઘટના પ્રકાશમાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે મેઘરજ મામલતદાર કચેરી આગળ અસામાજિક તત્વો દ્વારા હુમલો કરાયો છે. જેમાં કારના કાચ તોડી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની માહિતી મળતા જ મેઘરજ પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાની વિગતવાર વાત કરીએ તો અરવલ્લી સાબરકાંઠાના યુવા અને ભાજપ નેતા, હિમાંશુ પટેલ ઉપર મંગળવારે સાંજના સુમારે, મેઘરજ નગરની મામલતદાર કચેરી પાસે,પથ્થરો અને લાકડીયો લઈ આવેલા ટોળાએ એકાએક કાર ઉપર હુમલો કરી દીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. હુમલાની ઘટનામાં હિમાંશુ પટેલને ઈજાઓ પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. હીચકારા હુમલાની ઘટનાને લઈ ભાજપના આગેવાનો ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા. ઘટના સ્થળે પોલીસ હાજર હોવાના છતાં, હુમલો કરતા પોલીસ સામે પણ સવાલો ઉઠ્યા છે. સમગ્ર ઘટનાને લઈ હાલ તો મેઘરજ પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની ભોગ બનનાર યુવા નેતાએ તજવીજ હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

### યુવકને જાનથી મારવાની ધમકી આપવા અંગે બનાસના ગેનીબેન આરોપ!

**ગુજરાત**

પ્રકાશ ચૌધરી નામના વ્યક્તિએ કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોર પર ગંભીર આરોપ લગાવ્યા હતા. પ્રકાશ ચૌધરી નામના વ્યક્તિએ જણાવ્યું હતું કે ગેનીબેન ઠાકોરે મને પકડી અને મને ખૂબ માર માર્યો છે. ગેનીબેન ઠાકોરે મને ધમકી આપી છે, મને એવું કહ્યું છે કે તને આજે અહીંયાથી અમે જીવતો નહી જવા દઈએ તને મારીને ફેંકી દઈશું. આ સમગ્ર ઘટનામાં બનાસકાંઠા પોલીસ વડાને યોગ્ય પગલા લેવા વિનંતિ કરાઈ છે. આ પહેલાં દાંતા તાલુકાના ધરેડા ગામની પ્રાથમિક શાળાના મતદાન મથકમાંથી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે નકલી CRPF કર્મચારી બનીને ફરતા યુવકને ઝડપી લીધો હતો.

### ખેડામાં ચૂંટણી વેળા તહેનાત 586 કર્મચારીઓની તબિયત લથડી, હીટવેવનો શિકાર થયા

ચૂંટણી દરમિયાન હીટવેવના લીધે ખેડા સંસદીય મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયામાં ફરજ બજાવતા 568 કર્મચારીઓની તબીયત લથડતા જિલ્લા આરોગ્ય વિભાગે સારવાર આપી હતી. ખેડા લોકસભા બેઠક માટે ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફને જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સારવાર આપવામાં આવી હતી. ડિસ્પેચિંગ સેન્ટર ખાતે 95 વ્યક્તિઓને તથા મતદાન મથકે ૪૯૧ વ્યક્તિઓને સારવાર આપવામાં આવી હતી. જ્યારે ચાર વ્યક્તિઓને વધુ સારવાર માટે નજીકના સરકારી દવાખાનાઓમાં મોકલવામાં આવ્યા હતા.

### મતદાન મથકમાં ભાજપના સિમ્બોલવાળી પેન જોતા જ ભડક્યા કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શકિતસિંહ ગોહિલે વાસણ ગામના બુથમાં ભાજપની નિશાનીવાળી પેન લઇને બેઠેલા ઉમેદવારના એજન્ટને લઇને વિરોધ દર્શાવ્યો હતો. જે વિડીયો સામે આવ્યો છે. જેમાં તેમણે કહ્યું કે, ભાજપ મતદાન/બૂથ પ્રતિનિધિઓ બૂથની અંદર કમળના પ્રતિક અને ભાજપના નેતાના ફોટાવાળી પેન કેવી રીતે રાખી શકાય? તમારે તાત્કાલિક સંજ્ઞાન લેવું જોઈએ અને કડક પગલાં લેવા જોઈએ.

# B.C સરકારી નેટવર્ક્સ પર 'સોફિસ્ટિકેટેડ' સાયબર હુમલા ડિટેક્ટ

## ડેટાની સુરક્ષા માટે વધારાના પગલાંની શોધખોળ શરૂ : માહિતી સાથે ચેડાં થયા ન હોવાની સ્પષ્ટતા

**બીસી**

પ્રીમિયર ડેવિડ એબીએ બુધવારે સાંજે પુષ્ટિ કરી હતી કે, બીસી સરકારી નેટવર્ક્સ પર "આધુનિક સાયબર સુરક્ષા ઘટના મળી આવી છે. લોકો સાથે થોડી વિગતો શેર કરવામાં આવી છે, પરંતુ એબીએ જણાવ્યું હતું કે, પ્રાંત સાયબર હુમલાઓની હદ નક્કી કરવા માટે કેનેડિયન સેન્ટર ફોર સાયબર સિક્યુરિટી સાથે કામ કરી રહ્યું છે. આ સમયે એવા કોઈ પુરાવા નથી કે સંવેદનશીલ માહિતી સાથે ચેડા કરવામાં આવ્યા છે. વડાપ્રધાને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તપાસ ચાલુ છે અને કઈ માહિતી એક્સેસ કરવામાં આવી હશે તે નક્કી કરવા માટે અમારી પાસે ઘણું કામ છે.

મીડિયાના અહેવાલ દર્શાવે છે કે તમામ સરકારી કર્મચારીઓને તેમના પાસવર્ડ



તાત્કાલિક બદલવા માટે નિર્દેશિત કરવામાં આવ્યા હતા. તેના એક અઠવાડિયા પછી એની પુષ્ટિ થઈ છે. એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે, લંડન ડ્રગ્સ સામે હાઈ-પ્રોફાઈલ સાયબર એટેકની કોઈ લિંક નથી, જેણે કંપનીને ઘણા દિવસો સુધી તમામ 79 સ્ટોર્સ બંધ કરવાની ફરજ પડી હતી. એબીના નિવેદન અનુસાર બી.સી. સરકાર હવે ડેટા અને માહિતી પ્રણાલીની સુરક્ષા માટે વધારાના પગલાં શોધી રહી છે. સાયબર સુરક્ષા ધમકીઓ આધુનિક વિશ્વની વાસ્તવિકતા છે અને એની ગંભીરતામાં વધી રહી છે," તેમણે કહ્યું હતું.

B.C.ની માહિતી અને ગોપનીયતા કમિશનરની ઓફિસને પણ સૂચના આપવામાં આવી છે. અગાઉ સોમવારે, લંડન ડ્રગ્સના પ્રમુખ ક્લિન્ટ માહલમેને કંપનીના સાયબર સુરક્ષા ભંગ માટે ગ્રાહકોની માફી માંગી હતી, જે તપાસ હેઠળ છે. તેણે સાયબર એટેકની સ્ટાઈલ અંગે કોઈ વધુ વિગતો આપી ન હતી, પરંતુ કંપનીએ અગાઉ કહ્યું હતું કે લંડન ડ્રગ્સ ફાર્મસીઓમાંથી વ્યક્તિગત આરોગ્ય માહિતી સહિત, ચેડા કરવામાં આવ્યા હોવાના કોઈ પુરાવા ગ્રાહક ડેટા નથી.

# હાઈવે નં. 401 પર અકસ્માતમાં મૃત્યુ પામેલા બાળકની અંતિમવિધિ કરાઈ

**ઓન્ટેરિયો**

છેલ્લા અઠવાડિયે વ્હીટબીમાં હાઈવે 401 ઉપર માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણ મહિનાના બાળકની બુધવારે અંતિમવિધિ કરવામાં આવી હતી. આદિત્ય વિવાન ગોલકુનાથ માટેની સેવા મારખામના ચેપલ રિજ ફ્યુનરલ હોમમાં થઈ હતી. મીડિયાના અહેવાલોમાં આદિત્યની પ્રશંસા કરાઈ હતી. જેમાં દર્શાવાયું હતુ કે, આદિ તરીકે તે જાણીતો હતો, બાળકનાં કાકી બ્રિન્દાએ શ્રદ્ધાંજલિમાં કહ્યું હતું કે તેને "સુંદર આત્મા" તરીકે યાદ કરવામાં આવ્યો હતો, જેને તેના પ્રિયજનો પાસેથી "ખૂબ જલ્દી" લઈ લેવામાં આવ્યો હતો. એવું લાગે છે કે ગઈકાલે જ ગોકુલ (તેના પિતા)એ અમને



બોલાવ્યા અને કહ્યું કે તેમનો છોકરો અહીં છે. બાળકના 60 વર્ષીય દાદા મણિવન્નન શ્રીનિવાસપિલ્લઈ અને 55 વર્ષીય દાદી મહાલક્ષ્મી અનંતક્રિષ્નનને શ્રદ્ધાંજલિ આપવા માટે શોકાતુર લોકો તે જ સ્થળે ભેગા થયાના બે દિવસ બાદ જ બુધવારે પ્રક્રિયા થઈ હતી, અને તેઓ પણ છ વાહનોની અથડામણમાં માર્યા ગયા હતા.

બોમેનવિલેમાં એલસીબીઓ સ્ટોરની લૂંટને પગલે કાર્ગો વાનનો ઝડપી પોલીસ પીછો કરતી વખતે થયેલા અકસ્માતના બે દિવસ પહેલા જ તાજેતરમાં નિવૃત્ત થયેલું દંપતી ચેન્નાઈ, ભારતથી આવ્યું હતુ. આદિત્યના માતાપિતા, તેના 33 વર્ષીય પિતા, ગોકુલનાથ મણિવન્નન અને 27 વર્ષીય માતા અશ્વિતા જવાહર, અથડામણ સમયે એક જ વાહનમાં મુસાફરી કરી રહ્યા હતા, પરંતુ તેઓ બચી ગયા હતા. પરિવારે અગાઉના નિવેદનમાં જણાવ્યું હતું કે જવાહરે ત્યારપછી અનેક સર્જરીઓ કરાવી છે. તેઓ બંને બુધવારે જાહેરમાં બોલતી વખતે ખૂબ દુઃખી જણાતા હતા. આ અથડામણમાં કાર્ગો વાનના 21 વર્ષીય ડ્રાઈવરનું પણ મોત થયું હતું.

# નાણાકીય તંગી દૂર કરવા કેનેડા પોસ્ટ દ્વારા સ્ટેમ્પના ભાવ ફરીવાર વધારાયા

## ગયા મહિને એક્ટ હેઠળ ભાવ વધારાની દરખાસ્તને મંજૂરી મળી હતી

**ટોરોન્ટો**

કેનેડા પોસ્ટ 2019થી ત્રીજી વખત સ્ટેમ્પના ભાવમાં વધારો કરી રહી છે, ક્રાઉન કોર્પોરેશન કહે છે કે તે તેના વેચાણ-આધારિત આવક માળખાની વાસ્તવિકતા છે. સોમવારથી અમલી, બુકલેટ, કોઈલ અને પેનમાં વેચાતા લોકો માટે ટપાલ દર સ્ટેમ્પ દીઠ સાત સેન્ટ વધીને 92 સેન્ટથી વધીને 99 થઈ રહ્યા છે. આ દરમિયાન વ્યક્તિગત રીતે ખરીદેલી ડોમેસ્ટિક સ્ટેમ્પ્સ $ 1.07થી વધીને $ 1.15 ઉપર પહોંચી ગઈ છે. દરમાં ફેરફાર અન્ય કિંમતોને પણ અસર કરશે. જેમાં યુ.એસ., આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક રજિસ્ટર્ડ મેઈલ સેવાઓનો સમાવેશ થાય છે. સૌપ્રથમ ફેબ્રુઆરીમાં જાહેરાત કરવામાં આવી હતી, ગયા મહિને ફેડરલ કેનેડા પોસ્ટ કોર્પોરેશન એક્ટ હેઠળ વધારાને નિયમનકારી મંજૂરી મળી હતી. આ વર્ષનો વધારો 2019માં પાંચ સેન્ટના ભાવ અને પછીના વર્ષે બે સેન્ટના ભાવને અનુસરે છે, તેમજ કેનેડા પોસ્ટે જેને 2014ની વસંતમાં "છેલ્લો મોટો ભાવ ફેરફાર" તરીકે ઓળખાવ્યો હતો. કેનેડા પોસ્ટ તાજેતરના મહિનાઓમાં નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, પાર્સલ માટેની સ્પર્ધામાં "રોગચાળા પછીના ઉછાળા" વચ્ચે ટ્રાન્ઝેક્શન મેઈલમાં ઘટાડો અને વધતા ખર્ચ વચ્ચે 2023માં કરવેરા પહેલાં $ 748 મિલિયનની ખોટ નોંધાઈ છે. રોગચાળાની શરૂઆતથી પાર્સલ માટે કોર્પોરેશનનો બજાર હિસ્સો નોંધપાત્ર રીતે ઘટીને 29 ટકા થઈ ગયો છે.

# પાકિસ્તાનના ગ્વાદરમાં આતંકવાદીઓ દ્વારા આડેધડ ગોળીબાર, સાતના મોત

**બલુચિસ્તાન**

પાકિસ્તાનમાં આતંકવાદી હુમલા અટકવાનું નામ લેતા નથી, ત્યારે અશાંત બલુચિસ્તાન પ્રાંતના બંદર શહેર ગ્વાદરમાં ગુરૂવારે આતંકવાદી હુમલો થયું હતું. અજાણ્યા બંદુક ધારીઓએ આડેધડ ગોળીબા કરતા ઓછામાં ઓછા સાત શ્રમિકોના મોત અને એક ઈજાગ્રસ્ત થયો છે. કયા આતંકવાદી સંગઠને આતંકી હુમલો કર્યો, તેની હજુ કોઈ માહિતી સામે આવી નથી. ગ્વાદર પોલીસ સ્ટેશનના એસએચઓ મોહસિને કહ્યું કે, આ ઘટના સુરબંદર વિસ્તારમાં ગ્વાદર ફિશ હાર્બર પાસે બની છે, જેમાં અજાણ્યા બંદુકધારીઓ એક રહેણાંક ક્વાર્ટરમાં આડેધળ ગોળીબાર કર્યો હતો. મૃતક અને ઈજાગ્રસ્ત વ્યક્તિઓ આ વિસ્તારમાં વાળંદની દુકાનમાં કામ કરતા હતા અને પંજાબના ખાનેવાલ જિલ્લાના રહેવાસી હતા. બલૂચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાજ બુગતીએ કહ્યું કે, આતંકવાદીઓ અને તેમને મદદ કરનારાઓ સામે તમામ પ્રકારની કાર્યવાહી કરી કડક પગલા ભરાશે.

## પાક. ગૃહમંત્રીએ તપાસના આદેશ આપ્યા

રાજ્યના ગૃહમંત્રી મીર જિયા ઉલ્લાહ લાંખોએ આતંકવાદી હુમલાની તપાસ કરવાના આદેશ આપ્યા છે. અગાઉ બલુચિસ્તાનના નુશ્કીલ જિલ્લામાં ત્રણ અઠવાડિયા પહેલા આતંકવાદીઓએ આડેધડ ગોળીબાર કર્યો હતો, જેમાં 11ના મોત થયા હતા. મૃતકોમાં નવ લોકો પંજાબના હતા, જેમને આતંકવાદીઓએ બસમાંથી બહાર કાઢી અપહરણ કરી લીધું હતું. આવી જ રીતે 20મી માર્ચે ગ્વાદર પોર્ટ ઓથોરિટી પર ગોળીબાર થયો હતો.

# ઓટ્ટાવામાં ઈઝરાયેલનો ધ્વજ લહેરાશે પરંતુ કોઈ વિશેષ સમારોહ નહી યોજાય

## જાહેર કાર્યક્રમના આયોજનથી શહેરની શાંતિ અને સલામતિ જોખમાવાનો અંદેશો

**ઓટ્ટાવા**

દેશના સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે 14 મેના રોજ ઓટ્ટાવા સિટી હોલમાં ઈઝરાયેલનો ધ્વજ લહેરાશે, પરંતુ ઓટ્ટાવા સિટીનું કહેવું છે કે તે જાહેર સલામતીની ચિંતાઓને કારણે પરંપરાગત ધ્વજવંદન સમારોહ યોજશે નહીં. ઓટાવા શહેર રાષ્ટ્રીય રજાઓ અને સ્વતંત્રતા દિવસની ઉજવણી કરે છે અને ગ્લોબલ અફેર્સ કેનેડાના સહયોગથી 190થી વધુ સંઘીય માન્યતા પ્રાપ્ત દેશો માટે ધ્વજવંદન કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

ઓટાવા 2007થી ઈઝરાયેલનો રાષ્ટ્રીય દિવસ ઉજવે છે. જો કે, આ વર્ષે સિટીએ જણાવ્યું હતું કે તે ઓટાવા પોલીસ અને અન્ય હિતધારકો સાથે પરામર્શ કર્યા પછી જાહેર સમારંભનું આયોજન કર્યું નથી. આ નિર્ણય તાજેતરની ગુપ્ત માહિતી પર આધારિત છે, જે સૂચવે છે કે જાહેર સમારોહનું આયોજન જાહેર સલામતી માટે જોખમ ઊભું કરે છે. શહેરે તેના રહેવાસીઓ, મુલાકાતીઓ અને કર્મચારીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપવી જોઈએ. તેથી આ વર્ષનું સ્મારક રૂઢિગત સમારોહ વિના થશે.




ઑક્ટો. 7, 2023ના રોજ ઈઝરાયેલમાં ઘાતક હમાસ હુમલાના સાત મહિનાથી વધુ સમય થયો છે, જે દરમિયાન આતંકવાદીઓએ 1,200 લોકોની હત્યા કરી હતી, જેમાં મોટાભાગના નાગરિકો હતા અને લગભગ 250 લોકોને બંધક બનાવ્યા હતા. ઈઝરાયેલનું કહેવું છે કે હમાસે હજુ પણ લગભગ 100 લોકોને બંદી બનાવી રાખ્યા છે. ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, એવો અંદાજ છે કે ઈઝરાયેલી પ્રતિક્રિયાએ ગાઝાના 2.3 મિલિયન લોકોમાંથી લગભગ 80 ટકા વિસ્થાપિત કર્યા છે અને 34,500થી વધુ લોકો માર્યા ગયા છે.

# સાઉથ આફ્રિકાના જ્યોર્જ શહેરમાં નિર્માણાધીન ઈમારત ધરાશાયી, 59 લોકો દટાયા, 10નું રેસ્ક્યૂ

**જ્યોર્જ**

દક્ષિણ આફ્રિકાના જ્યોર્જ શહેરમાં એક નિર્માધાણીન ઈમારત ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટના રાજધાની કેપટાઉનથી 400 કિલોમીટર દૂર બની હતી. અધિકારીઓનું કહેવું છે કે આ દુર્ઘટનામાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી અનુસાર ઈમારતનો એપાર્ટમેન્ટ ધસી જતા એના કાટમાળમાં 59 લોકો દટાઈ ગયા હતા. જો કે ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડ અને પોલીસે ઘટનાસ્થળે જઈ રાહત અને બચાવની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં 10 લોકોને ભારે જહેમત બાદ કાટમાળમાંથી બહાર કાઢીને હોસ્પિટલ ખસેડયા હતા. આ 10 પૈકી પાંચ લોકોને ગંભીર ઈજાઓ થયાનું સામે આવ્યું છે. ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ, રાહત કામગીરી ચલાવવામાં



આવી રહી છે. આ ઈમારત નગરપાલિકાની કચેરીની નજીક આવેલી છે. નગરપાલિકાના પ્રવક્તાએ જણાવ્યું કે, ઈમારત ધરાશાયી થવાની દુર્ઘટનામાં ઘણાબધા લોકો ઘાયલ થયા છે.

# ઓસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીની ચપ્પુના ઘા ઝીંકી હત્યા, બે આરોપીઓની ધરપકડ

**મેલબોર્ન**

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં એક 22 વર્ષીય ભારતીય વિદ્યાર્થીની ચપ્પુ મારી હત્યા કરવાનો કેસ સામે આવ્યો છે. હત્યા કેસમાં પોલીસે હરિયાના કરનાલના બે ભાઈઓની ધરપકડ કરી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે બે આરોપી ભાઈની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વિક્ટોરિયા કોર્ટમાં સુનાવણી માટે બંને આરોપીને લઈ જવાયા હતા. આ બંને આરોપી ભાઈઓની અન્ય સ્થળે તપાસ માટે લઈ જવાશે. મેલબોર્નના દક્ષિણ-પૂર્વમાં આવેલા એક ઘરમાં 22 વર્ષીય નવજીત સંધુ અને 30 વર્ષીય શ્રવણ કુમાર ઈજાગ્રસ્ત થયા બાદ બંને ભાઈ ફરાર થવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મૂળભૂત રીતે કરનાલના ગગસીના ગામમાં રહેતા સંધુની બે દિવસ પહેલા છાતીમાં ચપ્પુ મારી હત્યા કરી દેવાઈ હતી. કરનાલમાં રહેતા તેના કાકાના જણાવ્યા અનુસાર સંધુ પર એ સમયે ચપ્પુથી હુમલો કરાયો જ્યારે તે ભાડા મુદ્દે ભારતીય વિદ્યાર્થીઓમાં અંદરોઅંદર ઝઘડો થતો હતો અને આ દરમ્યાન તે વચ્ચે પડયો હતો. મૃતક ગત નવેમ્બર 2022માં સ્ટડી વીઝા પર ઓસ્ટ્રેલિયા ગયો હતો.

# સુનિતાની યાત્રા અટકી, ટેકઓફની 90 મિનિટ પહેલા જ ફ્લાઈટ મોકૂફ

**ન્યૂયોર્ક**

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સની ત્રીજી અવકાશ યાત્રા અંતિમ સમયે મોકૂફ રાખવામાં આવી છે. ટેકઓફના માત્ર 90 મિનિટ પહેલા જ મિશનને રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નવી લોન્ચ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. જોકે આ ફ્લાઈટ મોકૂફ રાખવાનો નિર્ણય કેમ લેવામાં આવ્યો છે તેની વિગતો પણ બહાર આવી છે.



સુનિતા વિલિયમ્સ મંગળવારે ત્રીજી વખત અવકાશ યાત્રા પર જવાના હતા. સુનિતાએ કેપ કોર્નવોલ, ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી બોઈંગના સ્ટાર લાઈનર અવકાશ યાનમાં ભારતીય સમય મુજબ સવારે 8.04 કલાકે ઉડવાનું હતું. જોકે, ટેકઓફના 90 મિનિટ પહેલા વૈજ્ઞાનિકોએ સ્પેસક્રાફ્ટના ઓક્સિજન વાલ્વમાં ટેકનિકલ ખામી શોધી કાઢી હતી અને તેને કારણે ફ્લાઈટને રોકી દેવામાં આવી હતી. સુનીતા વિલિયમ્સની સાથે નાસાના વૈજ્ઞાનિક બેરી વિલ્મોર પણ બોઈંગના સ્પેસક્રાફ્ટમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જઈ રહ્યા હતા.

# વેક્સિનની અપડેટ આવૃત્તિ ઉપલબ્ધ હોવાથી જૂનો સ્ટોક પાછો મંગાવાયો છે : એસ્ટ્રાજેનેકા

**ન્યૂયોર્ક**

વિશ્વભરમાં કોરોના વાઈરસ સંક્રમણ વખતે લોકોને વેક્સિન ઉપલબ્ધ કરાવવાવાળી કંપની એસ્ટ્રાજેનેકાએ વિશ્વભરમાંથી કોરોના વેક્સિનનો સ્ટોક પરત મંગાવ્યો છે. કંપનીએ જાહેરાત કરી છે કે વિશ્વભરમાંથી તે પોતાની વેક્સજેવરિયા વેક્સિન પાછી મંગાવી છે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં કોરોનાથી બચાવ માટે એસ્ટ્રાજેનેકાનું લાઈસન્સ ધરાવતી કોવિશીલ્ડ વેક્સિન જ આપવામાં આવી હતી. ભારતમાં તૈયાર થયેલી કોવિશીલ્ડ વેક્સિન પણ




વેક્સજેવરિયા વેક્સિનની ફોર્મ્યુલા આધારે જ બની છે. ભારતમાં કોવિશીલ્ડ વેક્સિનનું ઉત્પાદન સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા થયું હતું. ભારતમાં હજી કોરોના વેક્સિન પાછી ખેંચવાને મુદ્દે નિર્ણય લેવામાં નથી આવ્યો. ધ ટેલિગ્રાફના અહેવાલ મુજબ એસ્ટ્રાજેનેકાએ દાવો કર્યો છે કે વેક્સિનની અપડેટ આવૃત્તિ ઉપલબ્ધ છે તેવામાં વેક્સિનના જૂના સ્ટોકને પરત મંગાવવામાં આવ્યો છે. કંપનીએ પાંચ માર્ચના રોજ જ વેક્સિન વેક્સજેવરિયાને પરત મંગાવવા નિર્ણય લઈ લીધો હતો પરંતુ આદેશ 7મીથી પ્રભાવી થયો છે. બ્રિટિશ- સ્વીડિશ ફાર્માસ્યૂટિકલ કંપની એસ્ટ્રાજેનેકાએ આ પગલું એવા વખતે લીધું છે કે જ્યારે કંપનીએ થોડા દિવસ પહેલાં એ વાતનો સ્વીકાર કર્યો છે કે કોવિડ વેક્સિનની કેટલીક આડઅસર સામે આવી છે.

# રફાહ ખાલી કરવાના ઈઝરાયલના હુકમ પછી હમાસે યુદ્ધ-વિરામ માટેની દરખાસ્ત સ્વીકારી

**જેરૂસલેમ**

સતત સાત મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં ઈજીપ્ત અને કટારે રજૂ કરેલી યુદ્ધ વિરામની દરખાસ્ત સ્વીકારવા તૈયાર છે. હમાસે તેનો આ નિર્ણય ઈઝરાયલે દક્ષિણ ગાઝામાં રહેલા આ શહેરના ૧ લાખ જેટલા નાગરિકોને શહેર ખાલી કરવા કરેલા હુકમ પછી જાહેર કર્યો હતો. ઈઝરાયલે નાગરિકોને આ શહેર ખાલી કરવાના હુકમનો સીધો જ અર્થ તે થાય છે કે, ઈઝરાયલ ગમે તે ક્ષણે ગાઝા પટ્ટીની દક્ષિણે રહેલા આ શહેર ઉપર હુમલો કરે તેવી સંભાવના છે. જો કે હમાસે



યુદ્ધ વિરામ અને તેને પગલે ઈજીપ્ત કટાર દ્વારા રજૂ કરાયેલી શાંતિ મંત્રણાની દરખાસ્તમાં સ્વીકારી તેમાં સામેલ થવાની તેની તૈયારીનો સંકેત આપ્યો છે. ઈજીપ્ત અને હમાસના અધિકારીઓએ કહ્યું હતું કે તે યુદ્ધ વિરામ પણ તબક્કાવાર થશે. જે પ્રમાણે હમાસ નાના-નાના જથ્થાઓમાં તેના બંધકોને મુક્ત કરશે તેમ તેમ તે ગાળામાં બંધકોને મુક્ત કરાશે.

# જેલેન્સકીની હત્યાનું કાવતરું નિષ્ફળ અધિકારી સકંજામાં, રશિયા સામે આક્ષેપ

**ખારકીવ**

બે વર્ષ કરતાં વધુ સમયથી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ બંધ થવાનું નામ નથી લઈ રહ્યું. આ દરમિયાન યુક્રેને મંગળવારે એવો દાવો કર્યો છે કે તેને યુક્રેનના બે સુરક્ષા અધિકારીઓની ધરપકડ કરી લીધી છે. આ અધિકારીઓ રશિયા સાથે મળીને યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સકીની હત્યા કરવાનું આયોજન કરી રહ્યા હતા.

મળતી માહિતી અનુસાર, યુક્રેનની રાજ્ય સુરક્ષા સેવાને ટાંકીને જણાવ્યું હતું કે જેલેન્સકીની હત્યાની યોજના ઘડવા બદલ બે કર્નલોની ધરપકડ કરવામાં આવી છે. તેના પર રશિયાને માહિતી લીક કરવાનો આરોપ છે. રાજ્ય સુરક્ષા સેવાએ કહ્યું કે તેઓએ જેલેન્સકીની હત્યાના મોટા કાવતરાને નિષ્ફળ બનાવ્યો છે. યુક્રેનની રાજ્ય સુરક્ષા સેવાએ કહ્યું કે એફએસબી એજન્ટોએ રાષ્ટ્રપતિની સુરક્ષામાં સામેલ સેનાના તે ગુનેગારોને શોધવાના હતા, જેઓ દેશના રાષ્ટ્રપતિને બંધક બનાવી શકે અને પછી તેમની હત્યા કરી શકે. તેમણે કહ્યું કે હત્યાની યોજના અન્ય વરિષ્ઠ યુક્રેનિયન અધિકારીઓને પણ નિશાન બનાવવાનો હતો, જેમાં સુરક્ષા સેવાના વડા વાસિલ માલ્યુક અને યુક્રેનના સંરક્ષણ ગુપ્તચર વડા કિરીલ બુડાનોવનો સમાવેશ થાય છે.

# ઈમરાન ખાનનાં પત્નીને નજર કેદમાંથી જેલમાં મોકલવાનો પાકિસ્તાન કોર્ટનો કડક હુકમ

**ઈસ્લામાબાદ**

પૂર્વ ક્રિકેટર અને પાકિસ્તાન પૂર્વ વડા પ્રધાન, ઈમરાન ખાનનાં પત્નીની વિનંતીથી તેઓને હાઉસ એરેસ્ટમાંથી જેલમાં મોકલવા પાકિસ્તાનની કોર્ટે આદેશ આપ્યો હતો. કોર્ટને આ વિનંતી કરતાં બુશરા બીબીના વકીલે કહ્યું હતું કે, 'ઈસ્લામાબાદ સ્થિત ખાનનાં હીલ ટોપ મેન્શનમાં બુશરા બીબીને નજર કેદ રાખવામાં આવ્યાં છે. તેઓએ ફરિયાદ કરી હતી કે તેઓનાં ભોજનમાં અનારોગ્યપ્રદ પદાર્થો ભેળવવામાં આવી રહ્યા છે.' ઈમરાન ખાન અને તેઓનાં પત્ની બુશરા બીબી ઉપર એવો આરોપ છે કે તેઓએ રાજ્યને (દેશને) જ વાસ્તવમાં મળેલી ભેટો ગેરકાયદેસર વેચી નાખી હતી. તે માટે તેઓ બંનેને સજા ફરમાવવામાં આવી હતી.

# ખોટી રીતે જમૈકા ઘુસેલા 253 ભારતીયોને પાછા રવાના કરાયા

**વોશિંગ્ટન**

જમૈકાના નોર્મન મેનલી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચાર્ટડ ફ્લાઈટ્સથી ૬ મેના રોજ ૨૫૩ જેટલા ભારતીય ગેરકાયદેસર રીતે આવી પહોંચ્યા હતા. આ તમામને આજે ભારત મોકલી દેવામાં આવ્યા છે. આ અંગેની માહિતી ટેલિકોમ્યુનિકેશન એન્ડ ટ્રાન્સપોર્ટ મંત્રી ડાર્લી વાઝે આપી છે. ઉલ્લેખનીય છે કે આ ફ્લાઈટ ૬ મેના રોજ જ પરત ભારત આવવાની હતી, જોકે ફ્લાઈટ પ્લાનના પગલે તેને પરત આવવામાં વિલંબ થયો હતો.

વાઝે જણાવ્યું હતું કે ચાર્ટડ ફ્લાઈટ યુએસસી જીએમબીએચમાં જ ભારતના ૨૫૩ પેસેન્જર્સને પરત મોકલી દેવામાં આવ્યા છે. સવારે ૧૧.૪૬ કલાકે પ્લેને અહીંથી ઉડાન ભરી હતી. ભારત પરત ફરવાનો તમામ ખર્ચ પેસેન્જર્સ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. ચાર્ટડ ફ્લાઈટમાં દર્શાવવામાં આવેલા ૨ પેસેન્જર્સ એરપોર્ટ ઈમિગ્રેશન અધિકારી સમક્ષ હાજર થયા ત્યારે તેમની પાસેની ટ્રાવેલ ડિટેલ્સ મિસિંગ હતી. એમ કહેવાય છે કે આ તમામ પ્રવાસીઓ ગેરકાયદે અમેરિકામાં ઘુસવા માટે રવાના થયા હતા. નોંધનીય છે કે અગાઉ આવું જ એક વિમાન ફ્રાન્સમાં ઈંધણ માટે ઉતર્યું ત્યારે તેઓ બધા ડંકી રૂટવાળા માલુમ પડતા વિમાન અટકાવી દેવાયું હતુ.

# નેપાળમાં સરકાર ભંગાણના આરે, સાંસદોએ નવી પાર્ટી બનાવવા અરજી કરી

**કાઠમંડુ**

નેપાળમાં વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડની આગેવાની ધરાવતી કમ્યુનિસ્ટ પાર્ટી ગઠબંધન પક્ષોમાંથી એક જનતા સમાજવાદી પાર્ટી અને અન્ય અલગ થઈ ગયા છે. અલગ થતાની સાથે તેમને ચૂંટણી પંચમાં નવો પક્ષ રચવા અરજી પણ કરી દીધી છે. પાર્ટીના અધ્યક્ષની આગેવાનીમાં એક નવી પાર્ટી માટે અજી કરી. આ સ્થિતિ ત્યારે બની જ્યારે પાર્ટીના અધ્યક્ષ વિદેશ યાત્રા પર છે. ચૂંટણી પંચે સોમવારે અશોક રાયના નેતૃત્વવાળી જનતા સમાજવાદી પાર્ટી (JSP)ને નવા રાજકીય પક્ષ તરીકે સત્તાવાર રીતે માન્યતા આપી હતી. સૂત્રોએ જણાવ્યું કે યાદવનો સામનો કરવા માટે રાયે વડાપ્રધાન પ્રચંડની સલાહ પર નવી પાર્ટી રજીસ્ટર કરી છે.

# કોહલી સદી ચૂક્યો, પંજાબ સામે બેંગ્લોર ૬૦ રનથી જીત્યું

## બેંગલુરુ ૭/૨૪૧, કોહલી ૯૨, પાટીદાર ૫૫, હર્ષલ ૩/૩૮, પંજાબ ૧૮૧, રોસેયૂ ૬૧, સિરાજ ૩/૪૩

**ધર્મશાલા**

વિરાટ કોહલી નર્વસ નાઈન્ટીનો શિકાર બન્યા બાદ બોલર્સે કરેલી ચુસ્ત બોલિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઈપીએલની ૫૮મી મેચમાં પંજાબ કિંગ્સને ૬૦ રનથી હરાવીને પ્લે ઓફ માટે પોતાની નજીવી આશાને જીવંત રાખી હતી. આરસીબીના સાત વિકેટે ૨૪૧ રનના જવાબમાં પંજાબની ટીમ ૧૭ ઓવરમાં ૧૮૧ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. પંજાબ માટે રોસેયૂએ ૨૭ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા. સિરાજે ૪૩ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

આરસીબીની ત્રીજી ઓવરમાં સુકાની ફાફ ડુ પ્લેસિસ (૯) આઉટ થયો હતો. વિલ જેક્સ ૧૨ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. ત્યારબાદ રજત પાટીદાર અને કોહલીએ ૩૨ બોલમાં ૭૬ રનની ભાગીદારી નોંધાવી હતી. ૧૦મી ઓવરના અંતે વરસાદ નડયો હતો. કોહલી અને કેમરુન ગ્રીને ચોથી વિકેટ માટે ૪૬ બોલમાં ૯૨ રન ઉમેર્યા હતા. શૂન્ય રને જીવતદાન મેળવનાર કોહલીએ ૪૭ બોલમાં છ સિક્સર અને સાત બાઉન્ડ્રી વડે ૯૨ રન બનાવ્યા હતા. તે આઈપીએલમાં બીજી વખત નર્વસ નાઈન્ટીનો શિકાર બન્યો હતો. તે ૨૦૧૩માં દિલ્હી સામે ૯૯ રને આઉટ થયો હતો.



### LSGના માલિકે રાહુલને જાહેરમાં ખખડાવી નાખ્યો



સનરાઇઝર્સ હૈદરાબાદ સામેના નાલેશીભર્યા પરાજય બાદ લખનઉ સુપર જાયન્ટ્સ ફ્રેન્યાઇઝીના માલિક સંજીવ ગોયન્કાએ ટીમના ડગઆઉટની આગળ સુકાની લોકેશ રાહુલને આકરા શબ્દોથી જાહેરમાં ખખડાવી નાખ્યો હતો.

### સનરાઇઝર્સ હૈદરાબાદે લખનઉને ફક્ત 45 મિનિટમાં 10 વિકેટે રગદોળી નાખ્યું



ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલાવીને માત્ર ૪૫ મિનિટમાં ટાર્ગેટ હાંસલ કરી લેતા સનરાઇઝર્સ હૈદરાબાદે આઇપીએલની લીગ મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સને ૧૦ વિકેટે રગદોળી નાખ્યું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર લખનઉના ચાર વિકેટે ૧૬૫ રનના જવાબમાં હૈદરાબાદે ૯.૪ ઓવરમાં વિના વિકેટે ૧૬૭ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. હેડે ૩૦ બોલમાં આઠ બાઉન્ડ્રી અને આઠ સિક્સર વડે ૮૯ તથા અભિષેકે ૨૮ બોલમાં આઠ બાઉન્ડ્રી અને છ સિક્સર વડે ૭૫ રન બનાવ્યા હતા.

## રાજસ્થાનની સતત બીજી હાર, દિલ્હીએ 20 રને પરાજય આપ્યો

**નવી દિલ્હી**

આઈપીએલની ૫૬મી મેચમાં દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને ૨૦ રને પરાજય આપ્યો છે. દિલ્હીની ટીમે ટોસ હારીને પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૨૨૧ રન બનાવીને રાજસ્થાન સામે ૨૨૨ રનનું લક્ષ્યાંક ખડક્યું હતું. દિલ્હી વતી અભિષેક પોરેલે સૌથી વધારે ૬૫ રનની ઈનિંગ રમી હતી, જેના જવાબમાં રમવા ઉતરેલી રાજસ્થાનની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૨૦૧ રન જ બનાવી શકી હતી. રાજસ્થાનના સુકાની સંજૂ સેમસને ૪૬ બોલમાં ૮૬ રનની ઈનિંમગ રમી હતી જોકે, તેની વિકેટ પર પણ વિવાદ થયો હતો. રાજસ્થાનની આ સતત બીજી હાર હતી. આ પહેલા હૈદરાબાદે તેને એક રનથી હાર આપી હતી. જ્યારે દિલ્હીની ૧૨ મેચમાં આ છટ્ઠી જીત હતી. તેના હાલ ૧૨ પોઈન્ટ છે. ટીમ છટ્ઠાથી હવે પાંચમા નંબરે આવી ગઈ છે. જ્યારે રાજસ્થાનની ટીમને પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે હજુ વધારે રાહ જોવી પડશે.

### અમ્પાયર સાથેની દલીલબાજી સેમસનને ભારે પડી

રાજસ્થાન રોયલ્સના સુકાની સંજુ સેમસનને આઉટ થયા બાદ ફિલ્ડ અમ્પાયર સામે કરેલી દલીલબાજી મોંઘી પડી છે. બીસીસીઆઇએ આકરા પગલાં લઈને તેને ૩૦ ટકા મેચ ફીનો દંડ ફટકાર્યો છે. આઉટ થયા બાદ સેમસન થર્ડ અમ્પાયરના નિર્ણયથી નારાજ થયો હતો અને તેણે ફિલ્ડ અમ્પાયર સામે આ બાબતનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

# મહિલા ક્રિકેટમાં પણ ભારતનો દબદબો! બાંગ્લાદેશને તેની જ ધરતી પર 5-0થી ટી20 સિરીઝમાં હરાવ્યું

**ઢાકા**

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ તો રેન્કિંગમાં ટોપ પર રહે જ છે, પરંતુ હવે મહિલા ક્રિકેટ ટીમ પણ ધીમે ધીમે પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી રહી છે. બાંગ્લાદેશમાં યોજાયેલ ટી-20 સિરીઝમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે 5-0થી ક્લીન સ્વીપ કરીને બાંગ્લાદેશની ટીમને ધૂળ ચટાવી હતી. ભારતીય ટીમે 5મી ટી 20 મેચ 21 રને જીતી ગઈ હતી.

બાંગ્લાદેશ સામેની પાંચમી T20 મેચમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા ભારતીય ટીમે 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 156 રન બનાવ્યા હતા. જવાબમાં બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 135 રન જ બનાવી શકી હતી. આ રીતે ભારતે બાંગ્લાદેશને 21 રને હરાવીને પાંચ મેચની ટી20 સિરીઝ 5-0થી જીતી લીધી છે.



રાધા યાદવે બાંગ્લાદેશ સામેની પાંચ મેચની T20 શ્રેણીમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. રાધા યાદવે પાંચમી ટી20 મેચમાં પણ ત્રણ વિકેટ ઝડપી હતી અને પાંચમી ટી20 મેચ બાદ તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

# ત્રિનિદાદના પીએમનો ઘટસ્ફોટ : ટી-૨૦ વર્લ્ડ કપ વખતે આતંક હુમલાની ભીતિ

**પોર્ટ ઓફ સ્પેન**

વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની યજમાનીમાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપને આતંકવાદી હુમલાની ધમકી મળી છે. ત્રિનિદાદના પ્રાઈમ મિનિસ્ટર કીથ રોલેએ આ બાબતનો ઘટસ્ફોટ કર્યો છે. બીજી તરફ આઈસીસીએ જણાવ્યું હતું કે પહેલી જૂનથી રમાનારા વૈશ્વિક ટૂર્નામેન્ટની સુરક્ષા માટે મજબૂત અને સુરક્ષિત યોજના તૈયાર કરવામાં આવી છે. રિપોર્ટના અનુસાર ધમકી વેસ્ટ ઈન્ડિઝને મળી છે. રોલેએ જણાવ્યું હતું કે ૨૧મી સદીમાં પણ વિશ્વમાં આતંકવાદનો ખતરો અલગ અલગ રીતે જળવાઈ રહ્યો છે તે મોટી કમનસીબી છે. તેમણે કોઈ સંગઠનનું નામ આપ્યું નહોતું પરંતુ માનવામાં આવી રહ્યું છે કે ઈસ્લામિક સ્ટેટે પોતાની ચેનલ દ્વારા આ ધમકી આપી છે. આઈસીસીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટમાં પ્રત્યેકની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે અને તેના માટે જડબેસલાક સુરક્ષા તૈયાર કરવામાં આવી છે. અમે યજમાન દેશના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છીએ અને સ્થિતિ ઉપર સતત નજર રાખી રહ્યા છીએ. કોઈ પણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે અમે સુરક્ષાના તમામ બંદોબસ્ત કર્યા છે. રોલેએ જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારના જોખમને ટાળવા માટે સ્થાનિક અને પ્રાંતીય સ્તરે અમે તૈયાર છીએ.

## ચેમ્પિયન્સ ટ્રોફિ માટે ભારતીય ટીમ પાકિસ્તાન જશે નહીં : રાજીવ શુક્લા

**નવી દિલ્હી**

બીસીસીઆઈના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ સ્પષ્ટતા કરી દીધી છે કે પાકિસ્તાનની યજમાનીમાં આગામી વર્ષે રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે સરકારની મંજૂરી બાદ જ ભારતીય ટીમને મોકલવામાં આવશે. રાજીવ શુક્લાએ જણાવ્યું હતું કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમના રમવા અંગે સરકાર જે આદેશ આપશે તેનો અમે આદર કરીશું. સરકાર જ્યારે અમને મંજૂરી આપે છે ત્યારે જ અમે ટીમને મોકલીએ છીએ. અમે સરકારના નિર્ણયને અનુસરીશું.

# બીજી ક્રમાંકિત ચીનની વાંગ માન્યુને હરાવી મનિકા બત્રાએ કારકિર્દીનો બેસ્ટ વિજય મેળવ્યો

## સાઉદી સ્મેશ ટૂર્નામેન્ટમાં ભારતની વિવિધ જોડીનો પણ વિજય થયો

કતાર : પેરિસ ઓલિમ્પિક પહેલાં ભારતની અનુભવી મહિલા ટેબલટેનિસ ખેલાડી મનિકા બત્રાએ સાઉદી સ્મેશ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. મનિકાએ વિશ્વમાં બીજો ક્રમાંક ધરાવતી ચીનની વાંગ માન્યુને હરાવીને પોતાની સિંગલ્સ કારકિર્દીમાં સૌથી મોટો વિજય હાંસલ કરીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. વિશ્વમાં ૩૯મો ક્રમાંક ધરાવતી મનિકાએ ચાઈનીઝ ખેલાડીને ૩૭ મિનિટ સુધી રમાયેલી મેચમાં



૬-૧૧, ૧૧-૫, ૧૧-૭, ૧૨-૧૦ના સ્કોરથી હરાવી હતી. મિક્સ ડબલ્સમાં હરમીત દેસાઈ અને યશસ્વીની ઘોરપડેની જોડીએ અલ્વારો રોબલ્સ અને મારિયા જિયોની સ્પેનની પાંચમી ક્રમાંકિત જોડીને ૩-૨ (૧૧-૫, ૫-૧૧, ૩-૧૧, ૧૧-૭, ૧૧-૭)થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતીય જોડીએ આ પહેલાં ચિલીના નિકોલસ બર્ગોસ અને પોલિના વેગાની જોડીને ૧૧-૭, ૯-૧૧, ૧૧-૪,૪-૧૧, ૧૧-૫ના સ્કોરથી હરાવીને પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો હતો.

## જ્યોતિસિંહ ભારતની જુનિયર વિમેન્સ હોકી ટીમનું નેતૃત્વ કરશે

નવી દિલ્હી : ડિફેન્ડર જ્યોતિસિંહની યુરોપ પ્રવાસ માટે જુનિયર હોકી ટીમની સુકાની તરીકે વરણી કરવામાં આવી છે. મિડફિલ્ડર સાક્ષી રાણા ટીમની ઉપસુકાની રહેશે. ટીમમાં ગોલકીપર તરીકે અદિતિ માહેશ્વરી તથા નિધિની, ડિફેન્ડર્સમાં જ્યોતિસિંહ, લાલથાંટલુઆંગી, અંજલિ બારવા, પૂજા સાહૂ, મમિતા ઓરમ, નિરુ કુલ્લુ, મિડફિલ્ડરમાં સોનિયા દેવી, રજની કેરકેટા, પ્રિયંકા યાદવ, શિલેઈમા ચાનૂ, સાક્ષી રાણા, અનિશા સાહૂ, સુપ્રિયા કુજૂર તથા ફોરવર્ડમાં બિનિમા ધન, હિના બાનો, લાલરિંપૂઈ, ઈશિકા, સંજના હોરો, સોનમ તથા કનિકા સિવાચનો સમાવેશ થાય છે.

# દિલ્હી પોલીસે ગોલ્ડી બ્રાર-લોરેન્સ બિશ્નોઈ સિન્ડિકેટના 10 સાગરીતોની ધરપકડ કરી

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે એક સગીર સહિત 10 બદમાશોની ધરપકડ કરી છે. આ ધરપકડ 7 રાજ્યો દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહારમાંથી કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી 7 પિસ્તોલ, 31 કારતૂસ અને 11 મોબાઈલ ફોન મળી આવ્યા છે.

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર અને લોરેન્સ બિશ્નોઈ સિન્ડિકેટ સાથે સંકળાયેલા 9 ગુનેગારોની ધરપકડ કરી છે. આમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. સ્પેશિયલ સેલે સાત રાજ્યો દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહારમાંથી આ ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી 7 પિસ્તોલ, 31 કારતૂસ અને 11 મોબાઈલ ફોન મળી આવ્યા છે. તમામ આરોપીઓ સોશિયલ મીડિયા દ્વારા એકબીજા



સાથે જોડાયેલા હતા. મનજીત સિંહ ઉર્ફે ગુરી 22 વર્ષનો છે. તેણે 8 ધોરણ સુધી અભ્યાસ કર્યો. તે અગાઉ આર્મ્સ એક્ટનો કેસ, પોલીસકર્મીઓ પર હુમલો અને જેલમાં હતા ત્યારે સાથી કેદી પર હુમલો સહિતના ત્રણ ગુનાહિત કેસમાં સંડોવાયેલો છે. તે આ જ વિસ્તારના અજય રાણા મારફત ગોલ્ડી બ્રારના સંપર્કમાં હતો.

# ઉત્તર ભારત ગરમીથી શેકાયું, 46 ડિગ્રી સાથે રાજસ્થાનનું બાડમેર સૌથી ગરમ

**જયપુર**

રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં ભીષણ ગરમી પડી રહી છે ત્યારે રાજ્યના બાડમેરમાં મહત્તમ તાપમાન 46 ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. હવામાન વિભાગે આગામી કેટલાક દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં હીટવેવની ચેતવણી જારી કરી છે.

જયપુર સ્થિત હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં 40થી વધુ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. બાડરમેરમાં 46, ઝાલોરમાં 45.5, ફલોદીમાં 45.4, જૈસલમેર અને ગંગાનગરમાં 45.2, જોધપુરમાં 45, કોટા અને બીકાનેરમાં 44.6, વનસ્થલીમાં 44.1, સંગરિયામાં 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.

માઉન્ટ આબુનું તાપમાન 34 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું જે રાજ્યનું સૌથી ઓછું તાપમાન હતું. પાટનગર જયપુરમાં મહત્તમ તાપમાન 42.8 ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ભીષણ ગરમીને ધ્યાનમાં રાખીને ભરતપુરના જિલ્લા કલેક્ટરે 9 થી 11 મે સુધી શાળાઓમાં રજા જાહેર કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં એક થી બે ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# દિલ્હી આરએમએલ હોસ્પિટલના બે ડોક્ટરો સહિત નવની ધરપકડ

## દર્દીઓ પાસેથી સારવાર માટે લાંચ લેવાનો CBIનો આરોપ

**નવી દિલ્હી**

સીબીઆઈએ મોટી કાર્યવાહી કરતા દિલ્હીના રામ મનોહર લોહિયા (આરએમએલ) હોસ્પિટલમાં એક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. સીબીઆઈએ હોસ્પિટલના બે ડોક્ટરો સહિત ૯ લોકોની ધરપકડ કરી છે. આરોપ છે કે આ લોકો સારવારના નામે દર્દીઓ પાસેથી લાંચ લઈ રહ્યાં હતાં.

ધરપકડ કરવામાં આવેલા લોકોમાં મેડિકલ ઉપકરણો પૂરા પાડનારા લોકો પણ સામેલ છે. આ લોકો હોસ્પિટલમાં આવતા દર્દીઓ પાસેથી સારવારના નામે મોટી રકમ વસૂલ કરતા હતાં. ભ્રષ્ટાચાર કેસમાં બે ડોક્ટર પણ સામેલ છે જેમાં એક પ્રોફેસર અને એક આસિસ્ટન્ટ પ્રોફેસરનો સમાવેશ થાય છે. તેમના પર ગરીબ દર્દીઓ પાસેથી સારવારના નામે નાણાં લેવા અને મેડીકલ ઉપકરણો પૂરા પાડનારા ડીલર્સ પાસેથી મોટા પાયે નાણા લેવાનો આરોપ છે. સીબીઆઈએ ડોક્ટર્સ અને મેડિકલ ઉપકરણો સાથે જોડાયેલા ડીલર્સના ૧૫ પરિસરો પર દરોડા પાડયા છે. સીબીઆઈએ પોતાની એફઆઈઆરમાં કુલ ૧૬ આરોપીઓનો ઉલ્લેખ કર્યો છે.

# ઉત્તરાખંડમાં વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ ધખધખતા જંગલોમાં લાગેલી આગ કાબૂમાં આવી

**દહેરાદૂન**

ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગી છે. આગને ઓલવવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉત્તરાખંડ સરકાર આ બાબતે એક બાદ એક એક્શન લઈ રહી છે ત્યારે હવે વરસાદી માહોલ જોવા મળતા રાહતની લાગણી અનુભવાઈ છે.

ઉત્તરાખંડના ઉત્તરકાશી, બાગેશ્વર, અલમોડા, સોમેશ્વરમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. આ વિસ્તારોમાં મુશળધાર વરસાદ અને કરા પડ્યા હતા. તો બીજી તરફ વરસાદી માહોલને કારણે બાગેશ્વરના જંગલોમાં લાગેલી આગ શાંત થઈ ગઈ છે. વરસાદ અને કરા પડવાને કારણે આસપાસના વિસ્તારોમાં લાગેલી આગ ઓલવાઈ હતી અને લોકોએ ધુમાડાથી પણ રાહત મેળવી હતી. મહત્વનું છે કે ઉત્તરાખંડના બાગેશ્વર, નૈનિતાલ અને અલમોડાના જંગલો આગથી સળગી રહ્યા છે. આગની જ્વાળાઓ એટલી પ્રબળ



હતી કે તેને કાબૂમાં રાખવી મુશ્કેલ હતી. રાજ્યના કુમાઉ અને ગઢવાલ બંને વિભાગોમાં આગ એટલી ફેલાઈ ગઈ હતી કે ચારેબાજુ ધુમાડો ફેલાઈ ગયો હતો. અનેક જગ્યાએ આગના કારણે રહેણાંક વિસ્તારોમાં લોકો માટે રહેવું મુશ્કેલ બન્યું હતું. ધુમાડાના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી.

# ઝારખંડ સરકારના મંત્રી સંજીલ લાલના નોકરના ઘરે ઈડીની રેડ, રોકડા રૂ.35 કરોડ મળી આવ્યા

**રાંચી**

ઝારખંડમાં ઈડી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઝારખંડ સરકારના મંત્રી આલમગીરના નજીકના સચિવ સંજીવ લાલના નોકરના રહેણાંક પર રેડ કરવામાં આવી હતી. જ્યાંથી 35 કરોડ રોકડ મળી આવ્યા હતા. ત્યારે હવે આ મામલે ઈડી વધુ એક્શનમાં જોવા મળી રહી છે.

EDની ટીમ ઝારખંડના ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં દરોડા પાડી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ ધરપકડ કરાયેલા આરોપી સંજીવ લાલને પ્રોજેક્ટ ભવનમાં લઈ ગયા છે જ્યાં ગ્રામીણ વિકાસ મંત્રાલય અને દરોડા પાડી રહ્યા છે. . એટલું જ નહીં EDની ટીમને સંજીવ લાલની ઓફિસમાંથી રોકડ પણ મળી છે. આજની કાર્યવાહીના બે દિવસ પહેલા પણ EDએ અડધો ડઝનથી વધુ સ્થળો પર



કાર્યવાહી કરી હતી. તે કાર્યવાહીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રૂ. 35 કરોડથી વધુની વસૂલાત કરી હતી. EDએ રાજ્યના ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વીરેન્દ્ર કે.રામની ધરપકડ કરી છે. વીરેન્દ્ર કે.રામની ફેબ્રુઆરી 2023માં મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

# પુંછમાં એરફોર્સ કાફલા પર હુમલામાં પાકિસ્તાનનો હાથ, CCTV ખુલાસો

## હુમલામાં એક જવાન શહીદ અને ચાર ઘાયલ થયા હતા

**પુંછ**

જમ્મુ-કાશ્મીરના પુંછ વિસ્તારમાં ભારતીય વાયુસેનાના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાનની સંડોવણી બહાર આવી છે. હુમલાના આરોપી શંકાસ્પદ આતંકવાદીઓના CCTV ફૂટેજ બુધવારે સામે આવ્યા હતા. લશ્કરના આતંકવાદીઓની ઓળખ અબુ હમઝા, હદૂન અને ઈલ્યાસ ફૌજી તરીકે થઈ છે. આ તમામ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે એરફોર્સ પર થયેલા આતંકી હુમલામાં એક જવાન શહીદ થયો હતો અને ચાર ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. સૂત્રોનું કહેવું છે કે આ 3 પાકિસ્તાની આતંકવાદીઓની તસવીરો છે, જેમણે 4 મે 2024ના રોજ એરફોર્સના કાફલા પર હુમલો કર્યો હતો. તેઓ લશ્કર-એ-તૈયબા (LET) જૂથ સાથે સંકળાયેલા છે અને રાજૌરી પુંછ વિસ્તારમાં સક્રિય છે.

# પશ્ચિમ બંગાળ સરકારને કોઈ રાજકીય મુદ્દો ઉઠાવવાની પરવાનગી અપાશે નહીં : સુપ્રીમ

**નવી દિલ્હી**

રાજ્ય સરકારે મંજૂરી પરત લીધી હોવા છતાં સીબીઆઇ રાજ્યમાં તપાસ કરી રહી હોવાના આરોપ સાથે પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજી અંગે કોર્ટે જણાવ્યું હતું કે તે સુનાવણીમાં કેન્દ્ર અથવા પશ્ચિમ બંગાળ સરકારને કોઈ રાજકીય મુદ્દો ઉઠાવવાની પરવાનગી આપશે નહીં. ન્યાયમૂર્તિ બી આર ગવઇ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે તે ફક્ત કાયદાકીય મુદ્દા અંગે નિર્ણય લેશે અને કોર્ટ બંનેમાંથી કોઈ પણ પક્ષકારને રાજકીય દલીલો કરવાની મંજૂરી આપશે નહીં. ખંડપીઠે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનિ સ્થિરતા પણ પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે.

# ટ્રક ચાલકે અચાનક યુ-ટર્ન લેતાં કાર ટ્રક સાથે ભટકાઈ, છના મોત

**માધોપુર**

રાજસ્થાનના સવાઈ માધોપુર જિલ્લાના બૌનલી પોલીસ સ્ટેશન વિસ્તારના એક્સપ્રેસ વે પર ભયાનક રોડ અકસ્માતના CCTV ફૂટેજ સામે આવ્યા છે. જેમાં મિની ટ્રક ચાલકે પાછળથી આવતા વાહનોને જોયા વગર યુ-ટર્ન લેતા આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સિકર જિલ્લાના એક જ પરિવારના 6 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે બે બાળકો ગંભીર રીતે ઈજાગસ્ત થયા હતા. સીસીટીવી ફૂટેજ જોયા પછી બૌનલી પોલીસે લાલસોટ પાસેથી ટ્રક કબજે કરી હતી, પરંતુ મિની ટ્રક ચાલક ભાગી



ગયો હોવાથી હજુ પોલીસ શોધી રહી છે. રવિવારે કારમાં મુસાફરી કરી રહેલા લોકો સિકરથી સવાઈ માધોપુરના રણથંભોરમાં આવેલ ત્રિનેત્ર ગણેશના દર્શન કરીને પરત આવી રહ્યા હતા, આ દરમિયાન એક્સપ્રેસ વે પર બનાસ પુલિયા નજીક મિની ટ્રક ચાલકની બેદરકારીને કારણે અકસ્માત ભોગ બન્યા હતા.

# અરવિંદ કેજરીવાલ માટે વકીલે માંગણી કરવી ભારે પડી, કોર્ટે ફટકાર્યો 1 લાખ રૂપિયાનો દંડ

**નોઈડા**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાંથી જ સરકાર ચલાવી શકે તે માટે કાર્યાલય સ્થાપવા અને તેમના વિરુદ્ધના નિવેદનો પર પ્રતિબંધ લગાવવાની માંગ કરતી અરજીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે તેમની અરજીને સુનાવણી લાયક ન હોવાનું કહી ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે અરજદાર વકીલ શ્રીકાંત પ્રસાદને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. શ્રીકાંત પ્રસાદે દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલી જાહેર હિતની અરજીમાં માંગ કરી હતી કે, મુખ્યમંત્રી કેજરીવાલ પોતાના મંત્રીઓ અને અન્ય ધારાસભ્યો સાથે વાતચીત કરી શકે અને દિલ્હી સરકારને યોગ્ય ચલાવી શકે, તે માટે તેમને તિહાર જેલમાં જ જરૂરી સુવિધા આપવામાં આવે.

# અદાણી-અંબાણીએ કોંગ્રેસને ટેમ્પો ભરી કાળુંનાણું આપ્યું : મોદી

## કોંગ્રેસ હવે બન્ને ઉદ્યોગપતિઓને લઇના મુદ્દે ચુપ થઇ ગઇ છે, દાળમાં કંઇક કાળુ છે, દેશ સમક્ષ સ્પષ્ટતા કરવી પડશે : વડાપ્રધાન

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી વચ્ચે પ્રથમ વખત અદાણી-અંબાણીને લઈને કોંગ્રેસ પર આરોપો લગાવ્યા હતા. મોદીએ કહ્યું હતું કે અત્યાર સુધી કોંગ્રેસ અને રાહુલ ગાંધી અદાણી-અંબાણી મુદ્દે કેન્દ્ર સરકાર પર અનેક વખત આરોપો લગાવી ચુક્યા છે. જોકે હવે અચાનક જ આરોપો લગાવવાનું બંધ કરી દીધુ છે. કોંગ્રેસે લોકો વચ્ચે સ્પષ્ટતા કરવી જોઈએ છેલ્લા પાંચ વર્ષથી શેહઝાદા (રાહુલ ગાંધી) અદાણી-અંબાણીને લઈને સરકાર પર આરોપો લગાવતા હતા, ગાળો આપતા હતા પણ હવે કેમ ચુપ છે?. શું અદાણી-અંબાણી સાથે રાહુલ ગાંધી અને કોંગ્રેસે કોઈ ડીલ કરી છે? ટેમ્પો ભરીને રૂપિયા લીધા છે.

તેલંગાણામાં વેમુલાવાડામાં ચૂંટણીની રેલીને સંબોધતા નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે જ્યારે રફાલનો મુદ્દો બહાર આવ્યો ત્યારે રાહુલ ગાંધીએ પાંચ ઉદ્યોગપતિઓ પર આરોપો લગાવતા હતા, બાદમાં અદાણી અને અંબાણી પર લગાવવા લાગ્યા હતા. જોકે જ્યારથી લોકસભાની ચૂંટણીઓ જાહેર થઈ છે ત્યારથી કોંગ્રેસે અને તેના શેહઝાદા (રાહુલ ગાંધી) એ અદાણી અને અંબાણીને ગાળો દેવાનું બંધ કરી દીધુ છે, દાળમાં કઈક કાળુ છે. ચૂંટણીમાં અડાણી-અંબાણી પાસેથી કેટલા રૂપિયા લીધા? કાળા નાણાના કેટલા થેલા માર્યા? ટેમ્પો ભરીને નોટો પહોંચી છે.

## સિદ્ધારમૈયા અને રાહુલ ગાંધીના એનિમેટેડ વીડિયો મુદ્દે નડ્ડા અને અમિત માલવીયાને કર્ણાટક પોલીસનું સમન્સ

કર્ણાટક ભાજપે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કર્યા બાદ ભારે વિવાદ થયો હતો. કોંગ્રેસ આ મુદ્દે નડ્ડા, માલવીયા અને કર્ણાટક ભાજપ અધ્યક્ષ વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ કર્ણાટક પોલીસે નડ્ડા-માલવીયાનો સમન્સ પાઠવ્યું છે. કોંગ્રેસે કહ્યું છે કે, ભાજપે સિદ્ધારમૈયા અને રાહુલનો વીડિયો ખોટી રીતે દર્શાવ્યો છે. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ કમિટીના મીડિયા એન્ડ કોમ્યુનિકેશન પ્રમુખ રમેશ બાબુએ ચૂંટણી પંચમાં પત્ર લખ્યો છે કે, 'કર્ણાટક ભાજપે અનુસૂચિત જાતિ અને જનજાતિ (SC/ST)ના લોકો વિરુદ્ધ દુશ્મનાવટ, તિરસ્કાર અને દુર્ભાવનાની લાગણીઓ ઉભી કરવાના હેતુથી કથિત રીતે એક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં કથિત રીતે અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને ડરાવાયા છે અને કહેવાયું છે કે, તેઓ એક ખાસ ઉમેદવારને મત ન આપે.' વીડિયો વાયરલ થયા બાદ રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ ચાલી રહ્યો છે.

## નશીલી દવા પીવડાવી મહિલાઓ પર દુષ્કર્મ કરનારા જલેબી બાબાનું હિસાર જેલમાં મૃત્યુ

**ચંડીગઢ**

દુષ્કર્મના ઘણા કેસમાં હિસારની સેન્ટ્રલ જેલ-2માં સજા કાપી રહેલા ટોહાનાના અમરપુરી ઉર્ફે જલેબી બાબા ઉર્ફે બિલ્લુનું મંગળવારે રાત્રે મોત નીપજ્યું. મોતનું કારણ હાર્ટ એટેક ગણાવાઈ રહ્યું છે. અમરપુરી મૂળ પંજાબના માનસાનો રહેવાસી હતો. વર્ષો પહેલા તે ટોહાનામાં જલેબીની રેકડી ચલાવતો હતો. બાદમાં બાબા બની ગયેલો અને આશ્રમ બનાવી લીધુ. વર્ષ 2017માં તે સમગ્ર દેશમાં ચર્ચામાં આવ્યો જ્યારે તેની પર 100 થી વધુ મહિલાઓએ સારવાર અને પ્રવચન દરમિયાન નશીલી દવાઓ ભેળવીને ચા પીવડાવી બેભાન કરીને તેમની સાથે દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો હતો. બાદમાં કેસની તપાસ થઈ તો આશ્રમમાંથી આપત્તિજનક સામગ્રીનો જથ્થો મળ્યો હતો.

## શિવકાશી પાસે ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ : 8ના મોત, 12થી વધુને ઈજા

**તમિલનાડ**

તમિલનાડુના શિવાકાશીમાં ગુરુવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટને કારણે ઓછામાં ઓછા ૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ બ્લાસ્ટમાં ૧૨થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.



ફાયર બ્રિગેડની ગાડીઓ આગ પર કાબૂ મેળવવામાં વ્યસ્ત હતી. પોલીસ અને વહીવટી અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે હતી. પોલીસે જણાવ્યું કે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ફેક્ટરી એક લાઈસન્સ ધરાવતી એકમ હતી. વિસ્ફોટ કયા કારણોસર થયો તેની તપાસ કરવામાં આવી રહી છે? વાસ્તવમાં, શિવકાશી દેશનું ફટાકડા ઉત્પાદનનું સૌથી મોટું કેન્દ્ર છે. અહીંના ફટાકડા દેશમાં જ નહીં પરંતુ વિશ્વમાં પ્રખ્યાત છે. શિવકાશી માત્ર ફટાકડાનું જ ઉત્પાદન કરતું નથી પરંતુ દેશમાં સેફટી મેચ અને સ્ટેશનરી વસ્તુઓના કુલ ઉત્પાદનમાં પણ તેનો મોટો હિસ્સો છે.

## ત્રીજા તબક્કામાં 93 લોકસભા બેઠક પર સરેરાશ 64.40 ટકા મતદાન થયું

**નોઈડા**

ત્રીજા તબક્કાની ચૂંટણીમાં 11 રાજ્યોની કુલ 93 લોકસભા બેઠકો પર 64.40 ટકા મતદાન થયું હતું. જેમાં આસામના 4, બિહારના 5, છત્તીસગઢના 7, ગોવાના 2, ગુજરાતના 25, કર્ણાટકના 14, મધ્યપ્રદેશના 9, મહારાષ્ટ્રના 11, ઉત્તર પ્રદેશના 10, પશ્ચિમ બંગાળના 4 અને દાદરા નગર હવેલી અને દમણનો સમાવેશ થાય છે. દીવમાં 2 બેઠકો પર મતદાન થયું હતું. આસામમાં 75.26, બિહારમાં 56.55, છત્તીસગઢમાં 66.99, ગોવામાં 74.27, ગુજરાતમાં 56.76, કર્ણાટકમાં 67.76, મધ્ય પ્રદેશમાં 63.09, 54.77, મહારાષ્ટ્રમાં 54.77, મહારાષ્ટ્રમાં 73.73. બંગાળ અને દાદરા નગર હવેલી અને દમણ અને દીવમાં 65.23 ટકા મતદાન નોંધાયું હતું. આ બેઠકો પર 1300થી વધુ ઉમેદવાર મેદાને હતા.

HONEST - DEDICATED - TEAMWORK
Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.
PINNACLE REAL ESTATE GROUP
CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Fully renovated from top to bottom detached bungalow in a most desired community. 4 bedrooms, 2 kitchens, 2 washrooms. Backsplit 4 with a garage. Modern sleek style kitchen with quartz countertop, Stainless steel appliances, Hardwood floors, Potlights, New Furnace, Heat Pump. Perfect for a small or large family, you can live upstairs or rent half of the house whatever your needs are.
Minutes walk to High School, Cedarbrae Mall, Plaza, Parks and many other amenities.




Location Location! This 3 Bedroom All Brick Bungalow Is Nestled On A Huge 50 X 140 Lot And Offers All The Comforts Of Home! Side Door Entrance To 2 Bedroom Suite With Laundry. Double Car Garage W/ Large Back Door Through To Backyard. Nicely Refreshed And Spotless Clean Throughout. New flooring, spotlights, new light fixtures on the main floor. This Property Is Move-In Ready And Available For Quick Possession! Great Location Near Schools, Parks, Shopping, U Of T, Cenntenial College & Hospital.




Must See Home With Legal Bsmt Apartment* 4000+Sqft Of Living Space Top 5 Reasons You Will Love This Home 1)All Brick Home On Premium Lot Offering Amazing Curb Appeal, 7 Car Park & Ample Space For Pool 2)Rarely Offered 5 Bed Home In Sought After Family Friendly Community With Short Distance To Highways 3) Many Tasteful Upgrades Of Which Some Are: 5Pc Ensuite W/ Soaker Tub, New Light Fixture, Hardwood & Wrought Iron, Upgraded Kitchen W/IslandExtras:4)Modern 2 Bedroom Legal Basement Apartment With Ensuite Laundry, Spacious Rooms And Luxury Finishes 5) Amazing Layout With Separate Family & Living Space, Freshly Painted Walls, Pot-Lights & Large Windows For bright light



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.
Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !
Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676
Grand Centurion Office
Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



## MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

**17 ROOM MOTEL - $1.8 Million**
Fully Renovated and Upgraded
Very profitable motel
Hwy 17, Sault Ste Marie

**21 ROOM MOTEL - $1.9 Million**
+ Restaurant on long lease
100% occupancy weekly & monthly
Hwy 11, Muskoka Area

**19 ROOM MOTEL- $2.5 Million**
Ideal for Owner Operator
Located in Niagara Falls

**35 ROOM MOTEL- $3.3 Million**
Highway 11, Northern Ontario

**30 ROOM MOTEL $2.4 Million**
Near Ottawa

**FRANCHISE HOTEL - $6.9 Million**
Near Kingston

**BURRITO FOR SALE**
Fat Bastard Burrito Mississuaga
Fat Bastard Burrito Kingston
Fat Bastard Burrito Belleville
Burrito Boyz Appleby, Burlington SOLD
Burrito Boyz Plains Rd, Burlington SOLD
Burrito Boyz Hamilton SOLD COND.

**URGENT LISTING REQUIRED FOR MOTELS AND HOTELS**

**Any Size, Any Price, Any Location**
I have Serious and Qualified Buyers Looking to Buy & Close in 1 to 2 months

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $100,000
% partnership + salary

**Motel Jobs Avaiable**
Housekeeping, General work, Front-desk
Location: 4 Hrs to 8 Hrs from Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100



# MOTHER'S DAY SPECIAL SALE FROM THIS WEEKEND

## FROM MAY 10, FRIDAY TO MAY 19 SUNDAY.

સેલનો સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦

KINTWEAR UK FASHIONWEAR

# U.K. SWEATER HOUSE

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ







ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૧૦ મે થી ૧૯ મે સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

**જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે**

- All new shipment of ladies cardigan in many colors and styles.
- This long weekend huge sale with great prices.
- Many other cardigan available in different prices.

Visit The Store This Weekend .

**CARDIGAN PRICES STARTS FROM 20 DOLLARS AND UP**

**સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો**

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE










**Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18, Brampton, Ontario (Torbram & Peter Robertson)**

FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.

**Tel: 905-789-8514**